અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ જાન્યુઆરી ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૧૧ | અંક : ૨૦૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# વક્ફ સુધારા બિલ પર JPCની બેઠકમાં ભારે હોબાળો

## જેપીસી રિપોર્ટ ૨૭ કે ૨૮ જાન્યુઆરીએ સબમિટ કરવામાં આવી શકે, ચર્ચા દરમિયાન વિપક્ષના સાંસદો બેઠક છોડીને ચાલ્યા ગયા હતા જે બાદ કાર્યવાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

વક્ફને લઈને બનાવવામાં આવેલી સંસદની સંયુક્તિ સમિતિ (JPC)ની બેઠક દરમિયાન શુક્રવારે ફરી એકવાર હોબાળો થયો. ચેયરપર્સન જગદંબિકા પાલે હોબાળાને લઈને ૧૦ વિપક્ષી સાંસદોને એક દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા. વિપક્ષી સાંસદ સવાલ ઉઠાવી રહ્યા હતા કે શું આટલી ઉતાવળમાં કમિટીની બેઠક શા માટે બોલાવવામાં આવી રહી છે. આ દરમિયાન વિપક્ષી સાંસદો અને સત્તા પક્ષથી જોડાયેલા સાંસદો વચ્ચે બોલાચાલી પણ થઈ. એટલું જ નહીં જેપીસી અધ્યક્ષ જગદંબિકા પાલે કહ્યું કે, વિપક્ષી સાંસદોએ તેમના વિરૂદ્ધ અસંસદીય શબ્દનો ઉપયોગ કર્યો અને અપશબ્દો પણ કહ્યાં.

જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલે કહ્યું કે, અમે સંસદને બે વખત સ્થગિત કરી. કલ્યાણ બેનર્જીએ મારા વિરૂદ્ધ અસંસદીય શબ્દોનો ઉપયોગ કર્યો અને મને અપશબ્દો કહ્યાં, હું તેમને અપીલ કરતો રહ્યો કે તે લોકોને બોલવા દે, જેમણે અમને આમંત્રિત કર્યા હતા. અમે સદનને વારંવાર સ્થગિત કરી, પરંતુ તેઓ ઈચ્છતા ન હતા કે બેઠક ચાલે. જમ્મુ કાશ્મીરથી એક પ્રતિનિધિમંડળ





આવ્યું હતું, પરંતુ તેઓ બૂમો પાડતા રહ્યા અને નારા લગાવતા રહ્યા એટલા માટે અંતે નિશિકાંત દુબેને પ્રસ્તાવ રજૂ કરવો પડ્યો અને તમામે આના પર સહમતિ દર્શાવી.

વક્ફને લઈને બોલાવવામાં આવેલી સંસદની સંયુક્ત સમિતિની બેઠક દરમિયાન સત્તા પક્ષથી જોડાયેલા સાંસદ અને વિપક્ષી સાંસદોમાં ઉગ્ર બોલાચાલી થઈ. વિપક્ષી સાંસદ સતત જગદંબિકા પાલ પર તૂટી પડ્યા હતા. વિપક્ષી સાંસદોનો આરોપ હતો કે ચેયરપર્સન જગદંબિકા પાલ વિપક્ષી સાંસદોની વાત સાંભળ્યા વગર પોતાની મરજીથી બેઠક બોલાવી રહ્યા છે. વક્ફ પર જેપીસીમાં વિપક્ષી દળોના સભ્યોના હોબાળા પાછળનું મુખ્ય કારણ સમિતિના સભ્યોની માંગ હતી કે રિપોર્ટને અપનાવવાની તારીખ બદલીને ૩૧ જાન્યુઆરી કરવામાં આવે. અગાઉ આ અંગે ચર્ચા માટે ૨૪મી અને ૨૫મી જાન્યુઆરીની તારીખ નક્કી કરવામાં આવી હતી. પરંતુ ગુરુવારે મોડી રાત્રે તારીખ બદલીને ૨૭ જાન્યુઆરી કરવામાં આવી હતી. વિપક્ષી સાંસદોની માંગ એવી હતી કે મીટીંગ ૨૭ જાન્યુઆરીના બદલે ૩૧ જાન્યુઆરી સુધી મુલતવી રાખવામાં આવે. આ હોબાળો જોઈને માર્શલ બોલાવવામાં આવ્યું. ત્યારબાદ જેપીસી પ્રમુખ જગદંબિકા પાલ દ્વારા વિપક્ષના અસદુદ્દીન ઓવૈસી અને કલ્યાણ બેનર્જી સહિત ૧૦ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વિપક્ષના સાંસદોનો આક્ષેપ છે કે, અમારી વાત નથી સાંભળવામાં આવતી. જો કે આ પહેલા પણ આ બેઠકમાં વિવાદો થયા છે. વક્ફ પર જેપીસીની આ બેઠક બે દિવસ સુધી ચાલશે. સૂત્રોના જણાવ્યા અનુસાર જેપીસી રિપોર્ટ ૨૭ કે ૨૮ જાન્યુઆરીએ સબમિટ કરવામાં આવી શકે છે.

ચર્ચા દરમિયાન વિપક્ષના સાંસદો બેઠક છોડીને ચાલ્યા ગયા હતા. જે બાદ અધ્યક્ષ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. TMC, DMK, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના નેતાઓને તેમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

બેઠકમાં હોબાળા બાદ તમામ ૧૦ વિપક્ષી સાંસદોને વક્ફ સુધારા બિલ ૨૦૨૪ પર સંયુક્ત સંસદીય સમિતિની બેઠકમાંથી એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સસ્પેન્ડ કરાયેલા વિપક્ષી સાંસદોમાં કલ્યાણ બેનર્જી, મોહમ્મદ જાવેદ, એ રાજા, અસદુદ્દીન ઓવૈસી, નાસિર હુસૈન, મોહિબુલ્લાહ, એમ અબ્દુલ્લા, અરવિંદ સાવંત, નદીમુલ હક, ઈમરાન મસૂદનો સમાવેશ થાય છે. વક્ફ સુધારા બિલ ૨૦૨૪ પર સંસદ સંકુલમાં યોજાયેલી જેપીસીની બેઠક પર કલ્યાણ બેનર્જીએ કહ્યું કે, બેઠકમાં અઘોષિત કટોકટી જેવું વાતાવરણ ચાલી રહ્યું છે.

### સીએમ દેવેન્દ્રએ તમામ શક્ય મદદની ખાતરી આપી

## ભંડારામાં ઓર્ડિનન્સ ફેક્ટરીમાં બ્લાસ્ટ, આઠ લોકોના મોત થયા

### આ સમયે ફેક્ટરીમાં ૧૪ કર્મચારીઓ કામ કરી રહ્યા હતા

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

શુક્રવારે (૨૪ જાન્યુઆરી) મહારાષ્ટ્રના ભંડારામાં એક ઓર્ડિનન્સ ફેક્ટરીમાં મોટો વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં ૮ લોકોના મોત થયા છે જ્યારે અન્ય ઘણા કર્મચારીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ વિસ્ફોટ ફેક્ટરીની આરકે શાખા વિભાગમાં થયો હતો. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ૮ લોકોના મોતની માહિતી આપી છે. ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટની તસવીરો પણ સામે આવી રહી છે, જેમાં જોઈ શકાય છે કે હથિયાર બનાવવા માટે વપરાતી ભારે સામગ્રીના ટુકડા ચારેબાજુ પથરાયેલા છે. એમ્બ્યુલન્સ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ



હતી અને ઘાયલોને મદદ કરી હતી. વિસ્ફોટનો અવાજ એટલો જોરદાર હતો કે વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો અને લોકો આમ-તેમ ભાગવા લાગ્યા હતા. સ્થળ પર ભારે ભીડ એકઠી થઈ ગઈ છે. ભંડારા જિલ્લામાં એક ઓર્ડનન્સ ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં છત તૂટી પડતાં ૧૩થી ૧૪ કર્મચારીઓ ફસાયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. તેમાંથી પાંચને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક ઘટનાસ્થળે છે અને તમામ પ્રકારની મદદ પૂરી પાડવામાં આવી રહી છે. એસડીઆરએફ અને નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમોને પણ બચાવ કાર્ય માટે બોલાવવામાં આવી છે અને ટૂંક સમયમાં પહોંચી જશે. જિલ્લા વહીવટીતંત્ર સંરક્ષણ દળો સાથે સંકલન કરીને બચાવ કામગીરીમાં સામેલ છે. તબીબી સહાય માટે ટીમો પણ તૈયાર રાખવામાં આવી હતી. સીએમ ફડણવીસે કહ્યું કે અત્યાર સુધી મળેલી પ્રાથમિક માહિતી મુજબ દુર્ભાગ્યવશ આ ઘટનામાં એક મજૂરનું મોત થયું છે. હું તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તે માટે હું ભગવાનને પ્રાર્થના કરું છું.

## ન્યૂઝ બ્રિફ

### સત્તા લોકો પાસે છે સરકાર પાસે નહીં : ફારૂક અબ્દુલ્લા

। (એજન્સી) જમ્મુ, તા.૨૪ ।

જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સ (JKNC)ના વડા ફારૂક અબ્દુલ્લાએ ગુરુવારે માતા શેરા વાલીને સમર્પિત ભજન ગાઈને લોકોને ચોંકાવી દીધા હતા. તેમના ભજનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અબ્દુલ્લાએ કટરામાં રોપ-વેના નિર્માણના મુદ્દા પર પણ વાત કરી અને કહ્યું કે માતા વૈષ્ણોદેવી મંદિરના સંચાલન માટે જવાબદાર લોકોએ આવા કામ કરવાનું ટાળવું જોઈએ જેનાથી લોકોને મુશ્કેલી થાય. કટરાના એક આશ્રમમાં ભજન કાર્યક્રમમાં ગાયક અને બાળકો સાથે જોડાતા અબ્દુલ્લાએ ગાયું, તુને મુજે બુલાયા શેરાવલિયે, મૈ આયા મૈ આયા શેરાવલિયે. ફારુકના આ ભજનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

### મોકામા ગેંગવોર : બાહુબલી અનંત સિંહે કર્યું આત્મસમર્પણ

। (એજન્સી) પટણા, તા.૨૪ ।

બિહારના બાહુબલી અને પૂર્વ ધારાસભ્ય અનંત સિંહે મોકામા ગેંગ વોર સાથે જોડાયેલા કેસમાં આત્મસમર્પણ કર્યું છે. શુક્રવારે (૨૪મી જાન્યુઆરી) બપોરે અનંત સિંહ આત્મસમર્પણ કરવા માટે બાઢ કોર્ટ પહોંચ્યા હતો અને કોર્ટે તેને ન્યાયિક કસ્ટડીમાં લઈને પટનાની બેઉર જેલમાં મોકલી દીધો હતો. આ કેસમાં પોલીસે સોનુ સિંહ સહિત બે લોકોની ધરપકડ કરાઈ છે. પંચમહલા પોલીસ સ્ટેશન વિસ્તારના નૌરંગા-જલાલપુર ગામના રહેવાસી સોનુ-મોનુની માતા દ્વારા અનંત સિંહ વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી હતી.અહેવાલો અનસાર, ૨૨મી જાન્યુઆરીએ બિહારના મોકામામાં અનંત સિંહ અને સોનુ-મોનુ ગેંગ વચ્ચે ૭૦ થી ૮૦ રાઉન્ડ ગોળીબાર થયો હતો.

### લેકેન રિલે બિલ હેઠળ નવા ૧.૧૦ લાખ ડિટેન્શન બેડ ઊભા કરાશે

## USમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ બિલ મંજૂર લાખો ભારતીયોને પાછા ફરવું પડશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

અમેરિકામાં ચોરી અને હિંસક ગુનામાં સંડોવાયેલા અને ગેરકાયદે રહેતા લોકો સામે ટૂંકસમયમાં તવાઈ આવશે. સંસદે આવા લોકોની અટકાયત અને દેશનિકાલ કરવા માટેના એક કઠોર ઈમિગ્રેશન ડિટેન્શન બિલને મંજૂરી આપી છે. બીજી ટર્મમાં પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર થનારો તે પ્રથમ કાયદો બનશે. આ કાયદાને કારણે અમેરિકામાં ગેરકાયદેસરરીતે રહેતા લાખો ભારતીયોને અસર થશે. આ કાયદા હેઠળ ફેડરલ સત્તાવાળાએ સ્ટોરમાંથી ઉઠાંતરી જેવા સામાન્ય ગુનાનો આરોપ ધરાવતા ઈમિગ્રેન્ટની પણ ધરપકડ કરીને અટકાયતમાં



રાખવા પડશે. આ ઉપરાંત પોલીસ ઓફિસર પર હુમલાના આરોપી કે ઘાયલ કરવા કે હત્યા કરવા જેવા ગુનામાં સંડોવાયેલા લોકોની ધરપકડ થશે અને દેશનિકાલ કરાશે. અમેરિકાના પ્રતિનિધિગૃહમાં આ બિલને ૨૬૩ વિરુદ્ધ ૧૫૬ મતોથી બહાલી મળી હતી. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી ઉપરાંત ૪૬ ડેમોક્રેટિક સાંસદોએ પણ તેને સમર્થન આપ્યું હતું. જ્યોર્જિયાના ૨૨ વર્ષીય નર્સિંગ વિદ્યાર્થી પરથી આ બિલને લેકેન રિલે એક્ટ નામ આપવાનું આવ્યું છે. આ વિદ્યાર્થીની ગયા વર્ષે વેનેઝુએલાના એક વ્યક્તિએ ઘાતકી હત્યા કરી હતી. આ સપ્તાહની શરૂઆતમાં સેનેટે તેને ૬૪-૩૫ મતથી મંજૂરી આપી હતી, જેમાં પણ ૧૨ ડેમોક્રેટે તેની તરફેણમાં મતદાન કર્યું હતું. સંસદના બંને ગૃહોમાં બહુમતી મળ્યા પછી ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ આ બિલને ટોચની પ્રાથમિકતા બનાવી હતી. લેકેન રિલે એક્ટને સંસદની મંજૂરી દર્શાવે છે કે ટ્રમ્પના વિજય પછી ઈમિગ્રેશન પરની રાજકીય ચર્ચા ઝડપથી જમણેરી વિચારધારા તરફ વળી રહી છે.

### નકલી સોફ્ટવેર અપલોડ કરી સરકારના કરોડો રૂપિયા કર્યા ચાઉં

। નવી દિલ્હી, તા.૨૪ ।

દેશભરમાં ૨૦૦ થી વધારે ટોલ પ્લાઝા પર સોફ્ટવેર દ્વારા કરોડો રૂપિયાના કૌભાંડનો ઘટસ્ફોટ થયો છે. આ કૌભાંડ આચરનારા ત્રણ લોકોની STF ના વારાણસી અને લખનૌ યુનિટે ધરપકડ કરી છે. મિર્ઝાપુરના લાલગંજ સ્થિત અતરૈલા ટોલ પ્લાઝા પર દરોડા પાડી આ આરોપી ઓને ઝડપી પાડ્યા હતાં. આરોપીએ ગુજરાત સહિત અનેક રાજ્યોમાં આ પ્રકારનું કૌભાંડ આચરી NHAI ને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું છે.

### સબસિડી પર કાપ મુકવમાં આવી શકે છે

## બજેટમાં ટેક્સ સ્લેબમાં મોટા ફેરફારની સંભાવના

**દેશના આર્થિક વિકાસ દરમાં મંદી અને માંગ અને વપરાશમાં ઘટાડા વચ્ચે, ઉદ્યોગ તેમજ મધ્યમ વર્ગને આ બજેટથી ઘણી અપેક્ષાઓ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પહેલું પૂર્ણ બજેટ રજૂ કરશે. દેશના આર્થિક વિકાસ દરમાં મંદી અને માંગ અને વપરાશમાં ઘટાડા વચ્ચે, ઉદ્યોગ તેમજ મધ્યમ વર્ગને આ બજેટથી ઘણી અપેક્ષાઓ છે. આવી સ્થિતિમાં સ્મોલકેસ મેનેજરો માને છે કે આ બજેટમાં કર સુધારાઓ તરફ મોટી જાહેરાતો કર ફેરફારોની સાથે પ્રોત્સાહનો દ્વારા કરવામાં આવી શકે છે. તેઓ એવું પણ માને છે કે આગામી નાણાકીય વર્ષમાં સરકાર બજારમાંથી વધુ ઉધાર લઈ શકે છે. સ્મોલકેસ મેનેજર્સ બજેટ ૨૦૨૫-૨૬ સર્વે રિપોર્ટ બહાર પાડ્યો છે, જે સમજાવે છે કે સામાન્ય બજેટમાંથી શું અપેક્ષા રાખી શકાય. ૧૦૦ મેનેજરોના બનેલા સ્મોલકેસ પ્લેટફોર્મના સર્વે મુજબ, આ બજેટમાં કર સુધારા તરફ કર ફેરફારો અને પ્રોત્સાહનો દ્વારા મોટી જાહેરાતો થઈ શકે છે. સ્મોલકેસ મેનેજરોનું માનવું છે કે આ બજેટમાં વ્યક્તિગત આવકવેરાના માળખામાં ફેરફાર અને મુક્તિ મર્યાદામાં વધારો સાથે ટેક્સ સ્લેબમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે.

## સોનાનો ભાવ આસમાને : અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટીએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

આજે સોનાના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ ત્રણ મહિનાની ટોચ પર પહોંચી ગયા છે, જેના કારણે ભારતીય બજારમાં પણ સોનાની કિંમત અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે. રાષ્ટ્રીય રાજધાનીમાં સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૮૨,૯૦૦ ની નવી વિક્રમી સપાટીએ પહોંચ્યું છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ૫ ફેબ્રુઆરીની એક્સપાયરી માટે સોનાની ફ્યુચર્સ કિંમત આજે સવારે ૧૦:૦૫ વાગ્યે ૦.૪૧ ટકાના વધારા સાથે ૭૯,૯૪૯ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગઈ છે. સોનાના ભાવમાં આ વધારા માટે ઘણા પરિબળો જવાબદાર છે, જેમાં મુખ્યત્વે નીચેનાનો સમાવેશ થાય છેઃ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન નીતિની અનિશ્ચિતતાઃ ટ્રમ્પની નીતિઓને લઈને બજારમાં ચિંતાનું વાતાવરણ છે, જેના કારણે રોકાણકારો સોનામાં રોકાણ કરવાનું પસંદ કરી રહ્યા છે. સારી સ્પોટ ડિમાન્ડઃ બજારમાં સોનાની માંગમાં વધારો થયો છે. નબળો રૂપિયોઃ ડોલર સામે રૂપિયાનું મૂલ્ય ઘટ્યું છે, જેના કારણે સોનાની આયાત મોંઘી થઈ છે.

## અમૂલ દૂધના જુદી જુદી ત્રણ પ્રોડક્ટસના ભાવમાં ઘટાડો

। (એજન્સી) આણંદ, તા.૨૪ ।

નવા વર્ષની શરૂઆતમાં અમુલે ગુજરાતની પ્રજાને આનંદના સમાચાર આપ્યા હતા. અમૂલ દૂધના જુદી જુદી ત્રણ પ્રોડક્ટસના ભાવમાં ઘટાડો થયો છે. અમુલ દૂધના ૧ લીટરના પાઉચના ભાવમાં એક રૂપિયાનો ઘટાડો થયો છે. અમુલ ગોલ્ડ, તાજા અને ટી સ્પેશિયલના એક લીટર પાઉચના ભાવમાં ઘટાડો કરાયો છે. ત્યારે અમૂલે કઈ પ્રોડક્ટમાં કેટલા રૂપિયા ઓછા કર્યા અને હેવથી કેટલા રૂપિયા ઓછા ચૂકવવા પડશે તે જાણી લો. અમુલ ગોલ્ડ ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૬૬ રૂપિયા, અમુલ ગોલ્ડ ૧ લીટર પાઉચનો નવો ભાવ ૬૫ રૂપિયા. અમુલ ટી સ્પેશિયલ ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૬૨ રૂપિયા, અમુલ ટી સ્પેશિયલ ૧ લીટર પાઉચનો નવો ભાવ ૬૧ રૂપિયા. અમુલ તાજા ૧ લીટર પાઉચનો જૂનો ભાવ ૫૪ રૂપિયા, અમુલ તાજા ૧ લીટર પાઉચનો નવો ભાવ ૫૩ રૂપિયા. અમુલ દ્વારા છેલ્લા કેટલાક સમયથી દૂધના ભાવમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. ત્યારે દૂધના ભાવ વધારા બાદ પ્રથમ વાર ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે. નવા વર્ષની શરૂઆતમાં નાગરિકોને મોંઘવારી સામે રાહત આપતા સમાચાર છે.

### ભારતીય દંપતીને નેવાર્ક એરપોર્ટથી જ પાછું મોકલાયું

## ઈમિગ્રેશન નિયમોમાં થયેલા ફેરફારો વચ્ચે ભારતીય સમુદાય પણ ચિંતિત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના મુદ્દે ખૂબ જ કડક છે અને તેના કારણે ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં હલચલ વધી છે. ઈમિગ્રેશન નિયમોમાં થયેલા ફેરફારો વચ્ચે અમેરિકામાં રહેતો ભારતીય સમુદાય પણ ચિંતિત છે. એવામાં હવે અમેરિકાના એક એરપોર્ટ પરથી ભારતીયોને પ્રવેશ નકારવામાં આવ્યો હોવાના સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, અમેરિકામાં રહેતા એક વ્યક્તિના ભારતીય માતા-પિતા પાસે રિટર્ન ટિકિટ ન હોવાથી પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. એક મીડિયા રિપોર્ટ અનુસાર અમેરિકામાં પોતાના બાળકોને મળવા ગયેલા ભારતીય માતા-પિતાને નેવાર્ક એરપોર્ટ પર એન્ટ્રી આપવામાં આવી ન હતી. આ કપલ પાસે B-1/B-2 વિઝિટર હતુ અને તેના આધારે તેઓએ પાંચ મહિના અમેરિકામાં રહેવાની યોજના બનાવી હતી. જો કે, એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને કહ્યું કે નવા નિયમો હેઠળ હવે અહીં રહેવા માટે તેમની રિટર્ન ટિકિટ બતાવવી ફરજિયાત છે.

### ડિવોર્સ સુધી પહોંચી વાત

## લગ્નના ૨૦ વર્ષ પછી અલગ થશે વીરેન્દ્ર સહેવાગ અને આરતી

। (એજન્સી) મુંબઈ, તા. ૨૪ ।

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ દિગ્ગજ ખેલાડી વીરેન્દ્ર સેહવાગ સાથે સંબંધિત એક ખૂબ જ ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. એવા અહેવાલો છે કે વીરેન્દ્ર સેહવાગ ૨૦ વર્ષના લગ્નજીવન પછી તેની પત્ની આરતી અહલાવતથી અલગ થઈ રહ્યા છે. ૨૦૦૪થી લગ્નમાં બંધાયેલા સેહવાગ અને આરતીએ એકબીજાને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી દીધા છે. આવી સ્થિતિમાં, તેમના સંબંધોમાં તિરાડ પડવાના સમાચાર સામે આવી રહ્યા છે. પરિવારના નજીકના સૂત્રોનું કહેવું છે કે બંને ઘણા મહિનાઓથી અલગ રહી રહ્યા છે અને છૂટાછેડાની શક્યતા છે. પોતાની ધમાકેદાર બેટિંગ માટે પ્રખ્યાત વીરેન્દ્ર સેહવાગે વર્ષ ૨૦૦૪ માં લગ્ન કર્યા. તેમને બે બાળકો છે. આર્યવીર સેહવાગનો જન્મ ૨૦૦૭ માં થયો હતો અને વેદાંત સેહવાગનો જન્મ ૨૦૧૦ માં થયો હતો. આ બંને બાળકો હવે ટીનેજર છે, પરંતુ તેમના માતાપિતાના અલગ થવાના અહેવાલો છે. જો તમે ઈન્સ્ટાગ્રામ પર વીરેન્દ્ર સેહવાગને ફોલો કરો છો, તો તમે જોયું જ હશે કે વીરેન્દ્ર સેહવાગે દિવાળી ૨૦૨૪ પર પોતાના પરિવારનો છેલ્લો ફોટો પોસ્ટ કર્યો હતો.

### ડેસ્ટિનેશન કેબિનેટ મીટિંગમાં એક મોટો નિર્ણય

## મધ્યપ્રદેશમાં દારૂબંધી, રાજ્યના ૧૭ શહેરોમાં હવે નહીં મળે દારૂ

। (એજન્સી) ભોપાલ, તા.૨૪ ।

મધ્યપ્રદેશ સરકારની 'ડેસ્ટિનેશન કેબિનેટ મીટિંગ'માં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો. દેવી અહિલ્યા બાઈની ૩૦૦મી જન્મજયંતિ નિમિત્તે ખરગોનના મહેશ્વરમાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં દારૂબંધીનો આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંતર્ગત હવે રાજ્યના ૧૭ શહેરોમાં દારૂ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ બધા ૧૭ ધાર્મિક નગરો છે, જ્યાં હવે દારૂ વેચાશે નહીં. આ સ્થળોએ દારૂનું વેચાણ અને ખરીદી સંપૂર્ણપણે ગેરકાયદેસર રહેશે અને આવું કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. ૧ એપ્રિલથી આ સ્થળોએ દારૂ પર સંપૂર્ણ પ્રતિબંધ લાગુ કરવામાં આવશે. એટલું જ નહીં, મધ્યપ્રદેશ હવે ધીમે ધીમે દારૂબંધી તરફ આગળ વધશે. મંત્રીમંડળની બેઠક પહેલા, મુખ્યમંત્રી મોહન યાદવે તેમના મંત્રીમંડળના સાથીદારો સાથે નર્મદા નદીના કિનારે પૂજા કરી અને રાજ્યની પ્રગતિ માટે પ્રાર્થના કરી. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી મોહન યાદવે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર વારસાને દરેક સુધી પહોંચાડવા માટે પ્રયાસો કરી રહી છે.

## એન્જિયોપ્લાસ્ટી બાદ ૭૨ વર્ષીય દર્દીનું મોત, પરિજનોનો ગંભીર આક્ષેપ

। (એજન્સી) મહેસાણા, તા.૨૪ ।

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના બોરીસણા ગામમાં ખ્યાતિ હોસ્પિટલ દ્વારા મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. બાદમાં ૧૯ લોકોને અમદાવાદ ખાતે ખ્યાતિ હોસ્પિટલમાં લાવી એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરવામાં હતી. તે સમયે પણ ત્રણ લોકોના મોત નિપજ્યા હતાં. ત્યારબાદ હવે વધુ એક ૭૨ વર્ષીય દર્દીનું મોત નિપજ્યું છે. પરિવારજનોનો આક્ષેપ છે કે, ખ્યાતિ હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી કરાવ્યા બાદથી સતત તેમની તબિયત લથડી રહી હતી. એન્જિયોપ્લાસ્ટી બાદથી તેઓને બીપી અને શ્વાસની સમસ્યાઓમાં વધારો થયો હતો. બાદમાં તેઓને કડીની હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. હાલ પરિવારજનોએ ખ્યાતિ હોસ્પિટલ સામે રોષ વ્યક્ત કરી ન્યાયની માંગ કરી છે. મૃતક કાંતિ પટેલના પૌત્ર અરૂણ પટેલનું કહેવું છે કે, 'કેમ્પ બાદ ખ્યાતિ હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી કરાવવામાં આવી હતી, ત્યાર બાદથી તેમની તબિયત ખરાબ હતી. આ મુદ્દે અમે પહેલાંથી જ ખ્યાતિ હોસ્પિટલ પર કેસ કરી ચુક્યા છે. હવે આ મામલે અમે દાદાની મોત બાદ ન્યાયની માંગ કરી રહ્યા છીએ.' કડીમાં બોરીસણા ગામે ખ્યાતિ હોસ્પિટલ દ્વારા ફ્રી કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાંથી ૧૯ દર્દીને ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે બોલાવાયા હતા. અહીં તમામ દર્દીઓની તેમને પૂછ્યા વિના જ એન્જિયોપ્લાસ્ટી કરીને સ્ટેન્ટ મૂકી દેવાયા હતા. સ્ટેન્ટ મૂક્યા બાદ ૭૦ વર્ષના સેનમ નાગરભાઈ મોતીભાઈ અને ૫૦ વર્ષના બારોટ મહેશભાઈ ગિરધરભાઈ નામના દર્દીનું મોત નિપજ્યુ હતું. જેના કારણે પરિવારજનોએ હોબાળો કરતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

### સપ્ટેમ્બર-૨૦૨૧માં વહેલી સવારે યુવકને લૂંટી આરોપી પલાયન થઇ ગયો હતો

# કાલુપુરમાં યુવકને જાહેરમાં ચાકુની અણીએ લૂંટનારા આરોપીને સાત વર્ષની કેદ

### આરોપીએ પીડીતને ધમકી આપી ખિસ્સામાંથી ૨૦૪૦૦ લૂંટી લીધા હતા અને બાઇક લઇ ફ્રૂટ માર્કેટ તરફ ભાગી ગયો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

કાલુપુર વિસ્તારમાંથી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ વહેલી સવારે યુવકને જાહેરમાં ચાકુની અણીએ લૂંટી આરોપી પલાયન થઈ ગયો હતો. પોલીસે આરોપીને શોધી તેની સામે ચાર્જશીટ કરતા કેસ ચાલવા પર આવ્યો હતો. જેમાં એડિશનલ સેશન્સ જજ બી.કે. અવાશિયાએ આરોપીને સાત વર્ષ કેદની સજા ફટકારી છે. કોર્ટે નોંધ્યું હતું કે, ગંભીર પ્રકારનો ગુનો છે, આખોય કેસ નિઃશંકપણે પુરવાર થાય છે, આરોપી ગુનો કરવાની ટેવ ધરાવે છે ત્યારે આરોપી સામે દયા ન દાખવી શકાય. અસારવા વિસ્તારના નાગજીભાઈ રૂપસિંહ પટેલ ૨ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ સવારે ૭ વાગ્યે તેમના કાકાના દીકરા ડુંગર પટેલ સાથે નરોડા રહેતા સગા હીરાલાલ પટેલને મળવા નીકળ્યા હતા. તેઓ ચાલતા ચાલતા કાલુપુર રિક્ષા સ્ટેન્ડ તરફ જઈ રહ્યાં હતા ત્યારે એક બાઈક ચાલક આવ્યો હતો અને તેમને ઊભા રહેવા કહ્યું હતું. જેથી નાગજીભાઈ અને ડુંગર ઊભા રહ્યા હતા. ત્યારે ચાલકે પૃચ્છા કરી હતી કે, તમે ક્યાંથી આવો છો અને ક્યાં જાવ છો તેમ કહી ધમકાવવા લાગ્યો હતો. બન્નેએ બસ સ્ટેન્ડ પર જઈએ છીએ તેમ જણાવ્યું હતું. ત્યારે બાઈક ચાલકે તમારી પાસે જેટલા રૂપિયા હોય તેટલા આપી દોવ તેમ કહી ધમકી આપી હતી. બન્નેએ રૂપિયા આપવાનો ઈનકાર કર્યો હતો જેથી યુવકે ઝપાઝપી શરૂ કરી ચાકુ કાઢ્યું હતું અને ધમકી આપી ખિસ્સામાંથી ૨૦૪૦૦ લૂંટી લીધા હતા અને બાઈક લઈ ફ્રૂટ માર્કેટ તરફ ભાગી ગયો હતો. આ મામલે પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી અને આરોપી સાબીર ઉર્ફે માંજરો બાબુભાઈ પટેલને ઝડપી લઈ તેની સામે કોર્ટમાં ચાર્જશીટ કરતા કેસ ચાલવા પર આવ્યો હતો.

### મહાકુંભમાં જવા માગતા શ્રદ્ધાળુઓ માટે જાહેરાત

# ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ ઉપાડવાનો નિર્ણય

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાતમાંથી પ્રયાગરાજ મહાકુંભમાં જવા માગતા શ્રદ્ધાળુઓ માટે અગત્યની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકારે દરરોજ ગુજરાતથી પ્રયાગરાજમાં ચાલતા મહાકુંભ માટે એસી વોલ્વો બસનું સંચાલન કરવા અનોખી પહેલ કરી છે. હિન્દુ સનાતન ધર્મમાં મહાકુંભનું વિશેષ મહત્વ છે, જે ૧૪૪ વર્ષમાં માત્ર એકવાર આવે છે.

આ અવસર પર શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા છે, જે ગુજરાતવાસીઓ માટે રાજ્ય સરકારની શ્રદ્ધા અને સમર્પણ દર્શાવે છે. પ્રયાગરાજ ખાતે જઈને ગુજરાતના શ્રધ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા અને વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સંયુકત રીતે એક સકારાત્મક નિર્ણય લીધો છે.

જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ ઉપાડવાનો નિર્ણય લઈ શ્રધ્ધાળુને રાત્રિ રોકાણ અને બસ મુસાફરી સાથેનું ઈકોનોમી પેકેજ તૈયાર કરવામાં આવ્યુ છે. આગામી ૨૭મી જાન્યુઆરી – ૨૦૨૫થી સોમવારથી આ સેવા શરુ કરવામાં આવશે. પ્રથમ દિવસે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કીટ ખાતેથી યાત્રાને પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે. માત્ર રૂ.૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ/૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રધ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યુ છે.

આ પેકેજમાં તમામ ૩ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે. પ્રયાગરાજ પેકેજનું ઓનલાઈન બુકિંગ તાઃ ૨૫/૦૧/૨૦૨૫ થી એસ.ટી નિગમની વેબસાઈટ www.gsrtc.in મારફતે કરી શકાશે.

### અમરેલી પંથકમાં દીપડાનો આતંક

# બે ડઝનથી વધુ પશુઓનો કર્યો શિકાર, સ્થાનિકોમાં ફફડાટ

। (એજન્સી) અમરેલી, તા.૨૪ ।

ગુજરાતમાં છેલ્લાં ઘણાં સમયથી વિવિધ જગ્યાએથી દીપડાના આતંકના સમાચાર સામે આવી રહ્યા છે. ત્યારે આવો જ એક કિસ્સો ગુજરાતના અમરેલી જિલ્લામાંથી પણ સામે આવ્યો છે. જ્યાં દીપડાના આતંકના કારણે માલધારીનું પશુધન લૂંટાઈ ગયું હતું. દીપડાએ માલધારી સમાજની ઝોકમાં હુમલો કર્યો હતો અને આશરે બે ડઝનથી વધારે પશુઓનો શિકાર કર્યો હતો. દીપડાના આતંકથી હાલ લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

અમરેલીના લીલીયા પંથકમાં પૂંજાપાદર ગામે દીપડાનો આતંક જોવા મળ્યો હતો. જ્યાં ગામના માલધારી સમાજના ઝોકમાં ઘુસી આવ્યો હતો. આ હિંસક દીપડાએ પોતાનો આતંક મચાવતા આશરે ૨ ડઝનથી વધુ પશુધનનું મારણ કર્યું હતું.

મળતી માહિતી મુજબ, દીપડાએ ગોવિંદ રાતડીયા નામના માલધારીના ઘેટાં-બકરાંની ઝોકમાં આતંક મચાવ્યો હતો. દીપડાએ ૧૬ થી વધુ ઘેટાં-બકરાંનો શિકાર કરી મોતને ઘાટ ઉતાર્યા હતાં અને અંદાજે ૮ થી ૧૦ જેટલાં ઘેટાં-બકરાંને ગંભીર ઈજા પહોંચાડી હતી. હિંસક દીપડાના હુમલાથી માલધારીઓમાં દુઃખ અને ભયનો માહોલ ફેલાયો છે. હાલ વન વિભાગ દ્વારા સમગ્ર ઘટના વિશે માહિતી મેળવી દીપડાની તપાસ હાથ ધરવામાં આવી છે. આ સિવાય પૂંજાપાદર ગામના સરપંચે પણ દીપડાને વહેલામાં વહેલી તકે પાંજરે પૂરવાની માંગ કરી છે.

### ધ્વજ વંદનમાં રાજ્યપાલ અને મુખ્યમંત્રી રહેશે ઉપસ્થિત

# ૨૬મી જાન્યુઆરીએ રાજ્યકક્ષાની ઉજવણી તાપી ખાતે યોજવામાં આવશે

### રાજ્યકક્ષાના મંત્રીઓ અને કલેક્ટરોના અધ્યક્ષ સ્થાને વિવિધ જિલ્લામાં ધ્વજ વંદન સમારોહ યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

દિલ્હી સહિત દેશભરમાં ૭૬માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરાશે, ત્યારે ગુજરાતમાં આગામી ૨૬મી જાન્યુઆરીએ રાજ્યકક્ષાની ઉજવણી તાપી ખાતે યોજવામાં આવશે. આ પ્રસંગે રાજ્યપાલના હસ્તે અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ધ્વજ વંદન સમારોહ કરવામાં આવશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, રાજ્યકક્ષાના મંત્રીઓ અને કલેક્ટરોના અધ્યક્ષ સ્થાને વિવિધ જિલ્લામાં ધ્વજ વંદન સમારોહ યોજાશે. રાજ્યના વિવિધ જિલ્લામાં મંત્રીઓ આગામી ૨૬મી જાન્યુઆરીએ ધ્વજ વંદન કરશે. જેમાં કેબિનેટ મંત્રીઓમાં વલસાડમાં કનુભાઈ દેસાઈ, બનાસકાંઠામાં ઋષિકેશ પટેલ, રાજકોટમાં રાઘવજીભાઈ પટેલ, મહેસાણામાં બળવંતસિંહ રાજપૂત, બોટાદમાં કુંવરજીભાઈ બાવળિયા, જામનગરમાં મુળુભાઈ બેરા, ભાવનગરમાં ડૉ. કુબેરભાઈ ડીંડોર અને અમદાવાદમાં ભાનુબેન બાબરિયા ધ્વજ વંદન કરશે.

જ્યારે રાજ્ય કક્ષાના મંત્રીઓમાં ગાંધીનગરમાં હર્ષ સંઘવી, ખેડામાં જગદીશ વિશ્વકર્મા, ગીર સોમનાથમાં પરશોત્તમભાઈ સોલંકી, દાહોદમાં બચુભાઈ ખાબડ, નવસારીમાં મુકેશભાઈ પટેલ, સુરતમાં પ્રફુલ પાનશેરીયા, છોટા ઉદેપુરમાં ભીખુસિંહજી પરમાર અને ભરૂચમાં કુંવરજીભાઈ હળપતિ ધ્વજ વંદન કરશે.આ ઉપરાંત સુરેન્દ્રનગર, આણંદ, પોરબંદર, અમરેલી, જૂનાગઢ, કચ્છ, વડોદરા, નર્મદા, મહીસાગર, ડાંગ, પાટણ, દેવભૂમિ દ્વારકા, અરવલ્લી અને મોરબી ખાતે સંબંધિત જિલ્લાના કલેક્ટરોના હસ્તે ધ્વજ વંદન સમારોહ યોજાશે. દિલ્હી ખાતે ૭૬માં પ્રજાસત્તાક દિવસ પરેડ સહિત વિવિધ રાજ્યો દ્વારા અલગ-અલગ થીમ આધારિત ટેબ્લોની પ્રસ્તૃતિ કરવામાં આવે છે. જેમાં ૨૧ જાન્યુઆરીએ દિલ્હી ખાતે ટેબ્લોમાં રજૂ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમોની યોજાયેલી સ્પર્ધામાં ગુજરાતના સાંસ્કૃતિક ટેબ્લોને ત્રીજો નંબર મળ્યો હતો.

## અમદાવાદના ચાંદખેડામાં વધુ એક ચેઇન સ્નેચિંગની ઘટના ઘટી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

રાજ્ય સહિત અમદાવાદમાં સતત ક્રાઈમ રેટનો ગ્રાફ ઉંચો જતો જોવા મળી રહ્યો છે. ચોરી, લૂંટ, હત્યા અને ચેઈન સ્નેચિંગ સહિતના ગુનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે સવારે ન્યૂ ચાંદખેડા વિસ્તારમાં એક્ટિવા પર આવેલા બે શખ્સોએ રાહદારીના ગળામાંથી સોનાની ચેન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ રાહદારીની સતર્કતાના લીધે બંને યુવકો ચેઈન ખેંચવામાં નિષ્ફળ રહ્યા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી સામે આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર આજે વહેલી સવારે ન્યૂ ચાંદખેડાના આસ્થા ફ્લેટ રોડ પર ચેઈન સ્નેચિંગની ઘટના બની હતી. એલ.આઈ.સી. ઓફિસર મનોજભાઈ સોલંકી આજે (ગુરૂવારે) વહેલી સવારે મોર્નિંગ વૉક કરીને ઘરે પરત ફરી રહ્યા હતા.

## મજૂરી કામ કરતા ગુજરાતી યુવકને મળી ૧.૯૬ કરોડની GST નોટિસ

। (એજન્સી) પાટણ, તા.૨૪ ।

પાટણમાં સામાન્ય વર્ગના યુવકને GST વિભાગની કરોડો રૂપિયાનો ટેક્સ ભરવાની નોટિસ મળતા યુવકના પરિવારજનો નાં પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે પાટણના સમી તાલુકામા આવેલ દુદખા ગામનો વતની અને અમદાવાદની ચાણક્યપુરી સોસાયટીમાં ભાડે રહેતા સુનીલ સથવારા (દલવાડી) નામના સામાન્ય પરિવારના યુવકને બેંગલુરુ GST વિભાગની રૂપિયા ૧.૯૬ કરોડના ટેક્ષ ભરવાની નોટીસ મળી છે. યુવાન પાટણ જિલ્લાના સમી તાલુકાના દૂધખા ગામનો વતની છે. જે હાલમાં અમદાવાદની ચાણક્યપુરી સોસાયટીમાં રહે છે. યુવાન મિસ્ત્રી કામ કરી પોતાનો ઘરનો ગુજરાત ચલાવે છે. મહિને ૧૬ થી ૧૭ હજાર રૂપિયા કમાઈ પોતાના પરિવારનો જતન કરે છે, જ્યારે આ યુવાનને એકાએક બેંગલોરથી એક જીએસટી વિભાગની નોટિસ મળે છે, જે ૫,૧૦ કે ૨૫ હજાર નહીં પરંતુ ૧.૯૬ કરોડની જીએસટીની નોટિસ મળે...આટલી મોટી રકમની નોટિસ જોતા જ યુવાનના પગ નીચેથી જમીન ખસી જાય છે.

હવે શું કરું શું ના કરું તેવી પરિસ્થિતિ સુનિલની હતી. આખરે સુનિલ એક વકીલ પાસે જાય છે, જ્યાં એ નોટિસ એ વકીલને બતાવે છે જ્યારે વકીલ દ્વારા કે જીએસટી નંબર ઓનલાઈન તપાસ કરતા ચોંકાવનારી વાત સામે આવે છે. જેમાં સુનિલ સથવારાને મળેલી નોટિસ ફક્ત એક જ કંપનીની જીએસટીની હતી, જ્યારે આ સુનિલના નામે એક નહીં બે નહીં પણ ૧૧ જેટલી કંપનીઓ ચાલે છે. જે દેશના અલગ અલગ રાજ્યોમાં છે. જેમાં ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ઉત્તર પ્રદેશના અલીગઢમાં, અરુણાચલ પ્રદેશના અંજાવ હવાઈમાં, અરુણાચલ પ્રદેશના પાપુમમાં, મણીપુર, ત્રિપુરા મહારાષ્ટ્રના નાગપુર, કર્ણાટકા, તમિલનાડુ અને અંડમાર અને નિકોબાર જેવી જગ્યાએ આ યુવાનના નામની કંપનીઓ ચાલતી હોવાનું સામે આવ્યું છે.

## જુનાગઢમાં ૩૨ વર્ષીય યુવકનું મોત, પીએસઆઇની ભરતીની પરીક્ષા બાદ આવ્યો હાર્ટ એટેક

। (એજન્સી) જુનાગઢ, તા.૨૪ ।

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી હાર્ટ એટેકના કિસ્સાઓ વધતા જાય છે. એમાં પણ ખાસકરીને નાની ઉંમરના યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધતું જતું જોવા મળી રહ્યું છે. બુધવારે સુરતના વાવમાં પોલીસ ભરતીની શારીરિક કસોટી દરમિયાન ૫ કિલોમીટરની દોડ લગાવી રહેલા યુવકને હાર્ટ એટેકના લીધે મોત નિપજ્યું હતું. ત્યારે હવે જુનાગઢથી પણ કરૂણ કિસ્સો સામે આવ્યો છે. જેમાં પીએસઆઈની ભરતીની પરીક્ષા બાદ મિત્રને ઘરે પહોંચ્યો હતો, તે દરમિયાન હાર્ટ એટેક આવતાં તે મોતને ભેટ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર જુનાગઢમાં મિત્રના ઘરે રહીને સ્પર્ધાત્મક તૈયારી કરી રહેલા મૌલિક કિશોરભાઈ બારૈયા (૩૨ વ.ર્ષ.) નામના વિદ્યાર્થીનું મોત નીપજ્યું છે. મૌલિક પોલીસ ભરતીની શારીરિક કસોટી માટે જુનાગઢ આવ્યો હતો. શારીરિક કસોટી બાદ તે પોતાના મિત્રના ઘરે હતો, જ્યાં તેને અચાનક હાર્ટ એટેક આવતાં ઢળી પડ્યો હતો અને મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસે વિદ્યાર્થીના પરિવારજનોને જાણ કરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બુધવારે સુરતના વાવ ખાતે એક કરુણ ઘટના બની હતી. પોલીસ સબ ઈન્સપેક્ટર અને લોકરક્ષક કેડરની ભરતી પરીક્ષા દરમિયાન દોડ લગાવી રહેલા એક ઉમેદવારનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું. વાલીયા SRP દળ જૂથ-૧૦માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સંજયકુમાર રસીકભાઈ ગામીત (ઉં.વ.૩૬) PSIની ભરતી પરીક્ષામાં હાજર રહ્યા થયા હતા. બુધવારે સવારે ૪:૪૫ વાગે પ્રથમ બેચમાં ૫ કિલોમીટર દોડ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન યુવક બેભાન થઈને ઢળી પડતાં ફરજ પરના ડોકટરે તેને પ્રાથમિક સારવાર આપી હતી, પરંતુ હાલત ગંભીર જણાતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

**વિશેષ**

### દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધાની ગ્રાન્ડ ફિનાલેના વિજેતાઓને સન્માનિત કરાયા

# સાયન્સ સિટી ખાતે આયોજિત રોબોફેસ્ટ ગુજરાત ૪.૦ના ગ્રાન્ડ ફિનાલેની ક્લોઝિંગ સેરેમની યોજાઈ

### તમામ ૭ કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવનાર ટીમને રૂ. ૧૦ લાખ, બીજી ટીમને રૂ. ૭.૫ લાખ અને ત્રીજી ટીમને રૂ. ૫ લાખના ઈનામ એનાયત કરાયા










। (માહિતી) અમદાવાદ ।

ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધા રોબોફેસ્ટ ગુજરાત ૪.૦ની ગ્રાન્ડ ફિનાલેની ક્લોઝિંગ સેરેમની યોજાઈ હતી. કાર્યક્રમમાં સ્પર્ધાના વિજેતાઓને કેશ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

દેશની સૌથી મોટી રોબોટિક્સ સ્પર્ધામાં દેશભરના STEM ક્ષેત્રના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના અગ્ર સચિવ સુશ્રી મોના ખંધારે જણાવ્યું હતું કે, આ વર્ષે સ્પર્ધાની ચોથી આવૃત્તિ યોજાઈ છે. આવનારા સમયમાં આ સ્પર્ધાને વધુ ચેલેંજીંગ અને વધુ પડકારોથી સજ્જ બનાવવામાં આવશે. વધુમાં વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ સ્પર્ધાના નિયમો ગ્લોબલ લેવલની સ્પર્ધાઓ માટે તૈયાર બને એવા બનાવવામાં આવશે. MSME ક્ષેત્રના પડકારોને આ સ્પર્ધા દ્વારા ઉકેલવાનો પ્રયાસ આગામી આવૃત્તિમાં કરવો જોઈએ. આ માટે જરૂરી તમામ સ્રોતોની વ્યવસ્થા કરવા ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી સજજ છે. સાથે જ, તેમણે ISRO અને PRLની સફળતાનો ઉલ્લેખ કરીને સ્પેસ મિશન , વેસ્ટ મેનજમેન્ટ સહિતના ઘણા ક્ષેત્રો માટે રોબોટિક્સની ભવિષ્યમાં અનેકગણી રહેવાની છે, એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે ફીઝીક્લ રિસર્ચ લેબોરેટરી(PRL)ના ડાયરેકટર શ્રી અનિલ ભારદ્વાજે સ્પર્ધામાં ભાગ લેનાર સૌને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને GUJCOST દ્વારા સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં યુવાઓએ રોબોટિક્સ ક્ષેત્રે અવનવા આઈડિયા અને ઈનોવેશન પ્રદર્શિત કર્યા છે. રોબોટિક્સ ક્ષેત્રના વિકાસ માટે આ સ્પર્ધા અને આવા કાર્યક્રમો એક આગવું મંચ પૂરું પાડશે. સાથે જ, તેમણે મિશન ચંદ્રયાનના વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવરના સંચાલનમાં રોબોટિક્સની ઉપયોગીતા અને મહત્વ, સ્પેસ મિશનમાં રોબોટિક્સની ઉપયોગીતા તથા રોબોટિક્સ ક્ષેત્રના પડકારો અને ભવિષ્યનો ઉલ્લેખ કર્યો હતો.

આ સ્પર્ધામાં STEMના વિદ્યાર્થીઓએ સાત કેટેગરીમાં રોબોટ્સનું પ્રદર્શન કર્યું હતુ, જેમાં ટુ વ્હીલ્ડ સેલ્ફ બેલેન્સિંગ રોબોટ, સબમરીન અથવા અંડરવોટર રોબોટ, રોવર્સ, હેક્સાપોડ રોબોટ, સ્વાર્મ રોબોટ્સ, ફન રોબોટિક્સ (મેઝ સોલ્વિંગ રોબોટ) અને એપ્લિકેશન બેઈઝ્ડ રોબોટ્સનો સમાવેશ થાય છે. આ ફિનાલેની સ્પર્ધામાં મહાનુભાવોના હસ્તે વિજેતાઓને રોકડ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા, જેમાં દરેક ૭ કેટેગરીઓમાં પ્રથમ સ્થાન મેળવનાર ટીમને રૂ. ૧૦ લાખનું ઈનામ, બીજી ટીમને રૂ. ૭.૫ લાખ અને ત્રીજી ટીમને રૂ. ૫ લાખનું ઈનામ આપવામાં આવ્યું હતું. સાથે જ દરેક કેટેગરીમાં વિશિષ્ટ પ્રદર્શન કરનારી ટીમોને પ્રોત્સાહક ઈનામ તરીકે રૂ. ૨.૫ લાખ આપવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, રોબોફેસ્ટ ગુજરાત ૪.૦ ના આયોજન દ્વારા યુવાનોમાં ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની ભાવનાને પ્રોત્સાહન મળી રહ્યું છે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને ટેકનોલોજીના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની કુશળતા પ્રદર્શિત કરવામાં મદદરૂપ બનશે.

આ પ્રસંગે રોબોફેસ્ટ ગુજરાત ૫.૦ને પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં GUJCOSTના એડવાઈઝર ડો. નરોત્તમ સાહુ, ટેકનિકલ એડવાઈઝરી કમિટીના ચેરમેન ડો. દેબાનિક રોય અને સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુધીર કે. પટેલ તથા ગ્રાન્ડ ફિનાલેના પ્રતિસ્પર્ધીઓ અને તેમના મેન્ટર ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### આ હુમલો થયો ત્યારે તેમની ઢાલ બનનારા સિક્યોરિટી અધિકારીને ટ્રમ્પે સિક્રેટ સર્વિસના વડા બનાવ્યા છે

# ફાયરિંગ વખતે ટ્રમ્પની ઢાલ બનનારા એજન્ટને મળી જવાબદારી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

ગત વર્ષે ચૂંટણી પ્રચાર દરમિયાન પેન્સિલવેનિયાના બટલરમાં ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમના પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ તેમાં તેમનો ચમત્કારિક બચાવ થયો હતો. આ હુમલો થયો ત્યારે તેમની ઢાલ બનનારા સિક્યોરિટી અધિકારીને ટ્રમ્પે સિક્રેટ સર્વિસના વડા બનાવ્યા છે. જુલાઈ ૨૦૨૪માં એક રેલી દરમિયાન થયેલા હુમલામાં ગોળી ટ્રમ્પના કાનને ઘસાઈને નીકળી ગઈ હતી. તે સમયે સીન કરન નામના એજન્ટ તેમને બચાવવા માટે કૂદી પડ્યા હતા, અને હવે સીન કરનને સિક્રેટ સર્વિસના હેડ બનાવ્યા છે. બટલરમાં થયેલા હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું જ્યારે બે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે, સીન કરન મહાન દેશભક્ત છે જે છેલ્લા કેટલાક વર્ષોથી મારા પરિવારની સુરક્ષા કરી રહ્યા છે. તેથી જ મેં તેમના પર વિશ્વાસ મૂક્યો છે કે તે યુનાઈટેડ સ્ટેટ્સ સિક્રેટ સર્વિસના બહાદુર પુરુષો અને મહિલાઓનું નેતૃત્વ કરશે. કરને મારો જીવ બચાવવા માટે તેમનો જીવ જોખમમાં મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે કરન ચાર વર્ષ સુધી ટ્રમ્પની સિક્યોરિટી ડિટેલ્સના ઈન્ચાર્જ સ્પેશિયલ એજન્ટ તરીકે સેવા આપી ચૂક્યા છે. કરન પ્રથમ વખત સપ્ટેમ્બર ૨૦૦૧માં એજન્સીમાં જોડાયા હતા અને ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેમને પ્રેસિડેન્શિયલ પ્રોટેક્ટિવ ડિટેઈલના ઈન્ચાર્જ ડેપ્યુટી સ્પેશિયલ એજન્ટ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું હતું. આ યુનિટમાં સેંકડો એજન્ટ્સ હોય છે અને આ યુનિટની જવાબદારી વર્તમાન પ્રેસિડેન્ટ અને ફર્સ્ટ ફેમિલીનું રક્ષણ કરવાની હોય છે. અન્ય કેબિનેટ



હોદ્દાઓ અથવા FBI ડિરેક્ટરથી વિપરીત સિક્રેટ સર્વિસના વડાની નિમણૂક માટે સેનેટના કર્નફર્મેશન વોટની જરૂર હોતી નથી. સીન કરન હાલમાં સિક્રેટ સર્વિસના કાર્યકારી ડિરેક્ટર રોન રોવનું સ્થાન લેશે. બટલરમાં યોજાયેલી રેલીમાં ટ્રમ્પ પર થયેલા હુમલાને રોકવામાં નિષ્ફળ ગયા બાદ સિક્રેટ સર્વિસની ભારે ટીકાઓ થઈ હતી અને તેના કારણે સિક્રેટ સર્વિસના તત્કાલીન ડિરેક્ટર કિમ્બર્લી ચીટલને પોતાના પદેથી રાજીનામું આપી દીધું હતું અને ત્યારબાદ રોન રોવને કાર્યકારી ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા. આ ટોપ-રેન્કિંગ પોઝિશન સિક્રેટ સર્વિસના હેડક્વાર્ટર્સમાં કરનની પ્રથમ જોબ હશે. કરન હાલમાં એજન્સીના હાઈએસ્ટ રેન્કિંગ અધિકારીઓની સિનિયર એક્ઝિક્યુટિવ સર્વિસના સભ્ય નથી. ટ્રમ્પ પર હુમલો થયા બાદ સિક્રેટ સર્વિસની આકરી ટીકાઓ થઈ હતી અને એજન્સી આ રોકી શકાય તેવા હુમલાને રોકવામાં નિષ્ફળ ગઈ હોવાનો આરોપ લાગ્યો હતો. રિપોર્ટ્સમાં સિક્રેટ સર્વિસ એજન્ટ્સ અને લોકલ લૉ એન્ફોર્સમેન્ટ એજન્સીઓ વચ્ચે કોમ્યુનિકેશનમાં થયેલી નિષ્ફળતા સામે આવી હતી. લોકલ લૉ એન્ફોર્સમેન્ટે ફાયરિંગ કરનારા થોમસ મેથ્યુ ક્રુક્સને ફાયરિંગના એક કલાક પહેલા નજીકની છત પર જોયો હતો. ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ બાઈડનના એડમિનિસ્ટ્રેશન દ્વારા સોંપવામાં આવેલી સ્વતંત્ર તપાસમાં જણાવાયું હતું કે સિક્રેટ સર્વિસ "બ્યુરોક્રેટિક, આત્મસંતુષ્ટ અને સ્થિર" બની ગઈ છે, અને જો તેમાં સુધારો કરવામાં નહીં આવે તો આવો બીજો હુમલો "થઈ શકે છે અને થશે". હુમલા બાદ સિક્રેટ સર્વિસના તત્કાલીન વડા કિમ્બર્લી ચીટલે રાજીનામું આપ્યું હતું. જ્યારે અન્ય ઘણા એજન્ટ્સને એડમિનિસ્ટ્રેટિવ ડ્યુટી પર મૂકી દેવામાં આવ્યા હતા. જોકે, રિપોર્ટમાં કરનનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો તથા તેમને કોઈ દંડ પણ કરવામાં આવ્યો ન હતો. કરન સાથે અનેક હોદ્દાઓ પર કામ કરી ચૂકેલા ભૂતપૂર્વ સિક્રેટ સર્વિસ એજન્ટ ડોનાલ્ડ મિહાલેકે જણાવ્યું હતું કે તે ખૂબ જ સ્માર્ટ અને સક્ષમ છે. જોકે, તેમણે કહ્યું કે એજન્સીના અનુભવી અધિકારી એવા સમયે જવાબદારી સંભાળી રહ્યા છે જ્યારે તે તેની સફળતા માટે બહારના સમર્થન પર નિર્ભર છે.

## ન્યૂઝ બ્રિફ

### ૨૦૦-૫૦૦ રૂપિયાની કાઉન્ટરફીટ નોટો દેશમાં મોટા પાયે વધી રહી છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

આજકાલ એવી ચર્ચાઓ થઈ રહી છે કે ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટ બાદ ૨૦૦ રૂપિયાની ચલણી નોટ પણ બંધ કરી દેવામાં આવશે. રિપોર્ટ્સ અનુસાર, ૨૦૦ રૂપિયાની તમામ ચલણી નોટોને માર્કેટમાંથી પરત ખેંચી લેવામાં આવી શકે છે. ત્યારે શું તમે જાણો છો કે આ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા શું કહે છે? શું તમે જાણો છો કે માર્કેટમાં સૌથી વધુ ૫૦૦ અને ૨૦૦ રૂપિયાની ચલણી નોટો સર્ક્યુલેટ થાય છે. આજે દરેક વ્યક્તિના ખિસ્સામાં ૨૦૦ રૂપિયાની નોટ જોવા મળે છે. ત્યારે સવાલ થાય કે શું મોદી સરકાર ૨૦૦ રૂપિયાની ચલણી નોટ બંધ કરવા જઈ રહી છે? આ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ મોટી અપડેટ જાહેર કરી છે. આ અપડેટ ખાસ નોટિફિકેશન દ્વારા જાહેર કરવામાં આવી છે. ત્યારે આ અપડેટમાં આપવામાં આવેલી જાણકારીથી તમે આશ્ચર્યમાં મુકાઈ શકો છો.

### દલિતોને લાલચ આપીને ધર્મ પરિવર્તન કરાવતું હતું ઈસાઈ દંપતી

। (એજન્સી) લખનૌ, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના આંબેડકર નગરમાં ગરીબ દલિતોને લલચાવીને ધર્મ પરિવર્તન કરાવવા બદલ SC-ST કોર્ટના સ્પેશિયલ જજ રામ વિલાસ સિંહે એક ખ્રિસ્તી દંપતીને ૫ વર્ષની જેલની સજા ફટકારી છે અને દરેકને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. ખ્રિસ્તી ધર્માંતરણ કેસમાં ઉત્તર પ્રદેશના ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ આ પહેલી સજા છે. મળતી માહિતી મુજબ, ૧૮ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ જલાલપુરના જમૌલીના રહેવાસી ભાજપ નેતા ચંદ્રિકા પ્રસાદ દ્વારા કેરળથી આવેલા અને મધ્યપ્રદેશના હોશંગાબાદ જિલ્લાના પિપરિયા બેંક કોલોનીમાં રહેતા જોસ પાપાચન અને તેની પત્ની શીજા એએમએન વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. પોતાની ફરિયાદમાં, ચંદ્રિકાએ કહ્યું હતું કે જોસ અને શીજાએ ૨૦૨૨ માં શાહપુર ફિરોઝ ગામમાં દલિત વસાહતની ત્રણ મહિના માટે મુલાકાત લીધી હતી અને ત્યાંના ગરીબ પરિવારોને નિશાન બનાવ્યા હતા અને છેતર્યા હતા. આ પછી, ૨૫ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ, બંને પતિ-પત્નીએ દલિતોને મોટી સંખ્યામાં ભેગા કરીને ધર્માંતરણ કરવાનો પ્રયાસ કર્યો. ચંદ્રિકાની ફરિયાદ બાદ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન, તેમની પાસેથી ખ્રિસ્તી સામગ્રી મળી આવી હતી. તેમની વિરુદ્ધ પુરાવા એકત્રિત કરતી વખતે, એ પણ બહાર આવ્યું કે આ લોકો દલિત વસાહતોમાં જતા હતા.

### ભારતને પણ રાહત મળશે

# ટ્રમ્પ સાઉદી અરબ અને ઓપેકને કાચા તેલની કિંમતો ઘટાડવા માટે કહેશે

### અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું કે, 'જો કાચા તેલની કિંમતો ઘટે છે, તો રશિયા-યૂક્રેન યુદ્ધ સમાપ્ત થઇ જશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

ભારત માટે હાલ કાચા તેલની કિંમતો માથાના દુખાવા સમાન બની છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ અંગે મોટી જાહેરાત કરી દીધી છે. તેમણે જણાવ્યું કે, તેમના બીજા કાર્યકાળની સાથે અમેરિકાનો સ્વર્ણિમ યુગ શરૂ થઈ ગયો છે અને જલદી જ સમગ્ર દુનિયા વધુ શાંતિપૂર્ણ અને સમૃદ્ધ બનશે. તેઓ સાઉદી અરબ અને ઓપેક (તેલ નિકાસ કરતા દેશોનું સંગઠન)ને કાચા તેલની કિંમતો ઘટાડવા માટે



કહેશે. જો કાચા તેલની કિંમતો ઘટે છે, તો ભારત માટે આ રાહતના સમાચાર હશે, કારણ કે ભારતના આયાત બિલમાં સૌથી વધુ હિસ્સો ક્રૂડનો રહે છે. ડોનાલ્ડ ટ્રમ્પે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા WEFની વાર્ષિત બેઠકને સંબોધી હતી. તેમણે જણાવ્યું કે, 'જો કાચા તેલની કિંમતો ઘટે છે, તો રશિયા-યૂક્રેન યુદ્ધ સમાપ્ત થઈ જશે.' ટ્રમ્પે હાલમાં જ પોતે કરેલા નિર્ણયોનો બચાવ કરતા કહ્યું કે તેમના પ્રશાસનના ચાર દિવસમાં તે પ્રાપ્ત કરી લીધું છે, જે અન્ય સરકાર ચાર વર્ષમાં પણ મેળવી શકી નથી. રાષ્ટ્રપતિ તરીકે તેમણે ૨૦ જાન્યુઆરીના રોજ શપથ લીધા હતા અને આ જ દિવસથી પાંચ દિવસીય ઉઈફની વાર્ષિક બેઠક પણ શરૂ થઈ હતી. ટ્રમ્પે કહ્યું, 'અમેરિકાનો સ્વર્ણિમ યુગ શરૂ થઈ ગયો છે, આપણો દેશ જલદી જ પહેલા કરતાં વધુ મજબૂત, વધુ સંયુક્ત અને વધુ સમૃદ્ધ બનશે.

### પાકિસ્તાનને બખ્ખાં!

# ICC જાહેર કરી ODI ઓફ ધ યર ટીમ, એકપણ ભારતીય ખેલાડીને સ્થાન નહીં

### ટીમની કમાન શ્રીલંકાના ચરિથ અસલંકાને સોંપવામાં આવી

। (એજન્સી) દુબઈ, તા.૨૪ ।

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ મેન્સ ODI ટીમ ઓફ ધ યર ૨૦૨૪ની જાહેરાત કરી છે. આ ટીમમાં ટીમ ઈન્ડિયાનો કોઈ ખેલાડી પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યો નથી. આ સિવાય ટીમની કમાન શ્રીલંકાના ચરિથ અસલંકાને સોંપવામાં આવી છે. આ ટીમમાં સૌથી વધુ ત્રણ દેશોના મહત્તમ ખેલાડીઓએ પોતાની જગ્યા બનાવી છે. મેન્સ વનડે ટીમ ઓફ ધ યર ૨૦૨૪માં અફઘાનિસ્તાનના ૩, પાકિસ્તાનના ૩, શ્રીલંકાના ૪ અને વેસ્ટ ઈન્ડિઝના એક ખેલાડીને સ્થાન મળ્યું છે. શ્રીલંકાના ચરિથ અસલંકા, કુસલ મેન્ડિસ,




પથુમ નિસંકા અને વાનિન્દુ હસરંગાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે પાકિસ્તાન તરફથી સામ અયુબ, શાહીન આફ્રિદી અને હારિસ રઉફને તક મળી છે. અફઘાનિસ્તાન તરફથી રહેમાનુલ્લા ગુરબાઝ, અઝમતુલ્લા ઉમરઝાઈ અને ગઝનફરને સ્થાન મળ્યું છે. વેસ્ટ ઈન્ડિઝના શેરફેન રધરફોર્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે. ICCની મેન્સ વનડે ટીમ ઓફ ધ યર ૨૦૨૪માં ભારત, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ જેવી ટીમોના કોઈપણ ખેલાડીને ચાન્સ મળ્યો નથી. ટીમ ઈન્ડિયાએ વર્ષ ૨૦૨૪માં માત્ર એક જ ODI સિરીઝ રમી હતી. ભારતે આ સિરીઝ શ્રીલંકા સામે રમી હતી, જેમાં ટીમ ઈન્ડિયાને હારનો સામનો કરવો પડ્યો હતો. ICC મેન્સ વનડે ટીમ ઓફ ધ યર ૨૦૨૪ : ચરિથ અસલંકા (કેપ્ટન), કુશલ મેન્ડિસ, પથુમ નિસંકા, વાનિન્દુ હસરંગા, સેમ અયુબ, શાહીન આફ્રિદી, હારિસ રઉફ, રહેમાનુલ્લા ગુરબાઝ, અઝમતુલ્લા ઉમરઝાઈ, ગઝનફર, શેરફેન રધરફોર્ડ.




નવી દિલ્હીના સાઉથ બ્લોક ખાતેથી 'સંજય - ધ બેટલફિલ્ડ સર્વેલન્સ સિસ્ટમ'ના ફ્લેગ ઓફ સમારોહમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ હાજર રહ્યા હતા.

### ભારતમાં હવે જીવલેણ વાયરસની એન્ટ્રી

# કર્ણાટકમાં મંકીપોક્સનો પહેલો કેસ સામે આવ્યો




। (એજન્સી) બેંગલુરુ, તા.૨૪ ।

કર્ણાટકમાં મંકીપોક્સ (એમપોક્સ)નો પ્રથમ કેસ નોંધાયો છે. ૪૦ વર્ષીય વ્યક્તિ જે છેલ્લા ૧૯ વર્ષથી દુબઈમાં રહેતો હતો. ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મેંગલુરુ પરત ફર્યા. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, જ્યારે તે મેંગલુરુ પહોંચ્યો, ત્યારે તેના શરીર પર ફોલ્લીઓના લક્ષણો દેખાયા અને થોડા દિવસો પછી તેને તાવ પણ આવ્યો હતો. પછી આરોગ્ય વિભાગે તેમની તપાસ કરી અને તેમની સ્થિતિને ગંભીરતાથી લઈને તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં આઈસોલેટ કર્યા. તપાસ પછી ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (NIV), પુણેએ પુષ્ટિ કરી કે તે મંકીપોક્સ વાયરસથી સંક્રમિત હતો. આરોગ્ય વિભાગે કહ્યું કે વ્યક્તિની સ્થિતિ સ્થિર છે અને તેને ટૂંક સમયમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે. સંક્રમણની પુષ્ટિ થયા પછી તેને અલગ કરવામાં આવ્યો હતો અને તેના નમૂનાઓ બેંગ્લોર મેડિકલ કોલેજ (BMC) અને NIV પુણેમાં મોકલવામાં આવ્યા હતા. વિભાગે આ બાબતને ગંભીરતાથી લીધી છે, પરંતુ હાલમાં વ્યક્તિની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. વિભાગે એ પણ સ્પષ્ટતા કરી છે કે મંકીપોક્સ એ હળવો સંક્રમણ વાયરસ છે, જેને જો સમયસર યોગ્ય પગલાં લેવામાં આવે તો તેને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે. આરોગ્ય વિભાગે લોકોને મંકીપોક્સના લક્ષણો અંગે સતર્ક રહેવાની સલાહ આપી છે. વિભાગે કહ્યું કે લોકોએ તાવ, માથાનો દુખાવો, સ્નાયુઓમાં દુખાવો, શરદી, પરસેવો, ગળામાં દુખાવો અને ઉધરસ જેવા લક્ષણો પર નજર રાખવી જોઈએ. ખાસ કરીને જો તેઓ તાજેતરમાં ઉચ્ચ જોખમ ધરાવતા દેશોમાં ગયા હોય અથવા મંકીપોક્સથી અસરગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય. વિભાગે એમ પણ કહ્યું કે લોકોએ ગભરાવાની જરૂર નથી કારણ કે મંકીપોક્સના કેસો ખૂબ જ ઓછા છે અને તેની સંક્રમકતા ઘણી ઓછી છે. જો કે, મંકીપોક્સ માટે એક રસી ઉપલબ્ધ છે જે સામાન્ય રીતે ઉચ્ચ જોખમ ધરાવતા આરોગ્ય સંભાળ કાર્યકરોને આપવામાં આવે છે. ભારત સરકારે આ સમયે સામાન્ય લોકો માટે મંકીપોક્સ રસીકરણની સલાહ આપી નથી. આરોગ્ય વિભાગે સ્પષ્ટતા કરી હતી કે ભારતમાં મંકીપોક્સના બહુ ઓછા કેસો મળી આવતાં આ રસીની જરૂરિયાત હાલમાં જણાઈ નથી. આ સંદર્ભમાં વિભાગે એમ પણ કહ્યું કે આ વાયરસના કેસોને નિયંત્રિત કરી શકાય છે અને સામાન્ય લોકોને ગભરાવાની જરૂર નથી. કર્ણાટકમાં મંકીપોક્સનો આ પહેલો કેસ છે અને આરોગ્ય વિભાગ તેના પર ચાંપતી નજર રાખી રહ્યું છે. રાજ્યમાં કોરોના રોગચાળા પછી આ નવો રોગ સામે આવ્યો છે અને આરોગ્ય અધિકારીઓ તેના વિશે જાગૃતિ વધારવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે.

### તેમને દિલ્હી એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા

# ફિલ્મ અભિનેતા રાજપાલ યાદવના પિતાનું અવસાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ફિલ્મ અભિનેતા રાજપાલ યાદવના પિતાનું અવસાન થયું છે. તેમને દિલ્હી એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે તે છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા. તેમને સારવાર માટે દિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પિતાની તબિયત બગડ્યા બાદ રાજપાલ ગઈકાલે થાઈલેન્ડથી દિલ્હી પહોંચ્યા હતા. તાજેતરમાં રાજપાલ યાદવ અને અન્ય કલાકારોને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હતી. તેમના



પિતાએ દિલ્હી એઈમ્સમાં અંતિમ શ્વાસ લીધા. તેમના અંતિમ સંસ્કાર તેમના ગૃહ જિલ્લા શાહજહાંપુરમાં કરવામાં આવશે. રાજપાલ યાદવને બુધવારે જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. રાજપાલ ઉપરાંત સુગંધા મિશ્રા, રેમો ડિસોઝા અને કપિલ શર્માને પણ જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે.

### એક જ મેચમાં ૧૨ વિકેટો ઝડપી

# રણજીમાં રવીન્દ્ર જાડેજાનો તરખાટ, ૫૦ બોલમાં એક પણ રન ન આપ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

હાલમાં રમાઈ રહેલી રણજી ટ્રોફીમાં દિલ્હી સામેની પહેલી ઈનિંગમાં સ્પીનર રવીન્દ્ર જાડેજાએ પાંચ વિકેટ ઝડપી હતી પરંતુ બીજી ઈનિંગમાં તેણે વિસ્ફોટક બોલિંગ કરી ૭ વિકેટ ઝડપી વિરોધી ટીમને ઘૂંટણિયે લાવી દીધી હતી. બીજી ઈનિંગમાં જાડેજાએ રિષભ પંતને પણ છોડ્યો ન હતો. જાડેજાની બોલિંગ સામે દિલ્હીનો એક પણ બેટર ટકી શક્યો ન હતો. દિલ્હીની ટીમ માત્ર ૯૪ના સ્કોર પણ સમેટાઈ ગઈ હતી. જાડેજાએ બીજી ઈનિંગમાં માત્ર ૩૮



રન આપીને ૭ વિકેટ લીધી હતી. આ રીતે આખી મેચમાં જાડેજાએ કુલ ૧૨ વિકેટ ઝડપી હતી. બીજી ઈનિંગમાં તો જાડેજાએ બોલિંગમાં કમાલ કરી દીધી હતી. રાજકોટની સ્પીન ફ્રેન્ડલી પીચ પર જાડેજાની બોલિંગ દિલ્હીનો એક પણ બોલર ટકી શક્યો ન હતો.

# સૈફ અલી ખાને મુંબઈ પોલીસ સમક્ષ પોતાનું નિવેદન નોંધાવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

હોસ્પિટલમાંથી ઘરે પહોંચ્યાના બે દિવસ પછી સૈફ અલી ખાને મુંબઈ પોલીસ સમક્ષ પોતાનું નિવેદન નોંધાવ્યું છે. ગુરુવારે મોડી રાત્રે મુંબઈ પોલીસની એક ટીમ સૈફના ઘરે પહોંચી અને તેનું નિવેદન નોંધ્યું હતું. આ સમગ્ર ઘટનાને લઈને સૈફ અલી ખાને ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ ઘટના કેવી રીતે બની અને હુમલાખોરે કરનારે કેવી રીતે હુમલો કર્યો હતો. પોલીસ



સૂત્રોના જણાવ્યા અનુસાર, સૈફે કહ્યું કે, "૧૬ જાન્યુઆરીએ રાત્રે ૨:૩૦ થી ૨:૪૦ વાગ્યાની વચ્ચે ઘડબડાટીનો અવાજ સંભળાયો હતો. હું ૧૨માં માળે મારા રૂમમાં હતો, કરીના પણ મારી સાથે હતી. અવાજો સાંભળીને, હું ૧૧માં માળે નીચે ગયો, જ્યાં મારા બાળકો અને તેમનો કેયર ટેકર સાથે રહે છે. મને જહાંગીરના રૂમમાંથી અવાજ આવતો હતા. જ્યારે હું ત્યાં પહોંચ્યો ત્યારે મેં જોયું કે, જહાંગીરનો કેર ટેકર અને એક અજાણ્યો માણસ મોટેથી વાત કરી રહ્યા હતા." સૈફ અલી ખાનના નિવેદન મુજબ, "સૈફ અને તેની પત્ની કરીના તેમના બેડરૂમમાં હતા, જ્યારે તેમનો દીકરો તૈમૂર એક નર્સ સાથે બીજા રૂમમાં હતો. તેનો નાનો દીકરો જહાંગીર સ્ટાફ નર્સ એલિયામ્મા ફિલિપ અને ઘરના બીજા સ્ટાફ સાથે એક અલગ બેડરૂમમાં હતો. ફિલિપે હુમલાખોરને જોયો હતો." સૈફ અલી ખાને આગળ કહ્યું કે, "તે માણસ પાસે છરી હતી, મને મારા દીકરાના જીવનું જોખમ હતું, તેથી મેં કંઈ વિચાર્યું નહીં અને તેને પકડવાનો પ્રયાસ કર્યો હતો. મેં તેને થોડીવાર પકડી રાખ્યો, પણ અચાનક તેણે મારા પર છરીઓથી હુમલો કરી દીધો હતો. મારી પીઠ, ગરદન અને હાથ પર હુમલો કર્યો હતો." સૈફ અલી ખાને આગળ કહ્યું કે, "જ્યાં સુધી કેરટેકર મારા બાળકને રૂમમાંથી બહાર આવી, ત્યાં સુધી મેં કોઈક રીતે તેના પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો.

## તંત્રી લેખ...

# માવઠા કે કમોસમી વરસાદની સંભાવના

ગુજરાતના હવે એક અઠવાડિયું હવામાન કેવું રહેશે તેની તાજી આગાહી હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્ર દ્વારા કરવામાં આવી છે. આ અંગે સ્થાનિક હવામાન કેન્દ્રના ડિરેક્ટર એકે દાસ દ્વારા માહિતી આપવામાં આવી છે કે આગામી ૭ દિવસ રાજ્યનું હવામાન સૂકું રહેવાની શક્યતાઓ છે, એટલે આગાહી મુજબ રાજ્યમાં ક્યાં વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી નથી. આ સાથે ઠંડી અને લઘુત્તમ તાપમાનની સ્થિતિ કેવી રહી શકે છે તે અંગેની માહિતી પણ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. એકે દાસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજ્યમાં ૭ દિવસ હવામાન સૂકું રહેવાની શક્યતાઓ છે અને લઘુત્તમ તાપમાનમાં મોટા ફેરફારોની સંભાવનાઓ નથી. હાલ પવનની દિશા ઉત્તર-પૂર્વની છે. અમદાવાદ તથા આસપાસના વિસ્તારમાં આકાશ સાફ રહેવાની આગાહી છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવનાઓ છે. અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૫.૭ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. રાજ્યમાં સૌથું નીચું તાપમાન ૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં એક રીજ લાઈન બનેલી છે જેના કારણે રાજ્યમાં પવનની ગતિ વધુ છે તેવી માહિતી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. પવનની ગતિ ૫-૧૦ નોટની અંદરની છે. ગુજરાતમાં આગામી દિવસમાં તાપમાનમાં કોઈ મોટા ફેરફારોની સંભાવનાઓ નથી તેવું પણ હવામાન વિભાગ જણાવી રહ્યું છે. આ સાથે માવઠાની પણ શક્યતાઓ આગામી ૭ દિવસ દરમિયાન વ્યક્ત કરાઈ નથી. માવઠાની સંભાવનાઓ કેટલાક હવામાન નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે જેના કારણે ખેડૂતો ચિંતિત છે, કારણ કે માવઠું થાય તો શિયાળુ પાકને નુકસાન થઈ શકે છે. જોકે, હવામાન વિભાગે જે તાજી આગાહી કરી છે તેમાં આગામી ૭ દિવસ દરમિયાન માવઠા કે કમોસમી વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરી નથી.

# કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ ભારતીય પીડી ક્રિકેટ ટીમનું સન્માન કર્યું અને 'દિવ્યાંગ' રમતવીરોને સંપૂર્ણ સરકારી સહાયની ખાતરી આપી





કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ આજે શ્રીલંકાના કોલંબોમાં પીડી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ જીતવા બદલ ભારતીય શારીરિક વિકલાંગતા (પીડી) ક્રિકેટ ટીમનું સન્માન કર્યું હતું. ટીમે ટુર્નામેન્ટની ફાઈનલમાં અસાધારણ કુશળતા અને સ્થિતિસ્થાપકતાનું પ્રદર્શન કરીને ઇંગ્લેન્ડને પરાજય આપ્યો હતો. ડિફરન્ટલી એબલ્ડ ક્રિકેટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ડીસીસીઆઈ) અને એક્સેસિબિલીટી ઓર્ગેનાઈઝેશન સ્વયમના ટેકાથી ભારતીય પીડી ક્રિકેટ ટીમનું સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. માંડવિયાએ વિકલાંગતા ધરાવતા રમતવીરોને ટેકો આપવાની સરકારની કટિબદ્ધતા પર ભાર મૂક્યો હતો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સર્વસમાવેશક રમતગમતમાં સહભાગી બનવાના વિઝનને ટાંક્યું હતું. "માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'દિવ્યાંગ' રમતવીરો પ્રત્યે પ્રતિબદ્ધતાની ખાતરી આપી છે. જો તમે 'દિવ્યાંગ' વ્યક્તિ છો, તો તેનો અર્થ એ નથી કે તમે રાષ્ટ્રને ગૌરવ અપાવી શકતા નથી. અને તમારો વિજય તેનો પુરાવો છે. ભારતીય પીડી ક્રિકેટ ટીમે પસંદગીની કઠોર પ્રક્રિયાથી માંડીને શ્રીલંકાના પર્ફોમન્સ સુધી જે જુસ્સો બતાવ્યો છે, તે તમારી અપાર સૂક્ષ્મતાને ઉજાગર કરે છે. ડો.માંડવિયાએ જણાવ્યું હતું કે, ૬માંથી ૫ મેચ જીતવી અને ઇંગ્લેન્ડ, શ્રીલંકા અને પાકિસ્તાનને હરાવવું એ કોઈ સાધારણ સિદ્ધિ નથી. ભારતીય પીડી ક્રિકેટ ટીમની પસંદગી પ્રક્રિયા ઉદયપુરમાં થઈ હતી જ્યાં ૨૮ રાજ્યોના ૪૫૦ થી વધુ ક્રિકેટરો નેશનલ્સ માટે આવ્યા હતા. આ યાદીમાંથી જયપુરમાં રમાનારી ચેલેન્જર ટ્રોફી માટે ૫૬ને પસંદ કરવામાં આવ્યા હતા અને આખરે ૧૭ને ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. પેરિસ પેરાલિમ્પિક્સથી લઈને પીડી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ સુધી, દિવ્યાંગ રમતવીરો દ્વારા રાષ્ટ્ર સમક્ષ લાવવામાં આવેલી સિદ્ધિઓની વધતી જતી સૂચિનો ઉલ્લેખ કરતા, ડો. માંડવિયાએ ઉમેર્યું હતું કે, "આપણા 'દિવ્યાંગ' એથ્લેટ્સ અમને ગર્વ કરવા માટે ઘણા કારણો આપી રહ્યા છે અને અમને તેમના તરફ અમારો ટેકો વધારવા માટે પ્રેરિત કરી રહ્યા છે. સરકાર તમારી સાથે છે અને તમારે તમારી સફળતાનો ઉપયોગ વિવિધ પ્લેટફોર્મ દ્વારા વધુ યુવાનોને પ્રેરિત કરવા માટે કરવો પડશે." શુક્રવારે યોજાયેલા આ કાર્યક્રમમાં સંપૂર્ણ ટીમ, કોચ, ડીસીસીઆઈના જનરલ સેક્રેટરી રવિકાંત ચૌહાણ, સ્વયમના સ્થાપક-અધ્યક્ષ સ્મિનુ જિંદાલ અને રમત મંત્રાલયના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

**જીવનમાં ખુશીઓ અને પ્રેમ વહેંચતા શીખો જેથી બીજાની સાથે આપણે પોતે પણ ખુશ અને સંતુષ્ટ રહી શકીએ**

# વિશ્વાસ વિના જીવન મૂળ વગરના વૃક્ષ જેવું છે, જીવનના દરેક ક્ષેત્રમાં વિશ્વાસ જરૂરી છે..



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વિશ્વમાં કોઈ પણ લક્ષ્ય વ્યક્તિના સંકલ્પ થી મોટું નથી, પ્રતિકૂળતાઓ આપણા માર્ગમાં એટલા અવરોધો નથી બનતી જેટલી આપણે આપણા પોતાના માર્ગમાં અવરોધો ઉભી કરીએ છીએ, જો જીવન હશે તો સમસ્યા ઓ ચોક્કસ ઊભી થશે**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાનને વ્યવહારમાં મૂકવું પણ જરૂરી છે. જે જ્ઞાન વ્યવહારમાં ન આવતું હોય તે કંગાળના પૈસા જેવું હોય છે જે તિજોરીમાં પડેલું હોય છે પણ જરૂરિયાતો પૂરી કરવામાં ક્યારેય મદદ કરતું નથી.જ્ઞાની અને સંસારી માણસમાં ફરક એ છે કે જ્ઞાની માણસ મરતી વખતે પણ હસે છે અને સંસારી માણસ જીવતી વખતે પણ મરી જાય છે. જ્ઞાન કેવી રીતે હસવું તે શીખવતું નથી, તે ફક્ત રડવાના કારણોને દૂર કરે છે. જ્ઞાની માણસ દરેક પરિસ્થિતિમાં ખુશ રહે છે કારણ કે તે જાણે છે કે તેને જે મળ્યું તે ક્યારેય મારું નહોતું અને મારાથી જે ખૂટે છે તે પણ મારું નથી.સમજદાર વ્યક્તિ આ વાતને મનમાંથી સ્વીકારે છે કે પરિવર્તન કુદરતનો નિયમ છે. દુન્યવી વ્યક્તિ રડે છે કારણકે તેની માન્યતા પ્રમાણે તેને જે મળ્યું છે તે તેનું હતું અને તેના બળ પર મળ્યું છે. જે ખૂટે છે, તે હંમેશા તેના પર પોતાનો અધિકાર માની લે છે.અશાંત રહેવાનું આ જ કારણ છે.જ્ઞાનમાં જીવો, મૂર્ખતામાં નહીં જેથી તમે દરેક પરિસ્થિતિમાં ખુશ રહીને સુખી જીવન જીવી શકો. સ્વામી વિવેકાનંદજીને કોઈએ પૂછ્યું કે, એવી કઈ વસ્તુ છે જેના આધારે બધું ખતમ થઈ ગયા પછી બધું પાછું મેળવી શકાય? પછી તેણે જવાબ આપ્યો "વિશ્વાસ".તમારામાં વિશ્વાસ, તમારા કાર્યમાં વિશ્વાસ અને ભગવાનમાં વિશ્વાસ રાખીને બધું પાછું મેળવી શકાય છે. વિશ્વાસ એ જીવનનો આધાર છે. જો શ્રદ્ધા ન હોય તો જીવનમાં આનંદ અને સૌંદર્યના પુષ્પો પણ ખીલી શકતા નથી. વિશ્વાસ વિના જીવન મૂળ વગરના વૃક્ષ જેવું છે. જીવનના દરેક ક્ષેત્રમાં વિશ્વાસ જરૂરી છે. જો તમને તમારી જાતમાં શ્રદ્ધા હોય, તમારા પ્રિયજનોમાં શ્રદ્ધા હોય અને ઈશ્વરમાં શ્રદ્ધા હોય તો જીવન શાંતિ પૂર્ણ, સુખી અને આનંદમય બને છે.શ્રદ્ધામાં અદ્ભુત શક્તિછે શ્રદ્ધાના બળથી માત્ર માણસને જ નહીં પરંતુ ભગવાનને પણ કાબૂ માં કરી શકાય છે. જીવનમાં હંમેશા અનુકૂળ પરિસ્થિતિઓ હોવી શક્ય નથી, તેથી જેઓ પ્રતિકૂળતાઓને સાનુકૂળમાં પરિવર્તિત



કરે છે તેઓ જ જીવન નો સાચો આનંદ માણી શકે છે. વિશ્વમાં કોઈ પણ લક્ષ્ય વ્યક્તિના સંકલ્પથી મોટું નથી. પ્રતિકૂળતાઓ આપણા માર્ગમાં એટલા અવરોધો નથી બનતી જેટલી આપણે આપણા પોતાના માર્ગમાં અવરોધો ઉભી કરીએ છીએ.જો જીવન હશે તો સમસ્યા ઓ ચોક્કસ ઊભી થશે કારણ કે દરેક ક્ષણે પરિવર્તન એ જીવનનો સ્વભાવ છે. સમસ્યા રજૂ થાય તે પહેલાં જ તેનાથી ડરવું વ્યક્તિને અંતરાત્માથી વંચિત બનાવે છે અને તેની નિર્ણય લેવાની ક્ષમતાને અસર કરે છે. દરેક પરિસ્થિતિનો આનંદપૂર્વક સામનો કરતા શીખો. દરેક અવરોધનો આનંદ સાથે, શાંત ચિત્તે અને પ્રભુમાં વિશ્વાસરાખીને સામનો કરો.ઉકેલ તમારી પાસે છે તમે ફક્ત હિંમતહારી રહ્યા છો. યાદ રાખો કે સમસ્યા પીછેહઠ કરીને નહીં, પરંતુ તેનો સામનો કરીને હલ થશે. તમે તમારા પોતાના લોકોને હરાવી ને ક્યારેય જીતી શકતા નથી, તમે તમારા પોતાના લોકોથી હારીને જ જીતી શકો છો.જે ભાંગી પડેલાને કેવી રીતે સુધારવું અને ગુસ્સાને સાંત્વના આપવી તે જાણે છે તે જ જ્ઞાની છે. વર્તમાન સમયમાં પરિવારોની સ્થિતિ ચોક્કસપણે ચિંતાનો વિષય છે. આજે ઘરના દરેક લોકો સંભળાવવા તૈયાર છે પણ સાંભળવા કોઈ તૈયાર નથી. સંબંધો મજબુત કરવા માટે માત્ર વાર્તા જ નહીં સાંભળવાની ટેવ કેળવવી પડશે. પોતાને સાચા સાબિત કરવા કરતાં પરિવારની ખુશીઓ જાળવવી વધુ મહત્વ પૂર્ણ છે. આજે ઘરમાં હોય કે બહાર દરેક વ્યક્તિ અધિકારની વાત કરે છે પણ ફરજની વાત કોઈ કરતું નથી. તમે તમારી ફરજ બજાવો, પુરસ્કારની શોધ ન કરો. જીવનની સુંદરતાએ નથી કે તમે કેટલા ખુશ છો,પરંતુ તમે કેટલા ખુશ છો. વ્યક્તિએ પૈસા કમાવવા જોઈએ પણ માત્ર પૈસા કમાવવાએ જીવનનું લક્ષ્ય ન હોવું જોઈએ. પૈસો પોતે જીવન નથી પણ પૈસો એ જીવનની જરૂરિયાત છે. હવે આપણે દિવસ-રાત પૈસા કમાવા માટે આપણું સ્વાસ્થ્ય વેચવામાં વ્યસ્ત છીએ. આજનો માણસ ખૂબ જ મૂર્ખાઈથી જીવન જીવી રહ્યો છે.આપણે પૈસા કમાવવા માટે પહેલા આપણું સ્વાસ્થ્ય બગાડીએ છીએ અને પછી આપણું સ્વાસ્થ્ય પાછું મેળવવા માટે આપણા પૈસા બગાડીએ છીએ. આપણે એક વાત હંમેશા યાદ રાખવી જોઈએ કે સ્વાસ્થ્ય એ સૌથી મોટી સંપત્તિ છે. જો તમારી પાસે સ્વાસ્થ્ય હોય તો તમે ચોક્કસપણે પૈસા કમાઈ શકો છો,પરંતુ તમારી પાસે સ્વાસ્થ્ય હોવા છતાં તમે પૈસા કમાઈ શકતા નથી.પૈસો જીવનની જરૂરિયાત હોઈ શકે છે,પરંતુ તેનો હેતુ ક્યારેય નથી.પૈસા એક સાધન છે,અંત નથી. પૈસા કમાવા જોઈએ પણ સ્વાસ્થ્યનો ત્યાગ કરીને નહીં. હંમેશા રાત્રે સૂતા પહેલા મૂલ્યાંકન કરવું જોઈએ કે શું આજે આપણે કોઈનું દિલ દુભાવ્યું છે..? શું આપણે આપણા વિચારો, વાણી અને કાર્યો દ્વારા આજે એવું કોઈ કામ કર્યું છે કે જેનાથી કોઈનું દિલ દુભાવ્યું હોય? જીવનમાં, હંમેશા એ સુનિશ્ચિત કરવાનો પ્રયત્ન કરો કે આપણું દરેક કાર્ય બીજાને સુખ આપે. જેઓ બીજાના સુખનું ધ્યાન રાખે છે, કુદરત પોતે જ તેમના સુખનું ધ્યાન રાખે છે. તે યાદ રાખવું જોઈએ કે જે વહેંચાયેલું છે તે જ આપણી પાસે પાછું આવે છે. સુખ વહેંચનારને કુદરત જ સુખ આપે છે અને દુઃખ વહેંચનારને દુઃખ આપે છે. જીવનમાં ખુશીઓ અને પ્રેમ વહેંચતા શીખો જેથી બીજાની સાથે આપણે પોતે પણ ખુશ અને સંતુષ્ટ રહી શકીએ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

**જલ શક્તિના કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી સી. આર. પાટિલે જણાવ્યું હતું કે, "આ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે**

# વર્લ્ડ ઇકોનોમિક ફોરમ ૨૦૨૫માં ભારતના વોશ ઇનોવેશન્સે વૈશ્વિક ચર્ચાનું નેતૃત્વ કર્યું

**સ્વચ્છ ભારત મિશન અને જેજેએમ સ્વચ્છતા અને પાણીની સુલભતામાં સુધારો કરવા માટે મોટા પાયે, સરકારની આગેવાની હેઠળની પહેલોની અસરકારકતા દર્શાવે છે, મંત્રીશ્રીએ પ્રાસંગિક પ્રવચન દરમિયાન જણાવ્યું હતું કે, "સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરીને આ યોજનાએ માત્ર મહિલાઓને જ સશક્ત બનાવી નથી, પરંતુ તેમની સુરક્ષા પણ સુનિશ્ચિત કરી છે.**

દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ૨૦૨૫માં ભારતીય પેવેલિયનમાં "ભારતની વોશ ઈનોવેશનઃ ડ્રાઈવિંગ ગ્લોબલ ઈમ્પેક્ટ ઈન ક્લાઈમેટ એન્ડ વોટર સસ્ટેઈનેબિલિટી" શીર્ષક હેઠળ વૈશ્વિક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિશન દ્વારા અપનાવવામાં આવેલી શ્રેષ્ઠ પદ્ધતિઓને પ્રદર્શિત કરવાની પૃષ્ઠભૂમિમાં આયોજિત આ હાઈ-પ્રોફાઈલ સત્રમાં જળ, સ્વચ્છતા અને સ્વચ્છતા (WASH)માં ભારતની પરિવર્તનકારી સિદ્ધિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જેમાં વૈશ્વિક આબોહવા સ્થિતિસ્થાપકતા અને સાતત્યપૂર્ણ વિકાસમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જલ શક્તિ મંત્રી કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટિલે સ્વચ્છ ભારત મિશન (એસબીએમ) અને જલ જીવન મિશન (જેજેએમ)ના અમલીકરણમાં ભારતની સફરને પ્રસ્તુત કરીને મુખ્ય સંબોધન કર્યું હતું. આ પહેલ સ્વચ્છતા કવરેજને સુધારવા અને લાખો ગ્રામીણ ઘરોને પીવાનું શુધ્ધ પાણી પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ રહી છે. જલ શક્તિના કેન્દ્રીય કેબિનેટ મંત્રી શ્રી સી. આર. પાટિલે જણાવ્યું હતું કે, "આ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે વિશ્વને દર્શાવે છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના સ્વપ્રદ્રષ્ટા નેતૃત્વ હેઠળ ભારત જળ સંરક્ષણ માટે માત્ર પ્રતિબદ્ધ જ નથી, પરંતુ આ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રમાં પરિવર્તનકારી ક્રાંતિ પણ લાવી રહ્યું છે. મોટા પાયા પરના પ્રયાસો દ્વારા, રાષ્ટ્રએ તેના જળ સંસાધનોને નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યા છે, જેણે ટકાઉ જળ વ્યવસ્થાપન માટે વૈશ્વિક બેંચમાર્ક સ્થાપિત કર્યો છે. પાણીની અછતને સાર્વત્રિક પડકાર તરીકે સંબોધિત કરવા, આબોહવામાં પરિવર્તન, વધુ પડતી વસ્તી અને વધુ પડતા ઉપયોગને કારણે વધુ તીવ્ર બને છે, તે મજબૂત આંતરરાષ્ટ્રીય સહકાર અને સામૂહિક કાર્યવાહી માટે કહે છે." મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, "વર્ષોથી અમે ગ્રામીણ ભારત માટે પીવાના શુધ્ધ પાણીની સુલભતા સુનિશ્ચિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. વર્ષ ૨૦૧૯માં જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ જલ જીવન મિશન (જેજેએમ)ની શરૂઆત કરી હતી, ત્યારે ફક્ત ૧૭ ટકા ગ્રામીણ પરિવારો પાસે નળનાં પાણીનાં જોડાણો હતાં. જો કે, આજે જળ જીવન મિશન હેઠળ ૭૯.૬૬ ટકા ગ્રામીણ પરિવારોને પીવાનું શુધ્ધ પાણી મળી રહ્યું છે. આ પરિવર્તન માત્ર પાણી પૂરું પાડવાની જ નથી, પરંતુ જીવન બદલવાની પણ છે - ગ્રામ્ય ભારત હવે પાણી લાવવામાં દરરોજના ૫૫ મિલિયન કલાકની બચત કરી રહ્યું છે, જે કામદારોની ભાગીદારી અને ઉત્પાદકતા વધારવાને સક્ષમ બનાવી રહ્યું છે, ખાસ કરીને મહિલાઓ તરફથી." વર્લ્ડ ઈકોનોમિક ફોરમ મંત્રાલયને વોશ ઈનોવેશન અને આબોહવાની સ્થિતિસ્થાપકતામાં ભારતની અભૂતપૂર્વ પહેલો પ્રદર્શિત કરવા માટે એક મંચ પ્રદાન કરે છે, જેમાં વોશ સેવાઓની સમાન અને સર્વસમાવેશક સુલભતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો પર ભાર મૂકવામાં આવ્યો છે. સ્વચ્છ ભારત મિશન અને જેજેએમ સ્વચ્છતા અને પાણીની સુલભતામાં સુધારો કરવા માટે મોટા પાયે, સરકારની આગેવાની હેઠળની પહેલોની અસરકારકતા દર્શાવે છે. મંત્રીશ્રીએ પ્રાસંગિક પ્રવચન દરમિયાન જણાવ્યું હતું કે, "સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરીને આ યોજનાએ માત્ર મહિલાઓને જ સશક્ત બનાવી નથી, પરંતુ તેમની સુરક્ષા પણ સુનિશ્ચિત કરી છે. ડબ્લ્યુએચઓના જણાવ્યા અનુસાર, સ્વચ્છતામાં સુધારો લાવવાની દિશામાં છેલ્લા દાયકામાં કરવામાં આવેલા પ્રયત્નોથી પાંચ વર્ષથી ઓછી ઉંમરના ૩ લાખ બાળકોના મૃત્યુને ટાળી શકાયું છે." તદુપરાંત, સામુદાયિક જોડાણ, વર્તણૂકમાં પરિવર્તન અને ટેકનોલોજીનો ઉપયોગ કરવા પર ભારતનું ધ્યાન કેન્દ્રિત કરવું સમાન પડકારોનો સામનો કરી રહેલા અન્ય દેશો માટે એક મોડેલ પૂરું પાડે છે. મુખ્ય સંબોધન પછી બે સમજદાર પેનલ ચર્ચાઓ કરવામાં આવી હતી. વોટર પેનલે "બ્રીચિંગ ગ્લોબલ ઈમ્પેક્ટ ઈન વોટર સસ્ટેઈનેબિલિટી" વિષય પર એનએમસીજી, યુનિસેફ અને વોટરએઈડ સહિતના વિશિષ્ટ વૈશ્વિક નિષ્ણાતોને રજૂ કર્યા હતા અને વૈશ્વિક જળ સ્થિરતાને આગળ વધારવા માટે નવીન અભિગમો અને વ્યૂહરચનાઓ વહેંચી હતી. સેનિટેશન પેનલ "ઈનોવેશન ઈન ગ્લોબલ હેલ્થ થ્રૂ સેનિટેશન" વિષય પર કેન્દ્રિત હતી, જેમાં ગેટ્સ ફાઉન્ડેશન, રાઈઝબર્ગ વેન્ચર્સ, બીસીએઆર, કેપજેમિનીના આદરણીય પેનલિસ્ટ્સ અને અભિનેતા અને નીતિ એડવોકેટ શ્રી વિવેક ઓબેરોયને એકઠા કરવામાં આવ્યા હતા, જેમણે સ્વચ્છતામાં અભૂતપૂર્વ નવીનતાઓ અને વૈશ્વિક સ્વાસ્થ્ય પર તેની અસરને પ્રકાશિત કરીને આ વિષય પર ચર્ચા કરી હતી. ઈન્ડિયા પેવેલિયન ખાતે પેનલ ડિસ્કશનમાં ભારતની વોશ નવીનતાઓ અને વૈશ્વિક સ્થિરતા પડકારોને પહોંચી વળવામાં તેમના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ જાહેર-ખાનગી ભાગીદારી, ટેકનોલોજી-સંચાલિત સોલ્યુશન્સ અને વૈશ્વિક સ્તરે સફળ મોડેલોને સ્કેલ કરવા માટેની વ્યૂહરચનાઓ પર સંવાદને પ્રોત્સાહન આપવાનો હતો. ચર્ચાઓમાં સ્થાયી જળ વ્યવસ્થાપન, આબોહવાને અનુકૂળ પદ્ધતિઓ અને જાહેર-ખાનગી જોડાણો માટે ભારતનાં સ્કેલેબલ મોડલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ખુલ્લામાં શૌચક્રિયાને નાબૂદ કરવી, એસબીએમ હેઠળ ૯૫ મિલિયનથી વધારે શૌચાલયોનું નિર્માણ અને જેજેએમ હેઠળ વ્યાપક ઘરગથ્થું નળનાં પાણીનાં જોડાણો જેવી મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓએ ભારતને વોશ પહેલોમાં વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કર્યું છે. આ પ્રયાસોએ સ્વચ્છતા, સ્વચ્છતા અને પાણી ભરવામાં ઓછા સમય દ્વારા આરોગ્ય, શિક્ષણની સુલભતા અને આર્થિક તકોમાં સુધારો કરીને જીવનમાં પરિવર્તન લાવ્યું છે. આ સિદ્ધિઓ વર્લ્ડ ઈકોનોમિક ફોરમના વ્યાપક લક્ષ્યો સાથે આબોહવા ક્રિયા અને પાણીની સ્થિરતા માટે સહયોગી ઉકેલોને પ્રોત્સાહન આપવા માટે સુસંગત છે. ડબ્લ્યુઈએફ (WEF) એ યુનાઈટેડ નેશન્સ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (યુએનએસડીજી)ને આગળ ધપાવવામાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો, ખાસ કરીને તે લક્ષ્યાંકો પાણી અને સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરતા હતા. આરોગ્ય, ખાદ્ય સુરક્ષા, આર્થિક વિકાસ અને જૈવવિવિધતાને જોખમમાં મૂકતી વૈશ્વિક જળ કટોકટીને પહોંચી વળવા માટે સહયોગી પગલાં લેવાની જરૂર છે.

# કર્પૂરી ઠાકુર સામાજિક ન્યાયના મસીહા છે : ઉપરાષ્ટ્રપતિ

**કર્પૂરી ઠાકુરે સમાનતાના યુગની શરૂઆત કરી હતી, સદીઓ જૂની જડતાને તોડીને અનેક લોકો માટે વિશાળ તકોના દરવાજા ખોલ્યા હતા**

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે આજે જણાવ્યું હતું કે શ્રી કર્પૂરી ઠાકુર સામાજિક ન્યાયના મસીહા હતા અને તેમણે અનામત લાગુ કરાવ્યું કે જેનાથી મોટી સંખ્યામાં લોકો માટે વિશાળ તકો ખુલી હતી. બિહારના સમસ્તીપુરમાં શ્રી કર્પૂરી ઠાકુરની ૧૦૧મી જન્મ જયંતિ પર આયોજિત સ્મારક કાર્યક્રમને સંબોધિત કરતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, "ભારતના મહાન સપૂત શ્રી કર્પૂરી ઠાકુર સામાજિક ન્યાયના મસીહા છે. કર્પૂરી ઠાકુરે ઘણાં જ ઓછા સમયમાં સામાજિક અને રાજકીય પરિવર્તનનો નવો ઈતિહાસ લખ્યો હતો. તેમણે સદીઓ જૂની જડતાને તોડી નાખી અને એક વિશાળ જનસંખ્યા માટે અપાર સંભાવનાઓના દ્વાર ખોલ્યા હતા. તેઓ એવા મહાન માણસ હતા જેમણે સમાનતાના નવા યુગની શરૂઆત કરી હતી. તેમણે પોતાનું જીવન સમાજના હાંસિયા પર રહેલા લોકોને સમર્પિત કરી દીધું, જેમની અવગણના બધાંએ કરી હતી." ઉપરાષ્ટ્રપતિએ કર્પૂરી ઠાકુરના અનુકરણીય ચરિત્ર પર પ્રકાશ પાડતા વધુમાં જણાવ્યું હતું કે, "આદર્શ વ્યક્તિત્વ શું છે તે સમજવા માટે આપણે શ્રી કર્પૂરી ઠાકુરના જીવન તરફ જોવું જોઈએ. તેમનું બલિદાન, તેમનું સમર્પણ અને કેવી રીતે તેમણે ક્યારેય રાજવંશીય રાજકારણને પ્રોત્સાહન આપ્યું નથી. તેઓ એક રાષ્ટ્રીય નેતા હતા, જેઓ જાતિ, ધર્મ અને વર્ગથી ઉપર ઉઠીને સમાનતા પર ધ્યાન કેન્દ્રિત કરતા હતા અને વિકાસને પ્રોત્સાહન આપતા હતા. ભારત રત્ન કર્પૂરી ઠાકુરે સામાજિક ન્યાયને આગળ વધારીને દેશ પર એક અલગ છાપ છોડી હતી. મુશ્કેલ અને પડકારજનક વાતાવરણમાં તેમણે કોલેજનું શિક્ષણ પૂરું કર્યું. એક એવી વ્યક્તિ જેમણે ક્યારેય કોઈ સંપત્તિ એકઠી કરી નથી અને પોતાનું આખું જીવન લોકોને સમર્પિત કરી દીધું છે." કર્પૂરી ઠાકુરની દૂરંદેશીપણા પર પ્રકાશ પાડતા ધનખરે કહ્યું હતું કે, "કર્પૂરી ઠાકુર 'સ્ટેટ્સમેન' હતા. તેમણે વર્તમાન અને ભવિષ્ય બંને વિશે વિચાર્યું. તેમણે વિરોધની પરવા કર્યા વિના અનામતનો અમલ કર્યો. આ એક નવું પ્રકરણ હતું.

માનનીય કૃષિપ્રધાને ઉલ્લેખ કર્યો તે મુજબ, તેમણે અંગ્રેજીની અનિવાર્યતાને સમાપ્ત કરી અને સરકારી કચેરીઓમાં હિન્દીના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું. તેના માટે તેમને ઉપહાસનો સામનો કરવો પડ્યો હતો. હવે આપણને સમજાય છે કે તેઓ કેટલા દૂરદર્શી હતા. તેઓ દેશના પ્રથમ એવા મુખ્યમંત્રી હતા જેમણે શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને રાજ્યમાં મેટ્રિક સુધીના શાળાકીય શિક્ષણને મફત બનાવનારા તેઓ પ્રથમ મુખ્યમંત્રી હતા."

# દિલજિત દુઃખીઃ ફરી વખત 'પંજાબ ૯૫' પોસ્ટપોન થઈ

## પંજાબના માનવ અધિકાર કર્મશીલના જીવન આધારિત ફિલ્મમાં સેન્સર બોર્ડે ૧૨૦ કટ્સ સૂચવ્યા હતા

દિલજિત દોસાંજની ફિલ્મ 'પંજાબ'૯૫' માનવ અધિકાર કર્મશીલ જસવંત સિંઘ કાલરાના જીવન પર આધારિત છે, જેની રિલીઝ ફરી એક વખત પોસ્ટપોન થઈ છે. આ ફિલ્મ છેલ્લાં ત્રણ વર્ષથી પોસ્ટપોન થઈ રહી છે. તેને એક પછી એક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ એક એવી પોલિટિકલ થ્રિલર છે, જેમાં દિલજિત લીડ રોલમાં છે. જસવંત સિંઘ કાલરાના જીવન અને મૃત્યુ પર આધારિત આ ફિલ્મ ફેબ્રુઆરીમાં વિશ્વકક્ષાએ રિલીઝ થવાની હતી. પરંતુ સોમવારે દિલજિત અને તેની ફિલ્મના અન્ય સભ્યો દ્વારા ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરવામાં આવી કે જાહેર થયેલી તારીખે આ ફિલ્મ રિલીઝ નહીં થાય.દિલજિતે સોમવારે તેના ઈન્સ્ટાગ્રામ પર લખ્યું,"અમે દિલગીર છીએ, અમે આપને જણાવતા ઘણા વ્યથિત છીએ કે અમારા નિયંત્રણ બહારના કારણોસર ફિલ્મ 'પંજાબ '૯૫' જાહેર કરેલી તારીખ ૭ ફેબુઆરીએ રિલીઝ થશે નહીં." આ સાથે દિલજિતે કાલરાની તસવીર પણ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી હતી. સેથા તેણે કૅપ્શનમાં એક ક્વોટ લખ્યો હતો."હું ગુરુને પ્રાર્થના કરું છું, જેઓ સત્યને જાણે છે અને તેની જ્યોત પ્રજ્વલિત રાખે છે."હની ત્રેહાન દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે અને રોની સ્ક્રૂવાલાએ પ્રોડ્યુસ કરી છે. તેમાં દિલજિત સિવાય અર્જૂન રામપાલ, સુવિંદર વિકી, વરુણ બદોલા અને ગીતિકા વિદ્યા ઓહલાન સહિતના કલાકારો મહત્વના રોલમાં છે. આ ફિલ્મ જ્યારેથી સેન્સર બોર્ડને સર્ટિફિકેટ માટે મોકલવામાં આવી ત્યારે છેલ્લાં ત્રણ વર્ષથી નવા નવા વિવાદોમાં ફસાતી રહી છે. ૨૦૨૨માં આ ફિલ્મનાં નામમાં ફેરફાર સાથે તેમાં સુધારા પણ સૂચવાયા હતા. આ ફિલ્મનું નામ પહેલાં ઘલુઘરા હત્યાકાંડ પરથી 'ઘલુઘરા' નામ રાખવામાં આવ્યું હતું. તે સેન્સર બોર્ડમાં સબમિટ કરવામાં આવી, તો બોર્ડે ૧૨૦ કટ સૂચવાયા અને ફિલ્મનું નામ પણ બદલવાનું સૂચન કરવામાં આવ્યું. ત્યાર બાદ શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી દ્વારા દરમિયાનગીરી કરવામાં આવી, પછી તેમાંથી કટ તો ઓછાં થયાં પરંતુ નામ તો બદલવાનું જ હતું. તેથી ફિલ્મને 'પંજાબ '૯૫' નામ આપવામાં આવ્યું. ૨૦૨૨માં આ ફિલ્મનું ટ્રેલર પણ યૂટ્યુબમાં પહેલાં લૉંચ કરવામાં આવ્યું અને પછી તરત જ તેને એક જ દિવસમાં પાછું ખેંચી લેવાયું.



આ વર્ષે જાન્યુઆરીમાં દિલજિતે ઈન્સ્ટાગ્રામ પર ફરી આ ફિલ્મનું નવું ટ્રેલર શેર કર્યું હતું. ત્યારે ફેબ્રુઆરી ૭એ આ ફિલ્મ વિશ્વ કક્ષાએ કોઈ કટ વિના રિલીઝ થશે તેવી જાહેરાત કરવામાં આવી. જોકે, ભારતમાં આ ફિલ્મની રિલીઝ અંગે કોઈ જ અપડેટ આવી નહોતી.૨૦૨૩માં આ ફિલ્મનું ટોરન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં વર્લ્ડ પ્રીમિયર યોજાવાનું હતું. પરંતુ તેના શોના એક દિવસ પહેલાં જ તેને લિસ્ટમાંથી દૂર કરી દેવાયું હતું. એક સૂત્રના જણાવ્યા અનુસાર, તેમાં કેટલાંક રાજકીય બળોની રમત હતી. કૅનેડામાં શીખ સમાજની સંખ્યા ભારત પછી બીજા ક્રમે છે. તેથી આ ફેસ્ટિવલમાંથી ફિલ્મ દૂર કરી દેવાઈ હતી, જોકે, ફેસ્ટિવલના આયોજકોએ આ અંગે ક્યારેય ઈનકાર પણ નથી કર્યો અને કોઈ સ્વીકાર પણ કર્યો નથી.જસવિંત સિંઘ કાલરા, પંજાબના માનવ અધિકાર કાર્યકર હતા, જેમણે પંજાબમાં આતંકવાદના સમયમાં શીખ યુવાનોના નકલી એન્કાઉન્ટર વિરુદ્ધ લડત ચલાવી હતી. પંજાબી સિંગર અને એક્ટર દિલજીત દોસાંજની આગામી ફિલ્મ 'પંજાબ ૯૫'ની રિલીઝ ડેટ મોકૂફ રાખવામાં આવી છે. તે ૭ ફેબ્રુઆરીએ રિલીઝ થવાની હતી.

પરંતુ હવે આ ફિલ્મની રિલીઝ ટાળી દેવામાં આવી છે. નવી રિલીઝ ડેટ હજુ જાહેર કરવામાં આવી નથી. આ જાણકારી દિલજીતની ટીમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આપી છે, પ ંજાબી સિંગર અને એક્ટર દિલજીત દોસાંઝે ગયા વર્ષે પોતાના પ્રવાસથી લોકોના દિલ જીતી લીધા હતા. હવે તે તેની નવી ફિલ્મ 'પંજાબ ૯૫'માં જોવા મળશે. તેના ચાહકો આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. જોકે, ફિલ્મની રિલીઝ ડેટ લંબાવવામાં આવી છે, અગાઉ આ ફિલ્મ ૭મી ફેબ્રુઆરીએ રિલીઝ થવાની હતી. દિલજીત દોસાંજની ટીમે તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા આ માહિતી આપી છે. અભિનેતાએ ઘણા સમય પહેલા દિલજીત દોસાંજની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પંજાબ ૯૫'ના કેટલાક ફોટા પોસ્ટ કર્યા હતા. ત્યારથી લોકો આ ફિલ્મની ખૂબ રાહ જોઈ રહ્યા હતા.



**માનવ અધિકાર કર્મશીલ જસવંત સિંઘ કાલરાના જીવન પર આધારિત ફિલ્મ ૭મી ફેબ્રુઆરીએ રિલીઝ થશે નહીં**

# 'લાપતા લેડીઝ'નો હીરો નાગા ચૈતન્ય સામે વિલન બનશે

## ફિલ્મ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે, હવે તેમાં સ્પર્ષ શ્રીવાસ્તવ વિલન તરીકે જોડાયો હોવાના અહેવાલો છે



ઓસ્કારની રેસમાં દોડ્યા બાદ 'લાપતા લેડીઝ'નો હિરો સ્પર્શ શ્રીવાસ્તવ હવે વિલનના રોલમાં જોવા મળશે. નવેમ્બર ૨૦૨૪માં ઓફિશિયલ અનાઉન્સમેન્ટ કરવામાં આવી હતી. જે મુજબ નાગા ચૈતન્ય અને 'વિરુપ ક્ષ'ના ડિરેક્ટર કાર્તિક વર્મા દાંડુ એક પૅન ઈન્ડિયા થ્રિલર ફિલ્મ બનાવી રહ્યા છે. આ એક રહસ્યમય ફિલ્મ હશે. હાલ આ ફિલ્મને 'એનસી ૨૪' નામ આપવામાં આવ્યું છે, ફિલ્મનું નામ હજુ જાહેર થયું નથી.હાલ આ ફિલ્મ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે, હવે તેમાં સ્પર્ષ શ્રીવાસ્તવ વિલન તરીકે જોડાયો હોવાના અહેવાલો છે. 'લાપતા લેડીઝ'થી વધુ જાણીતો થયેલો સ્પર્શ આ ફિલ્મમાં વધુ એક વખત નેગેટિવ રોલમાં જોવા મળશે. આ પહેલાં તે 'જામતારા'માં આ પ્રકારનો રોલ કરી ચૂક્યો છે. ફિલ્મના મેકર્સ તરફથી ટૂંક સમયમાં આ અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ કરવામાં આવશે. વિલન તરીકે સ્પર્ષના અભિનયના અલગ પાસાને જોવામાં દર્શકોને પણ મજા આવશે. અન્ય અહેવાલો અનુસાર નાગા ચૈતન્ય સાથે આ ફિલ્મમાં મીનાક્ષી ચૌધરી લીડ રોલ કરશે. નાગા ચૈતન્ય હાલ 'થંડેલ'નું કામ કરી રહ્યો છે, એ પૂરું થયા બાદ તે આ ફિલ્મનું કામ શરૂ કરશે.



ભૂમિએ ક્લાઇમેટ ચેન્જ અને જેન્ડર ઇક્વાલિટી વિશે વાત કરી

# ભૂમિ પેડનેકરે વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું

વીતેલા જમાનાની જાજરમાન અભિનેત્રી ઝીનત અમાન સાથે કંઈક એવું બન્યું જેનાથી તેમનો જીવ જોખમમાં મુકાઈ ગયો. રાત્રે સૂતા પહેલા ઝીનત અમાન બ્લડ પ્રેશરની દવા લઈ રહી હતી. ગોળી તેના ગળામાં ફસાઈ ગઈ અને તેનો શ્વાસ બંધ થઈ ગયો. તે સમયે ઘરે કોઈ નહોતું. અભિનેત્રીએ તરત જ તેના દીકરા જહાનને ફોન કર્યો. તે તરત જ ઘરે પહોંચ્યો અને તેની માતાને મદદ કરી. ખરેખર, જ્યારે ઝીનત રાત્રે સૂવા જતી હતી, તે પહેલાં તે બ્લડ પ્રેશરની દવા લઈ રહી હતી. પછી તે તેના ગળામાં ફસાઈ ગયું અને તેને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી.૭૩ વર્ષીય ઝીનત અમાને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાનો એક ફોટો શેર કર્યો છે અને ૨૧ જાન્યુઆરીની રાત્રે પોતાની સાથે શું બન્યું તે પણ જણાવ્યું છે.ઝીનતે જણાવ્યું કે જ્યારે તે અંધેરી પૂર્વના એક સ્ટુડિયોમાં દિવસભર શૂટિંગ કર્યા પછી ઘરે પાછી આવી, ત્યારે તેણે રાત્રે સૂતા પહેલા બ્લડ પ્રેશરની દવા લેવાનું શરૂ કર્યું. તેણે ગોળી મોંમાં નાખી અને પાણી પીધું, પણ ગોળી તેના ગળામાં ફસાઈ ગઈ અને વારંવાર પાણી પીધા છતાં તે અટવાઈ ગઈ. ઝીનત અમાનના શ્વાસ લગભગ બંધ થઈ ગયા હતા. અભિનેત્રીના મતે, તે ગોળી ગળી શકતી ન હતી કે થૂંકી પણ શકતી ન હતી. તેણે ઘણું પાણી પીધું, પણ ગોળી સહેજ પણ હલતી ન હતી. ઝીનત અમાને જણાવ્યું કે તે સમયે ઘરે કોઈ નહોતું. તે ખૂબ જ ગભરાઈ ગઈ. જ્યારે મેં ડૉક્ટરને ફોન કર્યો, ત્યારે તેઓ સતત વ્યસ્ત દેખાઈ રહ્યા હતા. પછી તેણે પોતાના દીકરા જહાનને બોલાવ્યો. જહાં ત્યારે ક્યાંક બહાર હતી અને જ્યારે તે ઘરે પાછો ફર્યો ત્યારે ઝીનતની હાલત વધુ ખરાબ થઈ રહી હતી.ત્યારબાદ જહાં મમ્મી ઝીનત અમાનને ડૉક્ટર પાસે લઈ ગયો અને બધું સરખું પાર પડ્યું . ડૉક્ટરે કહ્યું કે ગોળી ધીમે ધીમે ઓગળી જશે. આ પછી, અભિનેત્રીએ આગામી કેટલાક કલાકો સુધી ધીમે ધીમે ગરમ પાણી પીવાનું ચાલુ રાખ્યું. ત્યારે જ તેની હાલતમાં સુધારો થયો. પ્રોફેશનલ ફ્રન્ટ વિશે વાત કરીએ તો, ઝીનત અમાન ટૂંક સમયમાં નેટફ્લિક્સના પ્રોજેક્ટ 'ધ રોયલ્સ'માં જોવા મળશે. આ ઉપરાંત તે મનીષ મલ્હોત્રાના પ્રોજેક્ટ 'બન ટિક્કી'માં પણ જોવા મળશે.

# મોનાલીની તબિયત લાઈવ કોન્સર્ટમાં લથડી

## મોનાલીની તબિયત બગડ્યા બાદ, તેને દિનહાટા સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં લઈ જવામાં આવી

ગાયિકા મોનાલી ઠાકુર એક લાઈવ કોન્સર્ટ દરમિયાન બીમાર પડી ગઈ. તેમને અચાનક શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી, જેના પછી ગાયકને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. મોનાલીને ત્યાં દાખલ કરવામાં આવી છે અને તેની સારવાર ચાલી રહી છે. હાલમાં ગાયકે પોતે કંઈ કહ્યું નથી. ગાયિકા મોનાલી ઠાકુરને લાઈવ પર્ફોર્મન્સ દરમિયાન શ્વાસ લેવામાં ગંભીર તકલીફ થઈ, જેના પછી તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી . "સવાર લૂન" અને "મોહ મોહ કે ધાગે" જેવા હિટ ગીતો માટે પ્રખ્યાત આ ગાયિકા દિનહાટા મહોત્સવમાં ગાતી હતી ત્યારે અચાનક તેને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. ઈવેન્ટ મેનેજરોએ કહ્યું કે મોનાલી ઠાકુર ગંભીર મુશ્કેલીમાં હોય તેવું લાગી રહ્યું છે અને તેમણે તાત્કાલિક પ્રદર્શન બંધ કરી દીધું.મોનાલીની તબિયત બગડ્યા બાદ, તેને દિનહાટા સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં લઈ જવામાં આવી. તેમની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી અને તબીબી મદદ લીધી. થોડીવારમાં જ એક એમ્બ્યુલન્સ આવી ગઈ અને ગાયકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ગાયકને કૂચ બિહારની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં, તેમની ત્યાં સારવાર ચાલી રહી છે.મોનાલી ઠાકુરે હજુ સુધી સોશિયલ મીડિયા પર કોઈ સ્વાસ્થ્ય અપડેટ શેર કરી નથી. થોડા અઠવાડિયા પહેલા, મોનાલીએ અયોગ્ય વ્યવસ્થાને કારણે વારાણસીમાં અચાનક પોતાનો કોન્સર્ટ રદ કર્યો ત્યારે તે હેડલાઈન્સમાં આવી હતી. તેમને લાગ્યું કે આનાથી પગની ઘૂંટીમાં ઈજા થવાનું જોખમ વધી શકે છે અને તેમણે તેમના ચાહકોની માફી પણ માંગી.આ કોન્સર્ટનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં મોનાલી કહેતી જોવા મળી હતી કે, 'હું અને મારી ટીમ અહીં પરફોર્મ કરવા માટે ખૂબ ઉત્સાહિત હતા તે જોઈને હું નિરાશ છું.' આપણે માળખાગત સુવિધાઓ અને તેની સ્થિતિ વિશે વાત કરીશું નહીં, કારણ કે તે મેનેજમેન્ટની જવાબદારી છે. મેં વારંવાર કહ્યું છે કે અહીં મારા પગની ઘૂંટીમાં દુખાવો થઈ શકે છે. મારા નર્તકો મને શાંત રહેવાનું કહી રહ્યા હતા, પણ બધું જ ગડબડ હતું.ગાયકે આગળ કહ્યું, 'અમે ખૂબ જ મહેનત કરી રહ્યા હતા કારણ કે હું તમારા બધા પ્રત્યે જવાબદાર છું અને તમે મારા માટે આવ્યા, ખરું ને?' તો તમે આ બધા માટે મને જવાબદાર ઠેરવશો.



# મેં સ્ટાર કિડ્ઝના કારણે ઘણી ફિલ્મો ગુમાવી : કાર્તિક આર્યન

## 'આશિકી ૩'માં કાર્તિક સાથે લીડ એક્ટ્રેસ હજુ જાહેર થઈ નથી

સ્ટાર કિડ્ઝ હોવાના ફાયદા અને ગેરફાયદા તેમજ બહારથી આવતા કલાકારોના ગેરફાયદા વિશે ઈન્ડસ્ટ્રીમાં અવાર નવાર ચર્ચા થતી રહે છે. હવે બહારથી આવતા લોકોના નફા-નુકસાનની ચર્ચામાં ફરી એક વખત કાર્તિક આર્યને પણ ઝંપલાવ્યું છે. તેણે બોલિવૂડ સાથે જોડાયેલા પરિવારોમાંથી આવતા કલાકારોને મળતી તકો વિશે અને તેના કારણે તેને કેટલું સહન કરવું પડ્યું છે તે અંગે વાત કરી હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં કાર્તિકે જણાવ્યું, "મારા રોલ પણ ઘણી વખત એવી રીતે ગયા છે કે, મને લાગ્યું હોય કે પરિવાર કે બીજા કોઈને મળ્યો તેનાં કરતાં આ રોલ મને મળવો જોઈતો હતો. જોકે, તેમાં તેમનો પણ કોઈ વાંક નથી. મેં હવે આ સ્થિતિ સ્વીકારી લીધી છે. જો હું કોઈ એવા પરિવારમાં જન્મ્યો હોત તો કદાચ મારી સાથે પણ એવું થતું હોત." ઈન્ડસ્ટ્રીમાં ચાલતા પરિવારવાદના કારણે તમના પરિવારના સંતાનો અને સંબંધીઓને બહારથી કોઈ માર્ગદર્શક કે પારિવારિક સંબંધો વિના આવતા કલાકારો કરતા વધારે પ્રમાણમાં અને વારંવાર તકો મળતી રહી છે આ ચર્ચા ઘણા વખતથી વારંવાર સપાટી પર આવતી રહી છે, સામે આવા કલાકારો પોતાનો પક્ષ પણ મૂકીને પોતાના અલગ પડકારો પણ ગણાવતા આવ્યા છે. કાર્તિક માટે ૨૦૨૪માં તેની બે ફિલ્મો આવી, કબીર ખાનની 'ચંદુ ચેમ્પિયન', 'ભુલભુલૈયા ૩.' પહેલી ફિલ્મ ભલે બોક્સ ઓફિસ પર બહુ સારી ન ચાલી પરંતુ પેરાલિમ્પિક ચેમ્પિયન મુરલીકાંત પેટકરના તેના પાત્રને ઘણું વખાણાયું. બીજી ફિલ્મ દિવાળી પર રિલીઝ થઈ અને 'સિંઘમ અગેઈન' સાથે ટક્કર છતાં ૪૦૦ કરોડની કમાણી કરી હતી. હવે તે 'આશિકી ૩'માં જોવા મળશે, જેની ૨૦૨૩માં જાહેરાત થઈ હતી. 'આશિકી ૩'માં કાર્તિક સાથે લીડ એક્ટ્રેસ હજુ જાહેર થઈ નથી, પરંતુ કાર્તિકે આ ફિલ્મની તૈયારી શરૂ કરી દીધી છે. તાજેતરમાં કાર્તિક નવા લૂક સાથે જાહેરમાં જોવા મળ્યો હતો. તાજેતરમાં એક ઈવેન્ટ દરમિયાન દાઢી અને વાળ વધારેલો કાર્તિક જોવા મળ્યો હતો. કાર્તિકે આગામી ફિલ્મ માટે આ લૂક મેળવ્યો હોવાનું મનાય છે. કાર્તિકના નવા લૂકનું કારણ હજુ જાહેર થયું નથી, પરંતુ ટૂંક સમયમાં 'આશિકી ૩' ફ્લોર પર જવાની શક્યતા જણાય છે. કાર્તિકે અને ફિલ્મ મેકર્સે લીડ એક્ટ્રેસ નક્કી કરી હોય તેવી શક્યતા છે. તૃપ્તિ ડીમરીના સ્થાને કાર્તિક સાથે લીડ રોલમાં કોની પસંદગી થાય છે તે જોવું રહ્યું.



# વૃદ્ધત્વ વિરોધી દવાઓ વિષે સંશોધનમાં વિશેષ રસ

## વીડિયો પર ઇન્ડસ્ટ્રીના ઘણા સ્ટાર્સે ટિપ્પણી કરી છે, પરંતુ કેટલાક લોકોએ દવાના અભ્યાસની આ પદ્ધતિ પર પણ પ્રશ્નો ઉઠાવ્યા છે



ઈન્સ્ટાગ્રામ પર એકતા કપૂરનો એક વીડિયો સામે આવ્યો છે. આ વિડીયોમાં તે જ્યોતિષ અને ઔષધીય પૂરવણીઓ પ્રત્યેના તેના જુસ્સા વિશે વાત કરે છે. આ વીડિયો પર ઈન્ડસ્ટ્રીના ઘણા સ્ટાર્સે ટિપ્પણી કરી છે, પરંતુ કેટલાક લોકોએ દવાના અભ્યાસની આ પદ્ધતિ પર પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. એકતા કપૂર ટેલિવિઝન ઉદ્યોગની સૌથી શક્રિતશાળી હસ્તીઓમાંની એક છે. હાલમાં, તેનો એક વીડિયો બધાને આશ્ચર્યચકિત કરી રહ્યો છે, જેમાં તે બે બાબતોમાં પોતાની રુચિ વ્યક્ત કરી રહી છે. એકતાના પહેલા રસ વિશે બધા જાણે છે, પણ તે જે બીજી વાત કરી રહી છે તે ખરેખર આશ્ચર્યજનક છે.એકતાએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તે જ્યોતિષ અને દવાના પૂરક વિશે વાત કરતી જોવા મળે છે. તેમનો આ વીડિયો જોઈને, જ્યારે તેમના નજીકના લોકો અને ઉદ્યોગના મિત્રો તેમના વખાણ કરી રહ્યા છે, ત્યારે ઘણા સામાન્ય લોકો આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છેએકતા કપૂરે એક વીડિયો શેર કર્યો છે, જેના કેપ્શનમાં લખ્યું છે, 'માય પેશન સપ્લીમેન્ટ્સ વેલનેસ મેડિસિન હેલ્થ જ્યોતિષ!'તેમણે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેમણે ઘરના એક ખૂણામાં દવાઓનો મોટો સ્ટોક બતાવ્યો છે. વીડિયોમાં, તે કહેતી જોવા મળે છે, 'થોડા વર્ષોમાં, મને લાગે છે કે હું તેમાં શિફ્ટ થઈશ.' આજે, હું તમારી સાથે શેર કરીશ કે મને સૌથી વધુ શું કરવાનું ગમે છે. મારા મનપસંદ વિષયો જ્યોતિષ અને દવા છે. હું દવાનો અભ્યાસ કરી રહી છુ અને આ મારો પ્રિય વિષય છે અને વૃદ્ધત્વ વિરોધી દવાઓ વિષે વાંચવું મને ગમે છે.



# ઘરે બોલાવીને કલાકો સુધી મારી મજાક ઉડાવી : વિજય

## તાજેતરમાં એક રાઉન્ડ ટેબલ ચર્ચામાં વિજય સેતુપતિએ અરવિંદ સ્વામી સાથેની પોતાની દોસ્તી અંગે વાત કરી હતી

વિજય સેતુપતિ સાઉથની ફિલ્મોનો એક જાણીતો ચહેરો અને લોકપ્રિય કલાકાર છે. થોડાં વખત પહેલાં જ આવેલી તેની 'વિદુથલાઈ પાર્ટ ૨' અને 'મહારાજા' બંને વિવેચકોએ પણ વખાણી છે અને ફિલ્મે કમાણી પણ સારી કરી છે. ત્યારે આ વર્ષ પણ વિજય સેતુપતિ માટે સારું રહે તેવી અપેક્ષાઓ છે. તાજેતરમાં એક રાઉન્ડ ટેબલ ચર્ચામાં વિજય સેતુપતિએ અરવિંદ સ્વામી સાથેની પોતાની દોસ્તી અંગે વાત કરી હતી. વિજય સેતુપતિએ હસીને કિસ્સો કહ્યો,"અરવિંદ સ્વામી ઘણી વખત, એમને વાત કરવી છે એવું કહીને મને તેમના ઘેર આમંત્રણ આપે છે. હું ત્યાં જાઉં છું અને અમે એક બે ડ્રિંકની મજા લઈએ છીએ, પછી એ કલાકો સુધી મને સતત ચીડવવાનું શરૂ કરે છે. આ હંમેશાનું છે. એ બોલાવે છે, હું જાઉં છું અને પછી એ મને ખીજવે છે. ક્યારેક સવાર સુધી આવું ચાલે છે."વિજય જેટલી પણ વખત અરવિંદ સ્વામીના ઘેર જાય ત્યારે તેની આવી જ અપેક્ષા હોય છે. આ પ્રકારે મજાક ઉડાડાતી હોવા છતાં તેમનો સંબંધ મજબૂત છે, તાજેતરમાં એક રાઉન્ડ ટેબલ ચર્ચામાં વિજય સેતુપતિએ અરવિંદ સ્વામી સાથેની પોતાની દોસ્તી અંગે વાત કરી હતી તેમને બંનેને એકબીજા પ્રત્યે માન છે અને લાગણી છે. આ કિસ્સા પરથી ખ્યાલ આવે છે કે પડદા પર ગંભીર જણાતો આ કલાકાર વાસ્તવિક જીવનમાં કેટલો હસમુખ અને મજાક-મસ્તી કરનારો છે. જો અરવિંદ સ્વામીની વાત કરવામાં આવે તો મનીષા કોઈરાલા સાથે 'બોમ્બે'થી તેઓ બોલિવૂડમાં જાણીતા થયા હતા. ૨૦૨૪માં તેની 'મૈયાઝગાન' ઘણી સફળ રહી છે, હવે આ બંને કલાકારો ૨૦૨૫માં પણ દર્શકો માટે રસપ્રદ ફિલ્મો લઈને આવી રહ્યા છે.



# ઝાલોદ એ.પી.એમ.સી ખાતે બેંક ઓફ બરોડાના સ્થળાંતર નિમિતે ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતા હેઠળ સમારંભ યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

આજરોજ તારીખ ૨૧-૦૧-૨૦૨૫ના રોજ સવારના ૧૧ વાગે એ.પી.એમ.સી ખાતે બેંક ઓફ બરોડાના સ્થળાંતર નિમિત્તે ઝાલોદ તાલુકાના ધારાસભ્ય તેમજ એ.પી.એમ.સીના ચેરમેન મહેશ ભૂરીયાની અધ્યક્ષતા હેઠળ સમારંભ યોજાયો હતો. આજના આ પ્રોગ્રામમાં ઝોન જનરલ મેનેજર અનુજ ભાર્ગવ તેમજ દાહોદના ડી.આર. એમ પ્રવિણ ગાંધી વિશેષ ઉપસ્થિત રહેલ હતા. સમારંભમા આવેલ દરેક મહેમાનોનું શાલ તેમજ પાઘડી પહેરાવી શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરી સમારંભ ચાલુ કરવામાં આવ્યો હતો.

સહુ પ્રથમ ઝોન જનરલ મેનેજર અનુજ ભાર્ગવ દ્વારા બેંક ઓફ બરોડા એક ભરોસા પાત્ર સરકાર દ્વારા સંચાલિત બેંક હોવાથી વધુમાં વધુ લોકો આ બેંકમા ખાતું ખોલાવે તેમજ દરેક સરકારી સહાયનો લાભ લે તેમજ બેંકની ચાલતી આકર્ષક સ્કીમનો મહત્તમ લોકો ભાગ લે. બીજી બેંક ની સરખામણીમાં બેંક ઓફ બરોડા દ્વારા ધિરાણ પર ઓછા વ્યાજે લોન તેમજ સેવિંગ તેમજ વિવિધ બચતમા આકર્ષક વ્યાજ આપવામાં આવે છે. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ કહ્યું કે આ વિસ્તારમાં બે રાજ્યોના બોર્ડર પર આવેલ છે તેમજ ટ્રાયબલ વિસ્તાર છે. આ તાલુકામાં અંદાજીત ૧૧૫ ગ્રામ પંચાયત છે જેથી ઉપસ્થિત સહુ તલાટી-મંત્રી, સરપંચો, આંગણવાડી બહેનો તેમજ ગ્રામજનો ને આગ્રહ કર્યો હતો કે સહુ લોકો બેંક ઓફ બરોડામા ખાતું ખોલાવે તેથી છેવાડાના માનવી ને પણ સરકાર દ્વારા ચાલતી દરેક યોજનાઓનો લાભ મળે. જલ્દી લોન લેવાની લાલચે વિવિધ એન.જી.ઓ,ખાનગી કંપનીઓ પાસેથી લોન લેવાથી ઉંચુ વ્યાજ દર ચૂકવવું પડે છે જેથી બેંક ઓફ બરોડામા ખાતું ખોલાવી દરેક સંસ્થાઓ કે કર્મચારીઓ કાયદાકીય દરેક પ્રક્રિયાનુ પાલન કરી આ બેંક માંથી લોન લઈ નિયમિત વ્યાજ ભરે જેથી આર્થિક રીતે સહુ લોકો પગભર બને. છેલ્લે બેંક મેનેજર વિવેક દ્વારા ઉપસ્થિત સહુ લોકોને આ સમારંભમાં આવવા માટે આભાર વ્યક્ત કર્યો હતો.

બેંક દ્વારા નાના નાના ભૂલકાઓ ને બેગ વિતરણ, આંગણવાડી બહેનોને પંખાઓનું વિતરણ કરી સન્માન કર્યું હતું. તેમજ વિવિધ બેંક ઓફ બરોડા માંથી વિવિધ કામગીરી માટે લોન લેનાર તેમજ ક્લેમ પાસ થનાર ગ્રાહકોને ચેક વિતરણ પ્રસંગે કી આપી સહુ ગ્રાહકોનુ સન્માન કરેલ હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા બેંકના ઝોન જનરલ મેનેજર અનુજ ભાર્ગવનું સન્માન આ વિસ્તારની સંસ્કૃતિ મુજબ ચાંદીનું ભોંયરુ પહેરાવી કર્યું હતું. તેમજ અનુજ ભાર્ગવ દ્વારા પણ મોમેન્ટો આપી ધારાસભ્ય મહેશ ભૂરીયાનુ આ સમારંભમાં આવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉમરપાડા તાલુકાના વાડી ગામે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિન ઉજવણીની પૂર્વતૈયારીના ભાગરૂપે રિહર્સલ યોજાયું





। (માહિતી) સુરત, તા.૨૪ ।

સુરત જિલ્લા કક્ષાએ ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉમરપાડા તાલુકાના વાડી ગામે સૈનિક સ્કૂલ ખાતે શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની અધ્યક્ષતામાં યોજાશે. જેની પૂર્વ તૈયારીના ભાગરૂપે માંડવી પ્રાંત અધિકારી કૌશિક જાદવની ઉપસ્થિતિમાં રિહર્સલ યોજાયું હતુ. જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસર ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા કક્ષાની આ ઉજવણીને ધ્યાને લઈને કાર્યક્રમ સ્થળે તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. જેના ભાગરૂપે આયોજિત રિહર્સલમાં સૌ ઉપસ્થિતો દ્વારા રાષ્ટ્રગાન તેમજ ત્રિરંગાને સલામી સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. રિહર્સલ દરમિયાન પ્રાંત અધિકારીએ પરેડનું નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સરળ સુગમ રીતે પાર પડે તે માટે વિવિધ વિભાગોએ રિહર્સલમાં ભાગ લીધો હતો અને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

# દાહોદ જિલ્લા પો. અધિક્ષક ડો. રાજદિપ સિંહ ઝાલાની અધ્યક્ષતા હેઠળ પી.એમ.આઈ.ઓ પ્રેરિત જિલ્લા પોલિસ કર્મીઓનું શૌર્ય સન્માન સમારંભ ઝાલોદ પત્રકારો દ્વારા યોજવામાં આવ્યો

## ૪૫ જેટલા પોલિસ કર્મીઓને શીલ્ડ તેમજ પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ ગોયલ પેલેસ ખાતે ૨૩-૦૧-૨૦૨૫ ગુરુવારના રોજ સાંજે ૬:૩૦ વાગે દાહોદ જિલ્લા પોલિસ કર્મીઓનું ૨૦૨૪ મા કરેલ ઉમદા કામગીરી માટે પી.એમ.આઈ.ઓ પ્રેરિત ઝાલોદના પત્રકારો દ્વારા શૌર્ય સન્માન સમારંભ દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક ડૉ. રાજદિપસિંહ ઝાલાની અધ્યક્ષતા હેઠળ યોજવામાં આવ્યો હતો.

સહુ પ્રથમ દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક તેમજ પોલિસ સ્ટાફ ગોયલ પેલેસ ખાતે આવતા ઝાલોદ તાલુકાની શાન એવી ઢોલ કુંડી સાથે ગુલાબની છોળો ઉડાવતા તમામ લોકોનું સ્વાગત પત્રકારો દ્વારા કરવામાં આવ્યું હતું. શૌર્ય સન્માન સમારંભ ચાલુ કરતાં પહેલાં પ્રાર્થના ગીત ગાઈ સમારંભ ચાલુ કરવામાં આવ્યો હતો. ઝાલોદ ઝોનના ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ દ્વારા દાહોદ જિલ્લા અધિક્ષકનું સ્વાગત ફૂલોના બુકે દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ ત્યાર બાદ જિલ્લા પોલિસ અધિક્ષક તેમજ ઉપસ્થિત અધિકારીઓનું સ્વાગત ઝાલોદની પત્રકાર ટીમ દ્વારા આ જિલ્લાની શાન એવી આદિવાસી બંડી તેમજ સાફો પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લાના જૂના તેમજ કાયમ દરેક ક્ષેત્રે એક ઉમદા વક્તા તરીકે નામના કમાનાર સ્વેતલ કોઠારી દ્વારા પોલિસ, પ્રજા અને પત્રકારત્વ વિશે ઉમદા માહિતી આપી હતી. શૌર્ય સન્માન ચાલુ થતાં પહેલાં ભારતમા પોલિસ સાથે પ્રજાના કામ સકારાત્મક રીતે થાય અને પોલિસ અને પ્રજા એક બીજાને પૂરક બને તે માટે પ્રેરિત કરતી સંસ્થા પી.એમ.આઈ.ઓ દ્વારા દાહોદ જિલ્લા પોલીસની ઉમદા કામગીરી માટે આ સમારંભ માટે ટ્રોફી અને સન્માન પત્ર દાહોદ જિલ્લાની ટીમને મોકલવામાં આવ્યા હતા તેની પ્રાથમિક માહિતી પંકજ પંડિત દ્વારા આપવામાં આવી હતી તેમજ દાહોદ જિલ્લા પી.એમ.આઈ.ઓ ની આખી ટીમ દ્વારા દાહોદ જિલ્લા અધિક્ષકનું સ્વાગત કર્યું હતું.

આ શૌર્ય સમારંભ ચાલુ કરતાં દાહોદ જિલ્લા પો.અધિક્ષક એવા ડૉ. રાજદિપસિંહના નેતૃત્વમા



૨૦૨૪ ના વિતેલા વર્ષો દરમિયાન દરેક ક્ષેત્રે બારીકાઈ તેમજ ઝીણવટ પૂર્વક પોતાની આગવી સૂઝબુઝ થી દરેક ક્રાઈમ સાથે સંકળાયેલ કેસોનો ઝડપીમા ઝડપી ઉકેલ લાવેલા જિલ્લા અધિક્ષકનું ટ્રોફી અને સન્માન પત્ર આપી સમારંભ ચાલુ કરવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લામા વિતેલા ૨૦૨૪ વર્ષ દરમ્યાન ઈ.ગુજકોપ પ્રોજેક્ટ થી ઓનલાઈન કામગીરી તેમજ મોનીટરીંગ, નકલી કચેરી, નકલી એન.એ,સોમનાથ મહાદેવ મંદિરે ડ્રોનની મદદ થી ગુનેગારો ને પકડવા, માર્ગ અકસ્માતમા ઘટાડો, તોરણી કેસ, આંતર રાજ્ય ગુનામાં જેવાકે લૂંટ-ધાડ-ચોરી જેવા ૨૫ ગુન્હામા સફળતા, નાસતા ફરતા ૧૨ જેટલા આરોપીની ધરપકડ, ગેરકાયદેસર પ્રોહી.જેવા ગુનામાં સફળતા, રણધીકપુરમા નાની બાળકીનુ મૃત્યુ, નાર્કોટિક્સ, બોગસ ડોક્ટર, ગેરકાયદેસર હથિયાર, ખોટી વેબસાઈટ દ્વારા ફ્રોડ, માર્ગ અકસ્માતમાં ઘટાડો, નકલી ઈક્મટેક્સ અધિકારી જેવા કેસોમા ચાર્જશીટ કરી દરેક કેસોમા બારીકાઈ થી કામગીરી કરી આગવી સૂઝબુઝ થી પ્રશંસનીય કામગીરી કરેલ હતી. છેલ્લે ઝાલોદના પત્રકારો ને માનઆપીનગરનાઆમંત્રિતમહેમાનોદ્વારાદાહોદ જિલ્લા પોલિસ અધિક્ષકનુ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ દાહોદ જિલ્લા પોલિસ દ્વારા આ સુંદર કામગીરી માટે પી.એમ.આઈ.ઓ તેમજ ઝાલોદ પત્રકારોની કામગીરીને વખાણી હતી તેમજ પત્રકાર અને પોલિસ કેવી રીતે સમાજની પરિભાષા બને છે તે વિશે સવિસ્તાર માહિતી આપી પ્રોગ્રામ પૂર્ણ કરેલ હતો. રાત્રી દરમ્યાન દાહોદ જિલ્લાના ગર્વ એવા સંગીત વિસારદ કપિલભાઈ દ્વારા સંગીતનો સુંદર રસ પીરસવામાં આવેલ હતો.

# તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ અંતર્ગત સરાહનીય કામગીરી કરવા બદલ શૈક્ષણિક સંસ્થાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા

## વિરમગામ ખાતે ધારાસભ્ય હાર્દિકભાઇ પટેલના વરદહસ્તે તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થાઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૨૪ ।

ભારત સરકાર દ્વારા તારીખ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૩ નવેમ્બર ૨૦૨૪ સુધી તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ વિરમગામ તાલુકા સહિત અમદાવાદ જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ ખાતે વિવિધ તમાકુ નિષેધના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. તેમજ વિરમગામ સહિત અમદાવાદ જિલ્લાની ૩૩૯ શૈક્ષણિક સંસ્થાઓને તમાકુ મુક્ત શૈક્ષણીક સંસ્થા જાહેર કરવામાં આવી હતી.

અમદાવાદના જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી અને તાલુકા હેલ્થ ઓફિસરના સીધી દેખરેખ હેઠળ તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ અંતર્ગત કામગીરી કરવામાં આવી હતી. વિરમગામ ખાતે વિરમગામ શહેરની ૯ શૈક્ષણિક સંસ્થાઓને તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ અંતર્ગત



સરાહનીય કામગીરી બદલ ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક સંસ્થા ઓને અલગ અલગ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી, પદાધિકારીઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાયા હતા.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળ ની ત્રણ જોડી મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેનોમાં જોડવાંમાં આવ્યા વધારાના કોચ

। અમદાવાદ, તા.૨૪ ।

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને વધારાની ભીડ ને ધ્યાનમાં રાખીને, અમદાવાદ મંડળ થી ચાલનારી ત્રણ જોડી મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેનોમાં ચાર-ચાર કોચ વધારાના ઉમેરવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નં. ૦૯૪૧૩/૦૯૪૧૪ સાબરમતી-બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેન માં સાબરમતી થી ૫,૯,૧૪ અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ તથા બનારસથી ૬,૧૦,૧૫ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બે એસી ૩-ટાયર અને બે સ્લીપર ક્લાસ ના વધારાના કોચ ઉમેરવામાં આવશે.

૨. ટ્રેન નં. ૦૯૪૨૧/૦૯૪૨૨ સાબરમતી-બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેન માં સાબરમતીથી ૨૩ અને ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ તથા બનારસથી ૨૪ અને ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બે એસી ૩-ટાયર અને બે સ્લીપર ક્લાસ ના વધારાના કોચ ઉમેરવામાં આવી રહ્યા છે.

૩. ટ્રેન નં. ૦૯૪૦૩/૦૯૪૦૪ અમદાવાદ-જંઘઈ-અમદાવાદ મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેન માં અમદાવાદથી ૫,૧૪,૧૫,૧૮,૧૯ અને ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ તથા જંઘઈ થી ૭,૧૬,૧૭,૨૦,૨૧ અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બે એસી ૩-ટાયર અને બે સ્લીપર ક્લાસ ના વધારાના કોચ ઉમેરવામાં આવશે.

ટ્રેનોના સ્ટોપેજ સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સુપ્રસિધ્ધ હરસિધ્ધિ માતાના મંદિરે દર્શન કરીને રાજપીપળા જીન કમ્પાઉન્ડ ખાતે ૧૦૮ કુંડી શક્તિ સંવર્ધન ગાયત્રી મહાયજ્ઞ કેમ્પની મુલાકાત કરીને ગાયત્રી પરિવારના અગ્રણીઓ ભાવીકોને ભાવવંદના કરી પ્રણામ કરી વડીલોના આશીર્વાદ લેતા કુબેરભાઈ ડિંડોર

। (માહિતી) રાજપીપળા, તા.૨૪ ।

આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે રાજપીપળા સ્થિત સુપ્રસિધ્ધ હરસિધ્ધિ માતાના મંદિરે સવારે ૭ : ૦૦ કલાકે સુપ્રભાતે દર્શન કરીને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતાં અને મંદિરની બાજુમાં આવેલા જીન કમ્પાઉન્ડ ખાતે ૧૦૮ કુંડી શક્તિ સંવર્ધન ગાયત્રી મહાયજ્ઞની મુલાકાત કરીને ભાવિકોને ભાવવંદના કરીને પ્રણામ કર્યા હતાં સાથે ગાયત્રી પરિવારના અગ્રણીઓ અને માતા-બહેનો, યુવાનોને હેતથી મળીને મુલાકાત લીધી હતી અને ગાયત્રી પરિવારના વડીલોના આશીર્વાદ લીધા હતાં. ત્યારબાદ મંત્રીશ્રી ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના ચાસવડ ખાતે કન્યા છાત્રાલય અને સ્કૂલ બિલ્ડીંગના ખાતમૂહર્તના કાર્યક્રમમાં જવા રવાના થયા હતાં. રાજપીપળા ખાતે તા. ૨૨ થી ૨૫ મી સુધી ચાલનારા આ કાર્યક્રમમાં ગાયત્રી પરિવારના ચાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત



રહીને યજ્ઞનો લાભ લઈ રહ્યા છે સાથે મહિલા સંમેલન તથા પ્રદર્શની-પ્રવચન પણ દિવસ દરમ્યાન યોજવામાં આવે છે. યુવાનોને રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્ર ઘડતરમાં યોગદાન આપીને સ્વસ્થ સમાજના નિર્માણ માટેનું ઉમદા કાર્ય આ કાર્યક્રમના માધ્યમ થકી કરવામાં આવી રહ્યું છે. નર્મદા ગાયત્રી પરિવાર દ્વારા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ હરિદ્વાર નેજા હેઠળ માર્ગદર્શન-આશીર્વાદ થકી ૧૦૮ કુંડીય શક્તિ સંવર્ધન ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

# ડાંગ જિલ્લાના ગાઢવી ગામે “બાળ આરોગ્ય મેળા” નું આયોજન કરાયું

। (માહિતી) ડાંગ, તા.૨૪ ।

દિવાળીબેન ટ્રસ્ટ ના મિશન અને સમાજ સેવા પ્રત્યેના અખંડ પ્રયત્ન ના ભાગરૂપે તારીખ ૨૨ જાન્યુઆરી ના રોજ આહવા તાલુકાના ગાઢવી ગામે “બાળ આરોગ્ય મેળા”નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ‘સ્વચ્છતાં સાથે સંસ્કારનું જ્ઞાન’ સુત્રના આશય સાથે આયોજીત આ મેળામાં ગાઢવી, જામલાપાડા, દિવાનટેમ્બરૂન, આવળ્યામાળ, ગાઢવિહિર, જામનવિહિર, ચંનખલ, પિપલ્યામાળ અને સુકમાળ ગામો ના ૧૦૫૦ થી વધુ બાળકોએ “બાળ આરોગ્ય મેળા” ભાગ લીધો હતો. આ મેળામાં બાળકોના સંપૂર્ણ આરોગ્ય નું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં નક્કી કરાયેલ આરોગ્ય ચકાસણીઓ સાથે જમવાનું પોષણ, વૃદ્ધિ અને વિકાસ અંગે પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. આ મેળામાં અલગ અલગ ડોમ બનાવીને આરોગ્ય ની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જાગૃતિ કરણ કરવામાં આવ્યું હતું. જેમા, બાળકનું રજીસ્ટ્રેશન, વજન ઉચાઈ, પ્રાથમિક સારવાર, આંખ ચેક અપ, સારીટેવ, ખોટીટેવ, ગુડ ટચ બેડ ટચ, હિમોગ્લોબિન તપાસ, ક્રાફટ પ્રવૃતિઓ, માસિક ધર્મ જાગૃતિ કરણ, માનવ શરીર, વ્યસન મુક્તિ, વેસ્ટ મેનેજમેન્ટ, ઘરેલું ઉપચાર, મેડિકલ કિટ, એક મિનિટ રમત, અને બાળ વિકાસ માટે સ્ટેજ પર્ફોમન્સ જેવી પ્રવૃતિ આકર્ષકનું કેન્દ્ર બની હતી. આ મેળાનો મુખ્ય હેતુ ગામડાનાં બાળકોમાં આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો અને આરોગ્ય સંપત્તિ પ્રદાન કરવા માટેનો હતો. દિવાળીબેન ટ્રસ્ટના સ્થાપક શ્રી બી.યુ.પટેલના માર્ગદર્શન હેઠળ અને ટ્રસ્ટ ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નલીનભાઈ જોષીના આશીર્વાદ થી દિવાળીબેન ટ્રસ્ટની યુવા ટીમ સર્વેશ્રીઓ અમર પાડવી, ભાવેશ પટેલ, રોશની પાનવાલાના સહયોગથી આ મેળો સફળ બન્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતા પૂર્વક સીધા ચાલવાની કળા શીખો. આ બાબત તમારૂં પારિવારિક જીવન વધુ અર્થપૂર્ણ બનાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા નિર્ણયોમાં માતા-પિતાની મદદ તમને ખૂબ કામમાં આવશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો ત્યારે તેઓ પણ ખુશખુશાલ થઈ જશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે.

## માઉન્ટ એવરેસ્ટ પર ચઢવાનું સપનું થશે મોંઘુ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

નેપાળમાં માઉન્ટ એવરેસ્ટ પર ચઢવાનું પહેલેથી જ મોંઘુ સ્વપ્ન હવે પર્વતારોહકો માટે વધુ મોંઘુ બનવા જઈ રહ્યું છે. કારણ કે નેપાળ વિશ્વના સૌથી ઊંચા શિખર પર ચઢવા માટે રોયલ્ટીમાં ૩૫ ટકાથી વધુ વધારો કરવાની યોજના બનાવી રહ્યું છે. નેપાળના પ્રવાસન વિભાગના જણાવ્યા અનુસાર, ૮,૮૪૯-મીટર (૨૯,૦૩૨ ફૂટ) ઊંચા શિખર પર ચઢવા માટે જરૂરી પરમિટમાં ટૂંક સમયમાં લગભગ ૧૩ લાખ રૂપિયા (૧૫,૦૦૦ યુએસ ડોલર) ખર્ચ થશે, જે ૯.૫ લાખ રૂપિયાથી વધુ છે. આ ફી લગભગ એક દાયકાથી ૧૧,૦૦૦ રૂપિયાની ફી કરતાં ૩૬ ટકા વધારે છે. દરમિયાન, સપ્ટેમ્બર-નવેમ્બર અને ડિસેમ્બર-ફેબ્રુઆરી સીઝન દરમિયાન એકત્રિત થતી રોયલ્ટી પણ ૩૬ ટકા વધીને અનુક્રમે રૂ. ૬.૫ લાખ (૭,૫૦૦ ડોલર) અને રૂ. ૩.૨૩ લાખ (૩,૭૫૦ ડોલર) થશે.પ્રવાસન વિભાગના ડિરેક્ટર જનરલ નારાયણ પ્રસાદ રેગ્મીના જણાવ્યા અનુસાર, નવો દર સપ્ટેમ્બરથી અમલમાં આવશે અને લોકપ્રિય સાઉથ ઈસ્ટ રિજ પર એપ્રિલ-મે ક્લાઈમ્બિંગ સીઝન દરમિયાન લાગુ પડશે, જે સૌપ્રથમ ૧૯૯૦માં ચઢવામાં આવ્યો હતો. ૧૯૫૩માં ન્યુઝીલેન્ડના સર એડમંડ હિલેરી દ્વારા તેની શરૂઆત નેપાળી શેરપા તેનઝિંગ નોર્ગે દ્વારા કરવામાં આવી હતી. નેપાળમાં વિશ્વના ૧૪ સૌથી ઊંચા પર્વતોમાંથી આઠ આવેલા છે, જેમાં માઉન્ટ એવરેસ્ટનો પણ સમાવેશ થાય છે. દર વર્ષે સેંકડો પર્વતારોહકો અને અન્ય ઘણા લોકો હિમાલયના શિખરો પર ચઢવાનો પ્રયાસ કરવા માટે નેપાળ આવે છે. વિદેશી ક્લાઈમ્બર પરમિટ ફી અને અન્ય ખર્ચઓમાંથી થતી આવક એશિયાઈ દેશ માટે આવક અને રોજગારનો મુખ્ય સ્ત્રોત છે. નેપાળ દર વર્ષે એવરેસ્ટ અભિયાન માટે લગભગ ૩૦૦ પરમિટ જારી કરે છે.પર્વતારોહણ નિષ્ણાતો ઘણીવાર નેપાળની ટીકા કરે છે કે તે ઘણા બધા પર્વતારોહકોને એવરેસ્ટ પર ચઢવા દે છે અને તેને સ્વચ્છ રાખવા અથવા પર્વતારોહકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે કંઈ કરતું નથી. વધેલી પરમિટ ફીનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવશે તે જણાવવામાં આવ્યું નથી. એવું માનવામાં આવે છે કે વધારાના ભંડોળનો ઉપયોગ પર્યાવરણના રક્ષણ અને એવરેસ્ટ પર સલામતી સુધારવા માટે કોઈક રીતે કરવામાં આવશે. નેપાળમાં પર્વતારોહણ એક પ્રખ્યાત અને રોમાંચક સાહસિક પ્રવૃત્તિ છે જે વિશ્વભરના પર્વતારોહકોને આકર્ષે છે. નેપાળના હિમાલય પ્રદેશમાં ઘણા ઊંચા પર્વતો છે, જેમાં વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ (૮,૮૪૮ મીટર)નો સમાવેશ થાય છે, જે પર્વતારોહણ માટે આદર્શ સ્થાનો પૂરા પાડે છે. નેપાળમાં પર્વતારોહણનો અનુભવ માત્ર શારીરિક અને માનસિક રીતે પડકારજનક નથી, પરંતુ તે કુદરતી સૌંદર્ય અને સાંસ્કૃતિક અનુભવોથી પણ ભરપૂર છે.



નવી દિલ્હીમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ સાથે બેઠક કરી.

### ડોનાલ્ડ ટ્રમ્પને યુએસ કોર્ટનો મોટો ઝટકો

## જન્મજાત નાગરિકતા સમાપ્ત કરવાના આદેશ પર રોક લગાવી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

કોર્ટે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર રોક લગાવી દીધી છે, જેમાં તેમણે બર્થરાઈટ નાગરિકતા સમાપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ યુએસ બંધારણના ૧૪મા સુધારાનું ઉલ્લંઘન કરે છે, અને હવે તે કાનૂની લડાઈનો સામનો કરી રહ્યો છે.જન્મજાત નાગરિકતા અંગે ટ્રમ્પના નિર્ણય સામે ડેમોક્રેટના નેતૃત્વ હેઠળના ચાર રાજ્યોએ કોર્ટમાં અરજી કરી હતી. કેસની સુનાવણી બાદ, યુએસ ડિસ્ટ્રિક્ટ જજ જોન કોફનરે ટ્રમ્પને આ આદેશ લાગુ કરવાથી રોક્યા. એક આદેશમાં, કોર્ટે ટ્રમ્પના આદેશ પર અસ્થાયી રૂપે સ્ટે મૂક્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પનો આ આદેશ ૨૦ ફેબ્રુઆરીથી અમલમાં આવવાનો હતો, જ્યારે 'ગેરકાયદેસર' અમેરિકન નાગરિકતા ધરાવતા લોકો તેમની નાગરિકતા ગુમાવશે. ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડરને પડકારતી ડેમોક્રેટિક નેતૃત્વવાળા રાજ્યો અને નાગરિક અધિકાર જૂથો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ફેડરલ ન્યાયાધીશનો આ આદેશ આવ્યો. સોમવારે શપથ લીધા પછી, ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન એજન્સીઓને આદેશ આપ્યો હતો કે જે બાળકોની માતા કે પિતા અમેરિકન નાગરિક નથી તેમની નાગરિકતા સ્વીકારવામાં ન આવે.

### લોસ એન્જેલસની

## ઉત્તરે આવેલાં જંગલોમાં ૧૪ ટકા આગ પર કાબૂ મેળવાયો

। (એજન્સી) કાસ્ટેક, તા.૨૪ ।

લોસ એન્જેલસના ઉત્તરે આવેલા પહાડી વિસ્તારના જંગલોમાં ફાટી નીકળેલી આગથી વ્યાપક નુકસાન થયું છે. સત્તાવાળાએ ૫૦,૦૦૦થી વધુ લોકોને ઘર ખાલી કરવાનો આદેશ કે ચેતવણી આપ્યા છે. બુધવારે સવારે 'હ્યુજિસ ફાયર' ફાટી નીકળ્યું હતું અને એક દિવસથી પણ ઓછા સમયમાં તેણે ૪૧ ચોરસ કિમી. જમીનમાં આવેલા વૃક્ષોને નુકસાન પહોંચાડ્યું હતું. જોકે, રાહતની વાત એ હતી કે, આગ લાગી ત્યારે પવનની ગતિ બહુ ઝડપી ન હતી. તેને લીધે ફાયરબ્રિગેડ વિભાગ વિમાનમાંથી મોટા પાયે અગ્નિશામક કેમિકલ્સ છાંટી શક્યો હતો. ઉલ્લેખનાય છે કે, દરમિયાન લોસ એન્જેલસ અને વેન્ચુરા કાઉન્ટીમાં 'રેડ ફ્લેગ' વોર્નિંગ લંબાવાઈ છે હજુ ઈટોન અને પેલિસેડ્સની આગળ સતત ત્રીજા સપ્તાહે પણ ચાલુ છે. લોસ એન્જેલસ કાઉન્ટીના ફાયરબ્રિગેડ વડા એંથની મેરોને બુધવારે જણાવ્યું હતું કે, ''આપણે અત્યારે જે સ્થિતિમાં છીએ તે ૧૬ દિવસ પહેલાંના સમય કરતાં બહુ જુદી છે.'' દરમિયાન લોસ એન્જેલસ અને વેન્ચુરા કાઉન્ટીમાં શુક્રવારે સવારે ૧૦ વાગ્યા સુધી 'રેડ ફ્લેગ' વોર્નિંગ લંબાવાઈ છે. બુધવારે રાત સુધીમાં લગભગ ૧૪ ટકા 'હ્યુજિસ ફાયર' ફ્રુડપર કાબૂ મેળવી લેવાયો હતો.

### ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા મસ્જિદોનાં સ્પીકરો સામેની અરજી પર આદેશ

## લાઉડસ્પીકરનો ઉપયોગ કોઈપણ ધર્મનો આવશ્યક હિસ્સો નથીઃ બોમ્બે હાઈકોર્ટ

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

લાઉડસ્પીકરનો ઉપયોગ કોઈપણ ધર્મનો આવશ્યક હિસ્સો ન હોવાનું અવલોકન કરી બોમ્બે હાઈકોર્ટે ધ્વની પ્રદૂષણના ધોરણો અને નિયમોનું ઉલ્લંઘન કરતા લાઉડસ્પીકર્સ સામે તાત્કાલિક પગલાં લેવા માટે સત્તાવાળાને ગુરુવારે આદેશ આપ્યો હતો. અવાજના સ્તરને નિયંત્રિત કરવા માટે ઓટો-ડેસિબલ લિમિટ જેવા સાધનોનો ઉપયોગ કરવા માટે ધાર્મિક સંસ્થાઓને આદેશ આપવા માટે હાઈકોર્ટે રાજ્ય સરકારને તાકીદ પણ કરી હતી. જસ્ટિસ એ એસ ગડકરી અને એસ સી ચાંડકની બનેલી ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે અવાજનું પ્રદૂષણ આરોગ્ય માટે મોટું જોખમ છે અને કોઈ એવો દાવો કરી શકે નહીં કે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી ન આપવાથી તેમના અધિકારનો ભંગ થાય છે. મુંબઈના કુર્લાની બે હાઉસિંગ એસોસિએશનોએ દાખલ કરેલી અરજી પર હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો હતો. જાગો નેહરુ નગર રેસિડેન્ટ્સ વેલ્ફેર એસોસિએશન અને શિવસૃષ્ટિ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઝ એસોસિએશનને મસ્જિદો પર લગાવેલા લાઉડ સ્પીકરો દ્વારા થતા ધ્વનિ પ્રદૂષણ સામે પોલીસની નિષ્ક્રિયતાનો આરોપ મૂક્યો હતો. અરજદારોએ દલીલ કરી હતી કે 'અઝાન' જેવા ધાર્મિક હેતુઓ માટે લાઉડસ્પીકરના ઉપયોગથી શાંતિને ખલેલ પહોંચે છે અને ધ્વનિ પ્રદૂષણ (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) નિયમો, ૨૦૦૦, તેમજ પર્યાવરણ સુરક્ષા ધારા હેઠળની જોગવાઈઓનું ઉલ્લંઘન થાય છે.ખંડપીઠે તેના આદેશમાં જણાવ્યું હતું કે મુંબઈ એક કોસ્મોપોલિટન શહેર છે અને દેખીતી રીતે શહેરના દરેક વિસ્તારોમાં વિવિધ ધર્મના લોકો રહે છે.તે જાહેર હિતમાં છે કે આવી પરવાનગીઓ ન આપવી જોઈએ. આવી પરવાનગીઓને નકારવાથી ભારતના બંધારણની કલમ ૧૯ અથવા ૨૫ હેઠળના અધિકારોનું બિલકુલ ઉલ્લંઘન થતું નથી. લાઉડસ્પીકરનો ઉપયોગ એ કોઈપણ ધર્મનો આવશ્યક હિસ્સો નથી. કાયદાની જોગવાઈઓ દ્વારા નિર્ધારિત તમામ જરૂરી પગલાં અપનાવીને કાયદાનો અમલ કરવો તે રાજ્ય સરકાર અને અન્ય સત્તાવાળાની બંધનકર્તા ફરજ છે.

### સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં ખુલાસો

## પોલીસે હુમલામાં સામેલ ચાકૂનો ત્રીજો અને અંતિમ ટુકડો મેળવી લીધો

### સૈફઅલી પર હુમલો કર્યા બાદ આરોપીએ તે ફેંકી દીધું હતું : આ ઉપરાંત તેનું લાઈસન્સ પણ મળી આવ્યું છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

જાણીતા બોલીવુડ એક્ટર સૈફ અલી ખાન પર હાલમાં જ તેમના ઘરમાં જીવલેણ હુમલો થયો હતો જેમાં તેમને ગંભીર ઈજાઓ થઈ અને હોસ્પિટલમાં દાખલ થયા હતા. જો કે હવે તેમને હોસ્પિટલમાંથી રજા મળી ગઈ છે. સૈફ પર થયેલા હુમલાએ બધાને હચમચાવી દીધા હતા. બાન્દ્રા પોલીસે હુમલામાં સામેલ ચાકૂનો ત્રીજો અને અંતિમ ટુકડો જે ગાયબ થઈ ગયો હતો તે મેળવી લીધો છે. હુમલો કર્યા બાદ આરોપીએ તે ફેંકી દીધુ હતું. આ ઉપરાંત તેનું લાઈસન્સ પણ મળી આવ્યું છે. હુમલા બાદ ચાકૂનો આશરે ત્રણ ઈંચ જેટલો ટુકડો સૈફની પીઠમાં ફસાઈ ગયો હતો. જેને સર્જરી બાદ કાઢવામાં આવ્યો હતો. આ ઉપરાંત એક નાનો ટુકડો જેના પર લોહી લાગેલું હતું તે ઘટના બાદ કરાયેલા પંચનામા વખતે ઘરમાંથી મળ્યો અને હેન્ડલવાળો છેલ્લો ટુકડો તળાવ પાસેથી મળી આવ્યો. હુમલાનો સીન રિક્રિએટ કરવા માટે આરોપીને લઈને બાન્દ્રા પોલીસ સૈફના બિલ્ડિંગથી ૧.૪ કિમીના અંતરે આવેલા એક તળાવ પાસે તેને લઈને ગઈ. જ્યાં તેણે દેખાડ્યું કે ચાકૂ ફેંક્યા બાદ તે નેશનલ કોલેજની બહાર બસ સ્ટોપર જતા પહેલા ૬૫૦ મીટર પગપાળા ચાલીને લિંકિંગ રોડ પર એક રેસ્ટોરન્ટમાં ગયો જ્યાં તે સૂઈ ગયો. સવારે તે વરલી અને પછી થાણા જતા પહેલા સવારે ૮ વાગે દાદર માટે ટ્રેન પકડવા માટે બાન્દ્રા રેલવે સ્ટેશન જતો રહ્યો. આરોપીનું બાંગ્લાદેશ સંલગ્ન એક ડોક્યુમેન્ટ પણ સામે આવ્યો છે. આરોપી શરીફુલ ઈસ્લામનું બાંગ્લાદેશનું ડ્રાઈવિંગ લાઈસન્સ મળી આવ્યું છે.

### બજેટમાં જનતાને રાહતો આપવાની વિપક્ષની માગણી

## બેકારી, મોંઘવારીથી સામાન્ય લોકોનું જીવન દુષ્કર બન્યું છે

### સરકારની ખોટી નીતિઓને કારણે સતત વધતી જતી બેરોજગારી અને મોંઘવારીએ નીચલા અને મધ્યમ વર્ગના પરિવારોનું જીવન દુષ્કર બન્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દેશમાં મોંઘવારીથી રાહત આપે તેવા બજેટની જરૂર હોવાની માગણી કરીને કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે મોદી સરકારની ખોટી નીતિઓને કારણે સતત વધતી જતી બેરોજગારી અને મોંઘવારીએ નીચલા અને મધ્યમ વર્ગના પરિવારો માટે જીવન અત્યંત મુશ્કેલ બનાવી દીધું છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે X પર એક મીડિયા રિપોર્ટ શેર કર્યો હતો, જેમાં દાવો કરાયો હતો કે છેલ્લા ૧૦ વર્ષમાં કમરતોડ મોંઘવારીથી સામાન્ય લોકોના ખિસ્સા ખાલી થઈ ગયા છે. તેમણે જણાવ્યું હતું કે મોદાણી સરકારે છેલ્લા દસ વર્ષમાં માત્ર તેના ધનિક મિત્રોની જ કાળજી લીધી છે. સરકારની ખોટી નીતિઓને કારણે સતત વધતી જતી બેરોજગારી અને મોંઘવારીએ નીચલા અને મધ્યમ વર્ગના પરિવારોનું જીવન દુષ્કર બન્યું છે. દૂધ, લોટ, કઠોળ, પેટ્રોલ, ડીઝલ અને શાકભાજીના ભાવ આસમાનને આંબી રહ્યાં છે. દરેક ઘર પર EMI અને દૈનિક જરૂરિયાતોનો બોજ વધી રહ્યો છે. દેશને હવે એવા બજેટની જરૂર છે જે ફુગાવામાં રાહત આપે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે પણ મોદી સરકાર પર તેની આર્થિક નીતિઓ પર પ્રહારો કર્યા હતા અને ભારપૂર્વક જણાવ્યું હતું કે વાસ્તવિક વિકાસ ત્યારે થાય છે જ્યારે દરેક વ્યક્તિ પ્રગતિ કરે છે, બિઝનેસ માટે યોગ્ય વાતાવરણ હોય છે, ન્યાયી કર પ્રણાલી હોય છે અને કામદારોની આવક વધે છે. રાહુલ ગાંધીએ રવિવારે 'વ્હાઈટ ટી-શર્ટ મુવમેન્ટ' શરૂ કરવાની જાહેરાત કરી હતી.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વિકાસ મોડેલને લઈને પીએમ મોદી અને આપ સંયોજક અરવિંદ કેજરીવાલ પર પ્રહાર કર્યા છે.

# વિશેષ

### મેડિકલ ટૂરિઝમનું હબ બની રહી છે સિવિલ મેડિસિટી

## ૧૭મી ઇન્ડો-અમેરિકન બ્લેડર એસ્ટ્રોફી વર્કશોપમાં દેશ-વિદેશના ખ્યાતનામ ડોક્ટર્સે કરી ૧૮ દર્દીઓની જટિલ સર્જરી

### નેપાળ, બાંગ્લાદેશ જેવા દેશો તથા ભારતના ૧૨ રાજ્યોમાંથી આવેલા કુલ ૧૭૧ બાળ દર્દીઓની તપાસ તથા સારવાર કરવામાં આવી








। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદના આંગણે આવેલી એશિયાની સૌથી મોટી હોસ્પિટલ એવી સિવિલ મેડિસિટી આજે આરોગ્ય ક્ષેત્રે ઉચ્ચ ગુણવત્તાયુક્ત માપદંડો અને સ્ટેટ ઓફ ધ આર્ટ મેડીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના લીધે મેડિકલ ટૂરિઝમનું હબ બની રહી છે. જેના પરિણામે ગુજરાતમાં મેડિકલ ટૂરિઝમ અને મેડિકલ વેલ્યુ ટ્રાવેલમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. એ જ દિશામાં સિવિલ મેડિસિટીમાં ૧૭મી ઈન્ડો-અમેરિકન બ્લેડર એસ્ટ્રોફી વર્કશોપ યોજાઈ હતી. સાત દિવસીય વર્કશોપ માં પેશાબની કોથળીની જન્મજાત ખામી ધરાવતા બાળકોની મદદ માટે અમેરિકા, કેનેડા, સ્વિત્ઝર્લેન્ડ, કેન્યા, ઈજિપ્ત, રશિયા જેવા દેશોમાંથી બાળરોગ અને યુરોલોજી નિષ્ણાતો સિવિલ મેડીસિટીમાં એકત્રિત થયા હતા. વર્ષ ૨૦૦૯થી યોજાઈ રહેલી આ વર્કશોપ માં દેશ-વિદેશમાંથી દર્દીઓ અને આરોગ્ય નિષ્ણાતો ભાગ લેવા આવે છે. આ વર્ષે યોજાઈ રહેલી ૧૭મી વર્કશોપમાં નેપાળ, બાંગ્લાદેશ જેવા દેશો તથા ગુજરાત સહિત ભારતના ૧૨ રાજ્યોમાંથી આવેલા કુલ ૧૭૧ દર્દીઓની બ્લેડર એસ્ટ્રોફીની ખામીની તપાસ કરવામાં આવી હતી. અત્રે નોંધનીય બાબત એ પણ છે કે, આ બ્લેડર એસ્ટ્રોફીની સર્જરી અંદાજિત સાતથી આઠ કલાક ચાલતી હોય છે. આમ, લગભગ ૧૭૧ જેટલા બાળકોની આ વર્કશોપમાં તપાસ કરવામાં આવી હતી. તેમાંથી અત્યંત ગંભીર સમસ્યા ધરાવતા અને તાકીદે જરૂરિયાત હોય તેવા ૧૮ બાળકોની બ્લેડર એસ્ટ્રોફીની સર્જરી કરીને તેમને સમસ્યામાંથી ઉગારવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં વિવિધ સર્જન્સ, એનેસ્થેટિસ્ટ્સ, ફિઝિયોથેરાપિસ્ટ્સ, રેસીડેન્ટ ડોક્ટર્સ, નર્સિંગ ટીમ, રિસર્ચ ટીમ, સેવાભાવી સંસ્થાઓ અને નિરીક્ષણ સર્જનો સહિતના સભ્યોએ ભાગ લીધો હતો. દર્દીઓએ તેમના પરિવારો સાથે તપાસ, પરામર્શ અને સારવારના હેતુસર ભાગ લીધો હતો. સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડટ ડો. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, વર્કશોપમાં પ્રથમ બે દિવસ દર્દીઓની તપાસ, સઘન ફોલો-અપ અને ચર્ચા-સંવાદના સેશન યોજાયા હતા. બાકીના પાંચ દિવસ દરમિયાન લાંબી જટિલ રી-કન્સ્ટ્રક્ટિવ શસ્ત્રક્રિયાઓ પાર પાડવામાં આવી હતી. જેમાં મૂત્રાશયની એસ્ટ્રોફી/એપિસ્પેડિયાસ ધરાવતા બાળકોની જરૂરિયાત અનુસાર સારવાર અથવા ઓપરેશન કરવામાં આવનાર આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્કશોપના છેલ્લા પાંચ દિવસમાં દરરોજ વિવિધ પ્રકારની ૩ પડકારજનક સર્જરીઓ પૂર્ણ કરવામાં આવી હતી. ૪ આંતરરાષ્ટ્રીય દર્દીઓમાં નેપાળના ૧ અને બાંગ્લાદેશના ૩ દર્દીઓનો ઉપસ્થિત રહ્યા હતા. આ તદ્દન નવીન પ્રકારના વર્કશોપ ઉપક્રમમાં લાઈવ સર્જરીઝને કોન્ફરન્સ રૂમમાં જીવંત ચર્ચા સાથે પ્રસારિત કરવામાં આવે છે, જે ભાગ લેનાર બધા જ સર્જનો માટે એક ખૂબ જ મદદરૂપ ઉપક્રમ સાબિત થાય છે. નર્સિંગ ટીમ તમામ જટિલ સર્જરીઓ માટે જરૂરી પ્રી અને પોસ્ટ ઓપરેટિવ સંભાળની ખાતરી કરે છે, જ્યારે સંશોધન ટીમ અને સ્વયંસેવકો દર્દીઓના પરિવારોનું કાઉન્સેલિંગ કરીને તેમની પાસેથી મહત્વપૂર્ણ ડેટા એકત્ર કરીને તેમના મનોબળને મજબૂત બનાવવાનું કાર્ય કરે છે. સૌના સહિયારા પ્રયાસ થકી યોજાનાર આ વર્કશોપ દર્દીઓ સહિત સૌ માટે લાભદાયી સાબિત થયો હતો. વિશ્વભરના દર્દીઓને વિનામૂલ્યે મૂત્રાશયની એક્સ્ટ્રોફીની સર્વશ્રેષ્ઠ સારવાર પૂરો પાડનાર આ વર્કશોપ ખરાં અર્થમાં આવા દર્દીઓ માટે આશીર્વાદરૂપ બન્યો હતો.તથા રાજ્યમાં મેડિકલ ટૂરિઝમને વેગ આપવામાં આવા ઉપક્રમ મહત્વપૂર્ણ સાબિત થશે.

# ધંધુકાની કિકાણી કોલેજ ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી અંગે રિયલ ટાઇમ રિહર્સલ યોજાયું

| અમદાવાદ, તા.૨૪ |

દેશના ૭૬મા પ્રજાસત્તાક પર્વની અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી રવિવારે સવારે ૯ વાગ્યે ધંધુકાની કિકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ખાતે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં યોજાનાર છે, ત્યારે આજે કૉલેજના પટાંગણમાં રિયલ ટાઈમ રિહર્સલ યોજાયું હતું. જેમાં અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે તથા ગ્રામ્ય પોલીસવડા શ્રી ઓમપ્રકાશ જાટે પરેડ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિરીક્ષણ કર્યું હતું તેમજ આવશ્યક સૂચનો કર્યા હતા. આજના રિહર્સલમાં અમદાવાદ જિલ્લા પોલીસ તથા હોમગાર્ડના જવાનો દ્વારા અનુશાસનબદ્ધ પરેડ રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ અમદાવાદ જિલ્લાની વિવિધ સંસ્થાઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાહસ અને શૌર્યથી ભરપૂર સાંસ્કૃતિક કૃતિઓ તથા સાયબર સુરક્ષા જેવા સાંપ્રત વિષયો પર આધારિત નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ દ્વારા યોગનું મહત્ત્વ સમજાવી, સૂર્યનમસ્કાર તથા યોગ નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ તકે અધિક નિવાસી કલેક્ટર શ્રી ભાવિન સાગર, ધંધુકા પ્રાંત અધિકારીશ્રી વિદ્યાસાગર, બાવળાના પ્રાંત અધિકારીશ્રી હિતેષ જોશી, ધંધુકા મામલતદારશ્રી વિજય ડાભી, તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણીની પૂર્વતૈયારીઓને આખરી ઓપ આપ્યો હતો.





## ન્યૂઝ બ્રિફ

### કાયદા વિભાગની સત્તામાં ઘટાડો કરવામાં આવ્યો

| (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ |

રાજ્યના કાયદા વિભાગની સત્તામાં ઘટાડો કરાયો હોય તેમ રાજ્યની અલગ અલગ અદાલતોમાં ચાલતા ફોજદારી કેસમાં સરકારી વકીલની સેવા ગૃહ વિભાગ હસ્તક સોંપી દેવાઈ છે. એક મહત્વપૂર્ણ વહીવટી નિર્ણયમાં રાજ્ય સરકારે બુધવારે રાજ્યભરની તમામ અદાલતોમાં ફોજદારી કેસોમાં કાર્યવાહી સંબંધિત તમામ બાબતો રાજ્યના કાનૂની વિભાગથી ગૃહ વિભાગને સોંપી દીધી છે. આ નિર્ણય સાથે, જિલ્લા અદાલતો અને ગુજરાત હાઈકોર્ટ સહિત તમામ અદાલતોમાં સરકારી વકીલોની સેવાઓનું નિયમન કરવાનું મહત્વપૂર્ણ કાર્ય હવેથી રાજ્યના ગૃહ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવશે. સરકારી વકીલો અને સહાયક/વધારાના સરકારી વકીલોની નિમણૂક ઉપરાંત, ખાસ સરકારી વકીલોની નિમણૂક પણ ગૃહ વિભાગ દ્વારા સંચાલિત કરવામાં આવશે. આમ ગૃહ વિભાગ, જે મુખ્યત્વે પોલીસ સેવાઓનું સંચાલન કરે છે તે ફોજદારી કેસોમાં કોર્ટ કાર્યવાહીના પાસાંનું પણ સંચાલન કરશે, જેની તપાસ પોલીસ એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. એક ઠરાવમાં રાજ્યના કાનૂની વિભાગે જણાવ્યું છે કે તેમને રાજ્ય સરકાર તરફથી આદેશ મળ્યો છે કે કાનૂની વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની બધી શાખાઓ જે અત્યાર સુધી ફોજદારી કાર્યવાહીનું ધ્યાન રાખી રહી છે તેમને રાજ્યના ગૃહ વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. તેમાં જણાવાયું છે કે જિલ્લાઓમાં ફોજદારી કેસોનું ધ્યાન રાખતી ઈ-૧ શાખા તેને ફાળવવામાં આવેલા વિષયો, રેકોર્ડ, રજિસ્ટ્રાર અને સ્ટાફને રાજ્યના ગૃહ વિભાગને ટ્રાન્સફર કરશે.

### રાજકોટમાં ઓનલાઈન ગેમનો ચસ્કો યુવાનને પડ્યો ભારે

| (એજન્સી) રાજકોટ, તા.૨૪ |

રાજકોટમાં એસ્ટ્રોનના નાલા નજીકની ચિત્રકૂટધામ સોસાયટી શેરી નં.૨માં આવેલા ભાડાના ફલેટમાં રહેતાં મૂળ જામકંડોરણાના નિકુંજ જેરામભાઈ કથીરિયા નામના ૩૬ વર્ષના એમઆર યુવાને ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઓનલાઈન ગેમમાં નાણાં ગુમાવતાં આર્થિક ભીંસમાં સપડાઈ જતાં આ પગલું ભરી લીધાનું ચિંતાજનક કારણ બહાર આવ્યું છે.માલવીયાનગર પોલીસની તપાસમાં ખુલ્યું છે કે નિકુંજભાઈ છેલ્લા એક વર્ષથી ભાડાના ફલેટમાં રહી એમઆર તરીકે નોકરી કરતા હતા. ગઈકાલે તેણે એમઆર મિત્રને લોનની જરૂર છે તેમ કહ્યું હતું. ત્યાર પછી તે એમઆર મિત્ર અને બીજો એમઆર મિત્ર ભેગા થયા હતા. બંને એસ્ટ્રોન ચોક નજીક હતા ત્યારે નિકુંજને કોલ કર્યો હતો. પરંતુ તેણે કોલ રીસીવ કર્યો ન હતો. આ પછી બંને તેની સોસાયટીમાંથી પસાર થતાં નિકુંજનું બાઈક જોઈ તેના ફલેટે ગયા હતા.પરંતુ ઘણીવાર પછી પણ દરવાજો નહીં ખુલતાં દરવાજાની તિરાડમાંથી જોતાં નિકુંજ પંખા સાથે ચાદર બાંધી લટકતો જોવા મળ્યો હતો. જેથી ૧૦૮ને જાણ કરી હતી. ત્યાર પછી પોલીસ કન્ટ્રોલ રૂમમાં પણ કોલ કર્યો હતો. પોલીસે ફલેટનો દરવાજો તોડી અંદર જઈ જરૂરી કાર્યવાહી બાદ નિકુંજના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.પોલીસને વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે નિકુંજના ત્રણ વર્ષ પહેલા છૂટાછેડા થઈ ગયા હતા. બે ભાઈ અને એક બહેનમાં નાનો હતો. ઘણાં સમયથી ઓનલાઈન ગેમ રમતો હતો. તેમાં નાણાં ગુમાવતા આર્થિક ભીંસમાં આવી આ પગલું ભરી લીધું હતું. જેની ખરાઈ કરવા પોલીસ તજવીજ કરી રહી છે.

## આ ચુકાદા સાથે જ રાજ્ય સરકારની મોટી જીત થઇ

# ભાષાકીય-ધાર્મિક લઘુમતી શાળાઓની રિટ ફગાવાઈ

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કાયદાના સુધારાને પડકારતી રિટમાં ચુકાદો

| (એજન્સી) અમદાવાદ, તા.૨૪ |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૨૦૨૧ અન્વયે ભાષાકીય અને ધાર્મિક લઘુમતી શાળાઓમાં શિક્ષક અને આચાર્યની ભરતી માટે કેન્દ્રિય પ્રક્રિયા અપનાવવા માટે કરાયેલા સુધારાને પડકારતી રિટ પિટિશન હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે ગુરુવારે ખુલ્લી અદાલતમાં ચુકાદો જાહેર કરતાં કહ્યું હતું કે,'આ મામલે કરવામાં આવેલી તમામ રિટ પિટિશનો રદબાતલ કરવામાં આવે છે.' આ ચુકાદા સાથે જ રાજ્ય સરકારની મોટી જીત થઈ છે. આ કેસમાં સુનાવણી દરમિયાન અરજદારોએ દલીલ કરી હતી કે તેઓ સુધારાને પડકારી રહ્યા છે કારણ કે તે બંધારણની કલમ ૩૦ હેઠળના તેમના અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

જે લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને સંચાલનના અધિકારથી સંબંધિત છે. રાજ્ય શિક્ષકો માટે લાયકાત નિર્ધારિત કરતા નિયમો બનાવી શકે છે પરંતુ જ્યાં સુધી ભરતીનો સંબંધ છે તે મામલે 'લઘુમતી સંસ્થાનો સંપૂર્ણ અધિકાર' છે. અલબત્ત ભરતી પામનારા ઉમેદવારો યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિઓ હોવા જોઈએ.' કાયદામાં સુધારા પછી રાજ્ય સરકાર દ્વારા લઘુમતી શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની પસંદગીને લગતા કેટલાક નિયમો નિર્ધારિત કરવામાં આવ્યા હતા. આ નિયમોને પણ અરજદારોએ રિટ પિટિશનમાં પડકાર્યા હતા. બીજી તરફ રાજ્ય સરકારે દલીલ કરી હતી કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કાયદામાં થયેલા સુધારાઓ લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓના પોતાને સંચાલિત કરવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરતા નથી, પરંતુ સરકારનો આ સુધારા થકી 'મેરિટ આધારિત પસંદગી માટે ન્યાયી અને પારદર્શક પ્રક્રિયા' સુનિશ્ચિત કરવાનો હેતુ છે. આ તમામ શાળાઓને સેલેરી અને મેઈન્ટેનન્સ ગ્રાન્ટ આપવામાં આવે છે. કાયદા હેઠળના નિયમો મેનેજમેન્ટ કમિટીની રચનાના અધિકાર સાથે ચેડાં કરતા નથી અને કલમ ૩૦ હેઠળ લઘુમતીઓનો શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો મૂળભૂત અધિકાર સંપૂર્ણ નથી, પરંતુ વાજબી નિયમોને આધીન જ એ થઈ શકે છે.'રાજ્ય વિધાનસભાએ માર્ચ ૨૦૨૧માં આ કાયદો પસાર કર્યો હતો જે તે જ વર્ષે જૂનમાં અમલી બન્યો હતો.

## સુરતમાં ચોંકાવનારી ઘટના

# એક વર્ષની બહેનનું મોઢું દબાવી ૧૩ વર્ષના ભાઈએ હત્યા કરી

### બહેન સતત રડતી હતી એટલે અકળાયેલા ભાઈએ ઓશિકાથી નાનકડી બહેનનું મોઢુ દબાવી ગુંગળાવી મારી નાંખી

| (એજન્સી) સુરત, તા.૨૪ |

સુરતમાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. મસિયાઈ ભાઈએ પોતાની એક વર્ષની બહેનની હત્યા કરી નાંખી છે. એક વર્ષની બાળકી સતત રડી રહી હતી, રડવાના અવાજથી કંટાળી ૧૩ વર્ષના કિશોરે તેના મોઢે ઓશીકું દબાવી તેની હત્યા કરી દીધી હતી. નાના બાળકો આત્મહત્યા અને હત્યા કરવા સુધી પહોંચી જતા હોવાની સતત સામે આવી રહેલી ઘટનાઓને બાળ માનસના અભ્યાસુઓ સમાજ માટે ગંભીર સંકેત ગણાવી રહ્યાં છેસુરત શહેરના નાનપુરા વિસ્તારમાં બારાહજારી મહોલ્લામાં ૧૩ વર્ષનો કિશોર એક વર્ષ પહેલાં મુંબઈથી માસીના ઘરે રહેવા આવ્યો હતો. માસીની એક વર્ષની દીકરી હતી. ઘરમાં આ મસિયાઈ બહેન કોઈક કારણોસર સતત રડતી હતી. બહેનના રડવાના અવાજથી કંટાળી કિશોરે ઓશિકાથી બહેનનું મોઢું દબાવી દીધું હતું. ફૂલ જેવી બાળકીનું શ્વાસ રૂંધાતા નિપજ્યું હતું.એકાએક બાળકીનું મોત થતાં તેના મોતનું કારણ જાણવા મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પોર્સ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં બાળકીનું મોત ગૂંગળામણના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું. એટલે પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી તેમાં સામે આવ્યું હતું કે, બાળકીની હત્યા થઈ છે. ઘરે ફક્ત ૧૩ વર્ષનો કિશોર અને આ બાળકી જ હાજર હતાં. આ દરમિયાન બાળકી ખૂબ જ રડી રહી હતી, જેનાથી કંટાળીને કિશોરે બાળકીનું મોઢું ઓશીકાંથી દબાવી દીધું અને શ્વાસ રૂંધાતા તેનું મોત નિપજ્યું હતું. આવો ચોંકાવનારો ખુલાસો થતાં પોલીસના પગ તળેથી પણ જમીન સરકી ગઈ હતી. ઘટના સંદર્ભે પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને કસ્ટડીમાં લેતા પરિવારે કલ્પાંત કરી ગુનો નહીં દાખલ કરવા આજીજી કરી હતી પરંતુ પોલીસે ગંભીર ગુના અંગે સાપરાધ મનુષ્ય વધનો ગુનો દાખલ કરી કિશોરને જુવેનાઈલ હોમમાં મોકલ્યો હતો.બાળ માનસ ઉપર અભ્યાસ કરતાં સાયકોલોજીસ્ટ દર્શિત શાહ કહે છે કે, નાના બાળકો આત્મહત્યા કે હત્યા કરવા સુધી પહોંચી જાય છે, તેવી ઘટનાઓ છેલ્લા નજીકના ભૂતકાળમાં સતત સામે આવી રહી છે. આ બાબત ખૂબ ગંભીર સંકેત આપી રહી છે. સમતા, સહનશીલતા જેવા ગુણ બાળકોમાં વિકસાવવામાં મોટી ઉણપ હોય તેવું જણાય છે. તેની પાછળ સમૂહમાં શારિરીક રમતો રમવાનું બંધ થવું, સોશ્યલ મિડીયા, ખૂબ ઝડપથી બદલાઈ રહેલી સામાજિક સ્થિતી જેવા ઘણા કારણો માની શકાય તેમ છે.

## પોસ્ટમોર્ટમ બાદ કરાયા અંતિમ સંસ્કાર

# ચાણોદ રેલવે ફાટક પાસે ટ્રેનની અડફેટે દીપડીનું મોત

| (એજન્સી) વડોદરા, તા.૨૪ |

વડોદરા જિલ્લાના ચાંણોદ રેલ્વે ફાટક પર ટ્રેનની અડફેટે એક દીપડીનું મોત નિપજ્યું હતું. વન વિભાગે મૃતદેહનો કબજો લઇ પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ નિયમ મુજબ દીપડીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ ઘટનાએ પંથકમાં ચકચાર જગાવી મૂકી છે.પ્રાપ્ત માહિતી અનુસાર ડભોઈ તાલુકાના ચાણોદ નજીક ઓરસંગ ગામડી અને ભાલોદ્રા ગામડી વચ્ચે રેલવે બ્રિજ આવેલો છે. શિકારની શોધમાં માનવ વસ્તી તરફ આવી ગયેલી દીપડી પસાર થતી ટ્રેનની અડફેટે આવી જતાં મોતને ભેટી હતી. સવારે આ ઘટના અંગે સ્થાનિક લોકોએ ફોરેસ્ટ વિભાગને જાણ કરતાં ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃત દીપડીનો કબજો લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વન વિભાગ દ્વારા દીપડીના મૃતદેહને પી.એમ માટે ડભોઈ પશુ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો.

# વહેલી પરોઢે ફૂલગુલાબી ઠંડી, બપોરે સામાન્ય ગરમી

| (એજન્સી) અમદાવાદ, તા.૨૪ |

સમગ્ર રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ અને લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર વધારો-ઘટાડો થઈ રહ્યો છે. જેના કારણે બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યના વિવિધ શહેરના લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહે છે જ્યારે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીની આસપાસ રહેતા સવારે ઠંડક, બપોરે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આમ બેવડી ઋતુને કારણે લોકો વાઈરલ ઈન્ફેક્શનના શિકાર બન્યા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીની આસપાસ જ્યારે મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

## ખેડૂતને ડીએપી ખાતર ખરીદવું મોંઘુ પડ્યુ

# રાજકોટમાં રાજપરાના ખેડૂતના ખાતરમાંથી નીકળ્યા કાંકરા અને પથ્થર

### ખેડૂતે જામકંડોરણાના મધુવન એગ્રો પેઢીમાંથી ખાતર લીધું હતું

| (એજન્સી) રાજકોટ, તા.૨૪ |

રાજકોટના રાજપરાના ખેડૂતને ડીએપી ખાતર ખરીદવું મોંઘુ પડ્યુ છે. ખેડૂતને જાણે ખાતર ખરીદવા થવા જતાં ખાતર પડ્યું હોય તેવો અનુભવ થયો છે. રાજપરાના ખેડૂતે ડીએપી ખાતર ખરીદ્યુ હતુ અને તેમા ખાતરની થેલીમાં કાંકરા અને પથ્થર નીકળ્યા છે. ખેડૂતે જામકંડોરણાના મધુવન એગ્રો પેઢીમાંથી ખાતર લીધું હતું. એકબાજુએ ખેડૂતો ખાતર-બિયારણના વધતા ભાવથી હેરાન પરેશાન છે, જ્યારે બીજી તરફ ખેડૂતોએ ખરીદેલા ખાતરમાંથી કાંકરા નીકળે છે. એગ્રો એજન્સીમાં ફોન કરતા સંચાલકે ખાતર બદલી આપવાની તૈયારી બતાવી હતી. ખેડૂતે પોતાની સાથે અન્યાય થયો હોવાથી સેમ્પલની માંગ કરી હતી. ખેતીવાડી અધિકારી અને તાલુકા મામલતદારને આ અંગે ફરિયાદ કરવામાં આવી છે. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કોર્પોરેશનના અધિકારીઓને આ અંગે જાણ કરવામાં આવી છે. એગ્રો કંપનીને સેમ્પલ લેવા તેમજ બાકીનો જથ્થો ન વેચવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ખાતરની હવે ચકાસણી કરવામાં આવશે. ખાતરમાં આ રીતે કાંકરા અને પથ્થર ક્યાંથી આવ્યા તે શોધવામાં આવશે. હાલમાં તો ડીએપી ખાતર ખરીદનારા ખેડૂતોના નસીબમાં જાણે પથરા લખાયા હોય તેવી પરિસ્થિતિ છે. આવું તો કેટલીય જગ્યાએ થતું હશે અને ખેડૂતોની ફરિયાદ પણ કાને ધરવામાં આવતી નહી હોય. આ દર્શાવે છે કે ખેડૂત આ બધા પ્રકારની પરેશાનીઓથી ન કંટાળીને આત્મહત્યા ન કરે તો શું કરે. તે ખેતી કરે કે આ પ્રકારની હડસેલા ખાય. તંત્ર આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરે તેવી ખેડૂતોની રાવ છે, જેથી ખેડૂતોને ન્યાય મળે. તેની સાથે ખેડૂતોને ખાતર પૂરુ પાડવામાં આવે તેવી પણ વિનંતી છે.

## ઝાલોદ એ.પી.એમ.સી સભાખંડ ખાતે વર્ક ઓડરો એનાયત કરવામાં આવ્યા

# ધારાસભ્ય મહેશભાઈ ભુરિયા દ્વારા અંદાજીત ૧૩.૦૫ કરોડના ખર્ચે વિકાસના કામોના વર્કઓડરો વિતરણ કર્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ |

ઝાલોદ ૧૩૦ વિઅધનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ ભુરિયા દ્વારા પ્રધાનમંત્રી આદિ આદર્શ ગામ યોજના હેઠળ સો ટકા ખાસ કેન્દ્રીય સહાય અંતર્ગત ઝાલોદ તાલુકામાં સીસી રસ્તાઓની ૫૪ ગામના વિકાસના ૧૦૭ કામો માટે ૩,૧૧,૦૦,૦૦૦/- (અંકે ત્રણ કરોડ અગિયાર લાખ પુરા) વહીવટી મંજૂરીના હુકમો ના વર્ક ઓર્ડર વિતરણ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ ભુરીયા વરદ હસ્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમજ પ્રધાનમંત્રી આદર્શ ગામ યોજના અંતર્ગત નવીન ક્લાસરૂમ પ્રાથમિક શાળા ના વહીવટી હુકમો ૨,૪૦,૭૬૦૦૦/- (અંકે બે કરોડ ચાલીસ લાખ છોત્તેર હજાર પુરા ) એજન્સીઓને વિતરણ કરવામાં આવેલ તેમજ નવીન નંદ ઘર આંગણવાડી કેન્દ્રોના ૪૮ જેટલા નવીન નંદઘરો બનાવવા માટે ૫,૭૬,૪૧૦૦૦/- (અંકે પાંચ કરોડ છોત્તેર લાખ એકતાલીશ હજાર પુરા) વર્ક ઓર્ડરો એજન્સી ઓને આપવામાં આવ્યા હતા. તથા મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ નવીન નંદઘરના બાંધકામ માટે ૧,૭૭,૦૦,૦૦૦/- (એક કરોડ સત્યુંતેર લાખ પુરા) વર્ક ઓર્ડરો એજન્સીઓને બાંધકામ કરવા હુકમો આપવામાં આવેલ છે. આમ કુલ મળી ઝાલોદ તાલુકાના વિવિધ ગામોમાં વિકાસ માટે કુલ:-૧૩,૦૫,૧૭૦૦૦/ (અંકે તેર કરોડ પાંચ લાખ સત્તર હજાર પુરા.)વહીવટી હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ઝાલોદ ની સભાખંડમાં ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા ના વરદ હસ્તે તાલુકા વિકાસ અધિકારી, તલાટી ક્મમંત્રીશ્રી, વહીવટદારશ્રી, સરપંચશ્રીઓ, તાલુકા સભ્યશ્રીઓ, જિલ્લા સભ્યોની ઉપસ્થિતિમાં વર્કઓર્ડરો વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## જાહેર નોટીસ

અમારા અસીલો શ્રીમતી વર્ષાબહેન મુરારીભાઈ કવીશ્વર તથા શ્રી મુરારીભાઈ નિકેતન કવીશ્વરની સુચનાથી જણાવીએ છીએ કે બેન્ક ઓફ બરોડા દ્વારા શ્રી એ.એન. વોરા, ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, મેટ્રો કોર્ટ, અમદાવાદ સમક્ષ કરવામાં આવેલ સરફેસીના કાયદાની કલમ-૧૪ હેઠળની અરજી CRMAJ/1851/2020 માં બેન્કે જે ગીરો દસ્તાવેજો ઉપર આધાર રાખ્યો છે તેને શ્રી એ.એન. વોરાના પુરોગામીએ તા.૯/૨/૨૦૧૮ના હુકમથી અસલ દસ્તાવેજો કોર્ટ સમક્ષ રજુ કરવા આદેશ કર્યો છે કે જેથી તે ઉપર ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી રૂા. ૧,૨૮,૧૮૫/- ન ભરવાને કારણે તેને જપ્ત કરી શકાય. આ દસ્તાવેજો રજુ ન કરવાને કારણે બેન્કના અધિકારીઓ વિરુદ્ધ CRMAJ/1408/2018 ની કોર્ટની અવમાનનાની અરજી પણ શ્રી વોરા સમક્ષ પડતર છે. મિલકતનો સાંકેતિક કબજો લેવા માટે અન્ય અવમાનનાની અરજી CRMAJ/659/2020 તથા હરાજી દ્વારા વેચવાનો પ્રયાસ કરવા માટે અવમાનનાની અરજી CRMAJ/12621/2023 પણ શ્રી વોરા સમક્ષ પડતર છે વળી, હાઈકોર્ટ સમક્ષ પડતર અવમાનનાની અરજી CRMA/315/2014 માં કરવામાં આવેલ અરજી CRMA/1/2020 નો, તત્કાલીન રજીસ્ટ્રાર જનરલ શ્રી ડી.એ. જોષી દ્વારા અયોગ્ય અને ગેરકાયદેસર નિકાલ કરવા માટે શ્રી વોરા સમક્ષ શ્રી જોષી દ્વારા થયેલ કોર્ટની અવમાનનાની અરજી CRMAJ/1481/2024 પણ પડતર છે અવમાનનાની કોઈ પણ અરજીનો નિકાલ કર્યા સિવાય બેન્કની અરજી CRMAJ/1851/2020 નો નિકાલ, બેન્કની તરફેણમા કરી નાંખવાના આશયથી શ્રી વોરાએ ફક્ત CRMAJ/1851/2020 ની સુનાવણી તા.૨૭/૧/૨૦૨૫ના રોજ અને અમારા અસીલની તમામ અવમાનનાની અરજીઓની સુનાવણી તા.૩૧/૧/૨૦૨૫ ના રોજ રાખતા અમારા અસીલોએ શ્રી વોરા વિરુદ્ધ તા.૧૭/૧/૨૦૨૫ની ફરીયાદ એસીબી, અમદાવાદને કરેલ છે અને ભા. ન્યા. સં. હેઠળના ગુનાઓ માટે શ્રી વોરા વિરુદ્ધ કાર્યવાહી કરવા મા. મુખ્યમંત્રીશ્રીની પરવાનગી માંગેલ છે. અમારા અસીલોને ડર છે કે જ્ઞાતિના એક ટ્રસ્ટના પ્રમુખ શ્રી આપ્લેશભાઈ મહેતા દ્વારા તેમના પુરોગામી શ્રી ઉદયભાઈ માલવીના મત પ્રમાણે આ મિલકતમાં ટ્રસ્ટની ઓફીસ કરવા, શ્રી વોરા સાથે મેળાપીપણામાં આ કૃત્ય કરવામાં આવ્યું છે. શ્રી ઉદયભાઈ માલવીને નાણાંકીય મદદ જ્ઞાતિના શ્રી પાર્થિવભાઈ અધ્યારુ દ્વારા કરવામાં આવી છે, તેવો પણ ડર અમારા અસીલોને છે. આ તમામ બાબતોમાં અમારા અસીલો યોગ્ય કાર્યવાહી કરી રહ્યા છે તેની લાગતા વળગતા સૌ ધ્યાનમાં લે.

અમદાવાદ
તા. ૨૪/૦૧/૨૦૨૫

દેવેશ ભટ્ટ, એડવોકેટ
૩૦૩, જે - બ્લોક, સનસીટી,
સેક્ટર-૧, સાઉથ બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૭
ટે.નં. ૮૫૧૧૪૪૬૪૩૦





